
ઉપનિષદ વાહિની

# 卐 પ્રસાદી 卐


૧ ભગવાન શ્રી સત્ય સાઈબાબા ...... ...... ...... ...... ...... ...... ...... ...... ......૦૪

૨ ઈશાવાસ્યોપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ........૦૮

૩ કઠોપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... .....૧૨

૪ મુંડક ઉપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ......૧૭

૫ માંડુક્ય ઉપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ....૨૧

૬ બૃહદારણ્યક ઉપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...૨૬

૭ પ્રશ્નોપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ....૩૩

૮ કેનોપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... .....૩૮

૯ છાંદોગ્ય ઉપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... .૪૨

૧૦ ઐતરેય ઉપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ......૪૮

૧૧ તૈતરિય ઉપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ......૫૨

૧૨ બ્રહ્માનુભવ ઉપનિષદ ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... ...... .૫૭

**પ્રિય પાઠક,**

વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના જીવનમાં **સત્ય**, ન્યાય, શાંતિ અને પ્રેમનાં સંસ્થાપન કરવા માટે, આધ્યાત્મિક પોષણ અને માર્ગદર્શન કરવા ભગવાન શ્રી શ્રી સત્યસાઈબાબા માનવોની મધ્યમા આવ્યા છે. આ મહાકાર્ય માટે તેઓ ધર્મ અને વિજ્ઞાનના પ્રાચીન અને આધુનીક સાધનોનો સદુપયોગ કરે છે. ભૌતિક અને આધ્યાત્મિક વિજ્ઞાનના સંશોધન ઉપરનાં સંપૂર્ણ વિધાનો નીરૂપણો ભરેલાં તેમનાં લખાણે પ્રવચનો અને વાર્તાલાપો સચોટ સત્ય હોય છે અને સંદેહ નિવારક હોય છે.

આ પુસ્તકમાં અંગ્રેજીમાં તેમના લેખો (જે સનાતન સારથીમાં પ્રથમ તેલુગુ ભાષામાં પ્રસિદ્ધ થયા હતા) તે દશ ઉપનિષદોનાં વર્ણનો છે. (આ ઉપનિષદો એટલે આધ્યાત્મિક શિસ્ત અને આધ્યાત્મિક સાહસોનાં ઉમદા પરિણામરૂપી ફળોને લગતાં અમુલ્ય પુસ્તકો છે.) આ પુસ્તકમાં ભગવાનની અપરિમીત દયા, જે આપણને ક્ષુદ્રતાઓમાંથી બચાવી લેવા ભગવાનને પ્રેરીત કરે છે. જે દયા આપણને આપણા જીવનધ્યેયને પહોચીએ ત્યાં સુધી, આપણને માર્ગદર્શન કરવા ભગવાન પરવશ કરે છે, તે દયાનાં દર્શન થાય છે.

ભૂતકાળમાં થઈ ગએલા સંત સાધુઓએ શોધી કાઢેલા માર્ગ પર આપણને પગલા પાડતા કરવા માટે, તેઓએ પ્રાપ્ત કરેલા પ્રકાશ અને તેઓના સંદેશના સન્માન કરવા પ્રેરણા આપવા માટે અને આપણી ભ્રમણાનો વિનાશ કરે તેવી જ્ઞાન જ્યોતી આપણી અંદર ચેતવવા માટે ભગવાન તેમના પરમપ્રેમ દ્વારા આ પુસ્તકમાં પોતાનું કાર્ય કરી રહ્યા છે.

આપણે સંપૂર્ણ સંભાળથી તેને વાંચીશું - આપણા હૃદયની પ્રશાંત અવસ્થામાં જીજ્ઞાસાપૂર્ણ તેનું મનન કરીશું અને આપણા પ્રત્યેક વિચાર -તરંગમાં જીભના પ્રત્યેક (Tift of Tongue) વળાંકમાં અને પ્રત્યેક કાર્યના અંશમાં શ્રદ્ધા અને વિનય સાથે તેનું નિદિધ્યાસન કરશું.

પ્રશાંતિ નિલયમ
૨૧ - ૪ - ૬૮

**એન. કસ્તુરી**

# ઉપનિષદવાહિની

# ૧

# ભગવાન શ્રી સત્ય સાઈબાબા

મુખ્યત્વે માનવ દિવ્ય છે - તે છતાં તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનાં પાંચ તત્ત્વોની વિશિષ્ટતાથી ઘેરાયેલો હોઇ, માનવ પોતાને વ્યક્તિગત, મર્યાદિત અને અશાશ્વત માને છે. આ ભ્રાંતિને લઇને સુખ-દુઃખ, સારું-ખરાબ અને જન્મ - મરણના દ્વંદ્વો સરજાય છે. આ પંચ તત્ત્વોના સંગથી છટકીને બચી જવું, તેનાં લાક્ષણિક પ્રવાહના ખેંચાણ હટાવવાં, એ છે મૂક્તિનું લક્ષણ સંસ્કૃતમાં તેને કૈવલ્ય - મોક્ષ અથવા મૂક્તિ કહે છે, નામો બદલાય પણ લક્ષ્ય એક જ છે .

પાંચેય તત્ત્વોમાં ફસાયેલો માનવ તેનાથી આકર્ષાય છે. ભ્રમચિત, પાગલ બને છે અથવા નિરાશ બને છે. આ તમામ ત્રાસદાયક બને છે. સંપતિ, સમૃદ્ધિ, વાહન અને મહાલયો, આ તમામ પંચતત્ત્વોનાં રૂપાંતરો છે. માનવ આ બધી વસ્તુઓ માટે તલસે છે. જ્યારે તે ગુમાવે છે કે મેળવી શક્તો નથી ત્યારે તેને તે તિરસ્કાર કરે છે.

આ પાંચ તત્ત્વોનો આપણે એક પછી એક એમ વિચાર કરીએ. જીવંત પ્રાણીઓ માટે પૃથ્વીતત્વ જે પહેલું તત્વ છે - તે તેના પાયારૂપ છે. જલતત્વ બીજું છે - તે પૃથ્વીનો આધાર છે. જલતત્વ અગ્નિમાંથી પ્રગટ થાય છે. અગ્નિ ત્રીજું તત્વ છે. અગ્નિતત્વ વાયુમાંથી પ્રગટે છે. વાયુતત્વ ચોથું તત્વ છે અને વાયુ ઉદભવે છે. આકાશમાંથી આકાશ પ્રગટે છે મૂળભૂત પ્રકૃતિથી અને મૂળ પ્રકૃતિ પરમાત્મા – સર્વેશ્વર - ભગવાનની વિભૂતિની અવસ્થાનો એક આવિર્ભાવ જ છે.

વિશ્વના સારતત્વ અને ઉદગમસ્થાન એવા પરમાત્માની પ્રાપ્તિ શોધનાર વ્યક્તિ અગર જીવ, જે પાંચ તત્વોમાં ફસાયેલો છે, તે જ વિવેકથી અને સતત અભ્યાસથી અનાસક્તિ કેળવતાં કેળવતાં આ બંધનોથી એક પછી એક છૂટવાનો  માર્ગ છે. તેવી વ્યક્તિને સાધક કહેવાય છે. આ સંગ્રામમાં જે વિજેતા થાય છે તે જીવન મુક્ત બને છે. જીવતો હોવા છતાં તે મૂક્તી અનુભવે છે.

આ પ્રકારની વિવેક શક્તિ પામવાની અને અંદર રહેલા મુળસત્યનો સાક્ષાત્કાર પામવાની પ્રક્રિયા જાણવા માટે ઉપનિષદનો અભ્યાસ આવશયક છે. ઉપનિષદોને સામુહિક રૂપમાં વેદાન્ત કહેવાય છે. જે વેદો ઉચ્ચતર પ્રજ્ઞાના વિષયના નિરૂપણ કરે છે. તે વેદોનો ઉપનિષદો જ્ઞાનકાંડ છે. અજ્ઞાનના પરિણામોમાંથી છુટકારો કેવળ જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. "ग्नानात् एव तु

कैवल्यम्" જ્ઞાન દ્વારા જ મુક્તિ મળે છે. વેદોના ત્રણ વિભાગો છે, "कांड त्रयात्मकम्". આ ત્રણ વિભાગો છે : જ્ઞાન, ઉપાસના અને કર્મ. ઉપનિષદોમાં પણ આ ત્રણેય જોવા મળે છે. ઉપરાંત અદ્વૈત વિશિષ્ટાદ્વૈત અને દ્વૈત તત્વજ્ઞાનની ત્રણે ધારાઓ પણ ઉપનિષદોમાં વર્ણવી છે.

ઉપનિષદ નામ સાહજીક સત્યનો અભ્યાસ અને આચરણ સૂચવે છે. બ્રહ્મવિદ્યા નામ આધ્યાત્મિક ચિંતનના સર્વોત્કૃષ્ટતા સૂચવે છે, યોગશાસ્ત્ર નામ સફળતા આવે તેવા મનોમંથન સૂચવે છે. માનવને આવશ્યક એવી મૂળ ક્રિયા શું છે ? જાણવા જેવું મૂળતત્વ શું છે ? તે છે માનવનું પોતાનું સત્યસ્વરૂપ. આ શોધનાં વિવિધ વિધાનો અને અવસ્થાઓ ઉપનિષદો વર્ણવે છે.

ઉપનિષદ નામજ સંકેતોથી પરિપૂર્ણ સૂચક છે. ઉપ એટલે દ્રઢતા અને નિષ્ઠા સાથે અભ્યાસ કરવાની ક્રિયા અને ષદ એટલે અંતિમ સત્યની પ્રાપ્તિ. આ કારણો માટે ઉપ-નિ-ષદ નામ પડ્યું છે. કેવળ આત્મવિદ્યાનાજ સિધ્ધાન્તો ઉપનિષદો શીખવે છે એવું નથી. પરંતુ સાક્ષાત્કાર પામવાના વ્યવહારિક સાધનો પણ તે શીખવે છે. આપણે જે કર્તવ્ય અને ફરજો કરવાં છે તેટલું જ બતાવે છે, એવું નથી. પરંતુ કયા કાર્યો કરવા જોઈએ અને કયા કાર્યો ત્યાગવાં જોઈએ તે વિધિ, નિષેધ પણ બનાવે છે.

શ્રીમદ્ ભગવદ્દગીતા ઉપનિષદનું જ સારત્તત્વ છે ખરૂ ને ? ગીતાજીના ઉપદેશમાં અર્જુનને ઉપનિષદના શ્રવણના ફળ મળ્યાં છે. ઉપનિષદોમાં 'तत्वमसि' અર્થાત "તે તું છે" એવું મહાવાકય મળે છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે "પાંડવોમાં અર્જુન તે હું છું", એટલે કે હું અને તું બંને એક જ છીએ. આનો અર્થ એવો જ થાય કે "તું તે છે" - જીવ અને ઈશ્વર બંને એક જ છે.

તેથી ચાહે ગીતા અથવા ઉપનિષદો - જુઓ. તેનો ઉપદેશ છે અદ્વૈત છે - અભેદ છે અથવા મર્યાદિત ઐક્ય છે. માનવનાં ચર્મચક્ષુઓ સૂક્ષ્મતા અને વિસ્તારનો પાર પામી શકે જ નહિ. તે બૌધિક પતનની ગહેરાઈનાં રહસ્યો, સૂક્ષ્માતીસૂક્ષ્મ કણ અગર નક્ષત્ર મંડળના વિશ્વને માનવચક્ષુ વાંચી શક્તાં નથી. તેથી વૈજ્ઞાનિકો માનવનેત્રને દૂરબીન અને સૂક્ષ્મદર્શક યંત્રોની સહાય આપે છે, તેવી જ રીતે નૈતિક આચરણ અને આધ્યાત્મિક શિસ્તના ધર્મનું અનુસરણ કરતાં, પ્રાપ્ત થયેલા જ્ઞાનનેત્ર દ્વારા, સાધુઓ ઈશ્વરત્વનો અનુભવ કરવા શક્તિમાન થાય છે. જો માનવનેત્રોને ક્ષુદ્ર જંતુ અથવા ઝેરીતત્વો જોવા માટે બાહ્ય સાધનો - યંત્રોની જરૂર પડે છે, તો પછી જો માનવ એ સર્વવ્યાપી, સર્વોત્કૃષ્ટ અને આદિહેતુને જોવા ઈચ્છા કરતો હોય તો તેને મંત્રક્રીયા દ્વારા, તે દર્શન કરવાની ના શી રીતે પાડી શકીએ ? જ્ઞાનનેત્ર પ્રાપ્ત કરવાં બહુ કઠીન છે. એ માટે એકાગ્રતા આવશ્યક છે અને એકાગ્રતાની અભિવૃદ્ધિ કરવા અને સ્થિરતા પામવા માટે ત્રણ વસ્તુઓ, મહત્વની

છે – ચૈતન્યની વિશદ્ધ, નૈતિક જાગૃતિ અને આધ્યાત્મિક વિવેક. આ ત્રણ વસ્તુઓ મહત્વની છે. સામાન્ય માનવો માટે આ સદ્દગુણો પામવા બહુજ કઠણ છે.

પરંતુ સારાસાર વિચારની શક્તિ , નિર્ણય કરવાની શક્તિ , પૃથ્થકરણ કરવાની શક્તિ , એકીકરણ કરવાની શક્તિ આવાં વિશેષ સાધનો મનુષ્યને મળેલાં છે , સર્વ પ્રાણીઓમાં મનુષ્યને એક્લાને જ આ લાભ મળેલા છે . મનુષ્યે તે શકિતઓની અભિવૃદ્ધિ કરી વિકસીત કરવી જોઈએ અને સર્વોત્તમ સાધના માટે તેનો ઉપયોગ કરવો જોઈએ . આ સાધના દ્વારાજ તે સર્વોત્કૃષ્ટ ઇશ્વરને તે પામી શકશે.

એના બદલે મનુષ્ય પોતાને અને બીજાઓને પરેશાન કરે છે અને એવા પ્રશ્નો ઊભા કરી પૂછે છે કે ભગવાન ક્યાં રહે છે ? જો તે ખરેખર છે તો તે દેખાતો કેમ નથી ? આવી પ્રશ્નાવલી સાંભળતાં -એ પ્રશ્નકર્તાઓ પ્રત્યે દયાભાવ જાગે છે. કારણ કે તેવા પ્રશ્નો કરવામાં તેઓ પોતાની મૂર્ખતાનું પ્રદર્શન કરે છે. આ મૂર્ખ કેવા લાગે છે ? બારાખડી શીખવાની મહેનત કર્યા વિના, મહાવિદ્યાલયની ઉપાધિ મેળવવા મથતા મંદમતિના, ભેજાં વગરના 'ઢ' જેવા એ પ્રશ્ન કરનારા લાગે છે. આવશ્યક સાધનાનાં કોઈપણ કષ્ટો ઉઠાવ્યા સિવાય તેઓ ઈશ્વરને પ્રાપ્ત કરવાના મનોરથો વ્યર્થ સેવે છે. જે મનુષ્યમાં નૈતિક બળ યા શુદ્ધિ નથી તેવા મનુષ્યે ઈશ્વર અને તેના અસ્તિત્વની વાતો કરનારા અને તેને જોવાના પ્રયત્નોની નીંદા કરનારા - લોકોને વાતો સંભળાવવાનો હક્ક નથી. આધ્યાત્મિક સાધના પવિત્ર શાસ્ત્રો પર નિર્ધારિત છે. એક પળમાં તેમાં નિષ્ણાંત થવાતું નથી. વાતો દ્વારા સાધના કરાતી નથી. તેનો સંદેશો ઉપનિષદોમાં વણાયેલો છે. તેથી તેને પ્રમાણભૂત માન, આદર અપાય છે. માનવની બૌધિક તેજસ્વીતાનાં તે સર્જન નથી. પરંતુ સ્વયં ભગવાને માનવને આપેલો ગુહ્ય ઉપદેશ છે. અમર વેદોનો એક ભાગરૂપ છે. તેના પ્રત્યેક અંગમાંથી વેદોના પવિત્ર ચમકારા પ્રસર્યા કરે છે. ઉપનિષદો પ્રમાણુયુક્ત અને આપ્તવચનો છે, કારણ કે વેદોના ગૌરવ તેમાં સમાયાં છે. ઉપનિષદોની સંખ્યા ૧૧૮૦ ની છે અને સૈકાઓના વહન સાથે ઘણાંખરાં મનુષ્યની સ્મૃતિમાંથી સરી ગયા અને માત્ર એકસોને આઠ આજે ટક્યાં છે. તેઓ પૈકીમાં દશ ઉપનિષદો એજ તેનાં ગહન ઉંડાણ અને તેની વસ્તુની કિંમતના કારણે મહાન ખ્યાતી પ્રાપ્ત કરી છે.

મહર્ષિ વ્યાસજીએ ઉપનિષદોનું વર્ગીકરણ કરીને તેઓને ચાર વેદોમાં વહેંચણી કરી સમાવ્યાં છે. ઋગવેદની એકવીશ શાખાઓ છે અને તે પ્રત્યેક શાખા સાથે એક એક ઉપનિષદ જોડાએલ છે. યજુર્વેદને એકસોને નવ શાખાઓ છે. તેનાં એકસો નવ ઉપનિષદો છે. અથર્વવેદની પચાસ શાખાઓ સાથે પચાસ ઉપનિષદો થયાં છે, સામવેદની હજાર શાખાઓ સાથે બાકી રહેલાં

એક હજાર ઉપનિષદો તેના ભાગમાં આવ્યા છે. આ પ્રમાણે વ્યાસજીએ ચાર વેદોને એક હજાર એકસોને એંશી ઉપનિષદો આપેલાં છે.

શંકરાચાર્યે દશ ઉપનિષદો ચુંટી કાઢી તેના પર ભાષ્ય લખ્યાં અને તેનું સ્થાન ઉન્નત કર્યું તેથી તેઓ વિશેષ મહત્વનાં બન્યાં. આ દશ ઉપનિષદોના આધારે માનવતાનાં ઉત્થાન યા પતન થાય છે. માનવતાના કલ્યાણ અને વિકાસના તમામ ઇચ્છુકોને હવે દહેશત રહે છે કે આ દશ ઉપનિષદ પણ કદાચ ભૂલાઈ જશે કારણ તેનો નિરાદર નૈતિક અને આધ્યાત્મિક વિનાશ તરફ લઈ જશે. પરંતુ આવી દહેશત રાખવા કોઈ કારણ નથી. વેદોનો કદી વિનાશ થઈ શકશે નહિ. પંડિતો અને શ્રદ્ધાવાનોએ આ દશ ઉપનિષદો તો માનવતા સમીપ રજુ રાખવા નિર્ણય લેવોજ જોઇએ. આ ઉપનિષદો છે ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, તૈતિરિય, ઐતરેય, છાંદોગ્ય, બ્રહદારણયક.

બાકીનાં ૯૮ છે. બ્રહ્મ, કૈવલ્ય, સ્વેતસ્વ, જાબાલી, હંસ, ગર્ભ, આરૂણી પરમહંસ, અમૃતાનંદન, નારાયણી, અમૃતબિંદુ, અથર્વશિખ, અથર્વસીરા, કસિંનારા, મૈત્રેયાની નૃસિહનયાની બ્રહ્મજાબાલ મૈત્રેય, કાલાગ્નિરૂદ્ર, સુલભા મંત્રિક, ક્ષિતિ, નિરાલંબા, સર્વહાર, વજ્રસુચિકા, સુભારા હાસ્ય, તેજોબિંદુ, નાદબિંદુ, ધ્યનબિંદુ, બ્રહ્મવિદ્યા, આત્મબોધક, યોગ તત્વ, નારદપરિવ્રાજક, બ્રાહ્મન, સીતા યોગચંદામણી, નિર્વાણ મંડલ, દક્ષિણામૂર્તિ, સ્કન્દા, સરભ, અદ્વૈત તારક, મહાનારાયણ, સૌભાગ્યલક્ષ્મી, સરસ્વતિ રહસ્ય , મુક્તિકા , ભવરીચા , રામતાપન, રામરહસ્ય, વાસુદેવ, પીંગલા, શાંડિલ્ય, મહાભિક્ષુક, યોગશિક્ષા, સન્યાસ, તુરિયા તિષ્ઠા, એકાક્ષર, અક્ષિકા, આધત્ય, સૂર્ય-કુન્દીસખ્ય, આત્મા સાવિત્રિ, પરબ્રહ્મ પાશુપત, ત્રિપુરતાપન, અવધૂત, ત્રિપુરા, દેવી, ભાવના, કથા, યોગકુંડલી, રૂદ્રહૃદય, રૂદ્રાક્ષા, ભસ્મ, દર્શન, ગણપતિ, તરસત્તા , મહાવાક્ય, પંચબ્રહ્મ, ગોપાલતાપાનિ, પ્રણાગ્નિહોમ, ગુરૂડકિશ્ન, દત્તાત્રય, વરાહ, યાજ્ઞવલ્ક્ય, સત્યાયન, અવ્યક્ત, હયગ્રીવ, કલિસંતરણ.

ઉપનિષદોએ ભૂગોળ, ખગોળ, જ્યોતિષ, અર્થશાસ્ત્ર અને રાજ નૈતિક રીતિઓ જેવી બીજી વસ્તુઓને પણ પ્રેરણા આપી છે. તદુપરાંત અઢાર પુરાણો, સ્કંદ, શિવ, ગરૂડ અને બીજા પુરાણોને પણ પ્રોત્સાહિત કર્યા છે. વેદો અને ઉપનિષદો, સનાતન ધર્મનો મૂળ પાયો છે.

એક સુંદર વિશિષ્ટ ચિહ્ન ધ્યાન રાખવા જેવું છે. આ ધર્મના સંસ્થાપક બીજાની માફક એકજ જણ નથી. તેને અદ્રશ્ય અને અજ્ઞાત સંસ્થાપક ભગવાન છે - જે સર્વ જ્ઞાનનો સ્રોત છે - મૂળ છે. આ સનાતન ધર્મના તે પયગંબર છે. એજ સંસ્થાપક છે. તેની કૃપા અને પ્રેરણા વિશુદ્ધ સંતો દ્વારા પ્રગટ થાય છે અને તેઓ ધર્મના પ્રવક્તા બને છે. માનવની નૈતિક શુદ્ધિનું જ્યારે પતન થાય છે, ત્યારે ભગવાન સંતોમાં કૃપા અને પ્રેરણાનું સ્વરૂપ ધારણ કરે છે અને શીખવે છે. ઉપનિષદો દ્વારા ભગવાને સત્યજ્ઞાન - સત્યને લગતા જ્ઞાનની વાતો કહી છે.

# ૨

# ઈશાવાસ્યોપનિષદ

પરમાત્માએ વિશ્વના પુનર્જન્મ, પુનરૂત્થાન અને ઉદ્ધાર માટે હિરણ્ય ગર્ભદ્વારા વેદો બક્ષીસરૂપે આપ્યા પછી હિરણ્યગર્ભે વેદોને તેના દશ માનસ પૂત્રોને સોંપ્યા. તેમાં અત્રિ અને મરિચિનો પણ સમાવેશ થયો હતો. તેઓ પાસેથી પરંપરાગત સુપ્રત થતા વેદો માનવોમાં ફેલાયા, સમયના વહન સાથે, જમાના પસાર થયા, વિશ્વના ખંડો ચાલ્યા ગયા, કેટલાક વેદો ગૂમ થયા અને બુધ્ધિથી અગમ્ય હોવાથી કેટલાકની અવહેલના થઈ. પરિણામે આધુનિક સમયમાં ચાર વેદો ટકેલા છે. આ ચાર વેદો, સર્વશ્રેષ્ઠ વેદપ્રદર્શન વેદ વ્યાસજીએ, દ્વાપરયુગમાં તેના શિષ્યોને શીખવ્યા.

જયારે વ્યાસજી બ્રહ્મોપદેશના ધર્મશાસ્ત્રના વિસ્તારાર્થે વેદોનાં વિવરણ કરી રહ્યા હતા ત્યારે યાજ્ઞવલ્ક્ય નામના તેના એક શિષ્ય ઉપર તે ગુસ્સે થયા અને તેને શિક્ષા કરી કે તેણે તેની પાસેથી શિક્ષણ દ્વારા સમાપ્ત કરેલો યુજર્વેદ તેના ગુરૂની સમીપજ ઓકી નાખવો અને તે સ્થાન છોડી ચાલ્યા જવું અને વેદોના ભંડાર સૂર્યદેવના શરણે જવું. પછી જે ઋષિઓને વેદો પ્રત્યે આદરભાવના હતી,  તેઓ તિત્રી પંખીણીઓના રૂપે ઉડીને ત્યાં ગયાં અને યાજ્ઞવલ્કયે ઉલટી દ્વારા ઓકેલ યજુર્વેદ ચણી ગયા અને આ પ્રકારે જે વેદનો ભાગ પ્રગટ થયો તેનું નામ પડ્યું તૈતિરિય વેદ .

દરમિયાન કમનશીબ યાજ્ઞવલ્ક્યની શ્રધ્ધા, ભાવના અને દ્રઢતા જોઈને સુર્યદેવ પ્રસન્ન થયા. સૂર્યદેવે બાજી અર્થાત્ ઘોડાનું સ્વરૂપ ધારણ કરી આ સૌભાગ્યશાળી યાજ્ઞવલ્ક્ય ઋષિને યજુર્વેદનું નવીન જ્ઞાન સંપ્રાપ્ત કરાવ્યું. ઘોડા એટલે બાજીએ આ અધ્યાયો શિખવ્યા તે પરથી તેને બાજસનેય નામ આપવામાં આવ્યું. જે યજુર્વેદ વેદ વ્યાસ પ્રતિપાદિત છે, તેને કૃષ્ણ યજુર્વેદ કહેવાય છે અને જે યાગ્વલ્ક્ય દ્વારા સંપ્રાપ્ત થયો તેને શુક્લ યજુર્વેદ કહે છે.

આ વેદોમાં પ્રથમનાં થોડાં પ્રકરણો કર્મકાંડ સાથે સંકળાયેલા મંત્રો છે અને અંતના કેટલાંક અધ્યાયો જ્ઞાનકાંડનાં વર્ણન કરે છે. ઇશાવાસ્ય ઉપનિષદ જ્ઞાનકાંડનો ભાગ છે. આ ઉપનિષદનો આરંભ જે મંત્રથી થાય છે તેનો પહેલો શબ્દ છે ઇશાવાસ્યમ્. આ છે આ ઉપનિષદનું નામ.

इशावास्यम् इदम् सर्वम् यस्किचिंत् जगत्याम् जगत ।
तेन त्यक्तेन भुंजीथा मा गृध कस्य स्विद् घनम् ।।

આ વિશ્વની શાશ્વત અને સૂક્ષ્મપરોક્ષ, તમામ વસ્તુઓ, ભગવાનથી વ્યાપ્ત છે. જે ભગવાન પ્રત્યેકમાં સત્ય અને સત્ય સ્વરૂપ છે. તેથી તેઓને આદરયુક્ત ત્યાગભાવથી, લોભ યા લાલચ રાખ્યા સિવાય વાપરી ઉપયોગમાં લેવાની છે,  કારણ કે તે વસ્તુઓ ભગવાનની છે. બીજા કોઈની નથી. આ શ્લોકનો અર્થ આવો છે.

એટલે કે આ વિશ્વ વિશ્વેશ્વરનું રહેઠાણ છે. તેનું જ સ્વરૂપ છે. તેનું જ શરીર છે. વિશ્વ અને વિશ્વેશ્વરને અલગ માનવા તે ભૂલ છે, આવી માન્યતા એક ભ્રમણા છે. માનવ કામનાનું સર્જન છે. જેવી રીતે જળમાં પડતું તમારું પ્રતિબિંબ તમારાથી જુદું નથી, તેવી રીતે વિશ્વ તેનું જ પ્રતિબિંબ છે. જે તમારા અજ્ઞાન ઉપર પડે છે. એટલે વિશ્વ એજ વિશ્વેશ્વર છે.

જ્યાં સુધી મનુષ્ય ભ્રમણાયુક્ત છે ત્યાં સુધી તે તેનામાં રહેલી સત્યતાને જોઈ શક્તો નથી. ઉલટ તે ખોટા વિચારો ખોટા શબ્દો અને ખોટા કૃત્યો તરફ તે ઢળી પડે છે. ચંદનનું લાકડું યદિ જળમાં ડુબાડી રાખશું તો દુર્ગંધ આપશે. પરંતુ જો તેને જળમાંથી બહાર કાઢી, ઘસીને ભૂકો કરશું તો તેની પ્રથમની સુગંધ તેમાં પાછી આવશે. જ્યારે વેદો અને શાસ્ત્રોનાં પ્રમાણ પ્રત્યે આદરભાવ થશે, તેમજ જ્યારે ધર્મ કર્મના વ્યવહારોમાં વિવેક શક્તિ તીક્ષ્ણ થશે ત્યારે ખોટાની અને દુષ્ટતાની દુર્ગંધ નાશ પામશે અને આત્માની વિશુદ્ધ અને મૂળ સુવાસ પ્રગટ થશે. પછી કર્તા અને ભોક્તાનાં દ્વૈત ભૂંસાઈ જશે. પછી સર્વ કર્મ - સન્યાસની દશાને તમો પ્રાપ્ત કરશો. અર્થાત્ પ્રત્યેક ક્રિયામાંથી તમારી જાતને તમે પાછી ખેંચી લેશો. આ ઉપનિષદમાં આ પ્રકારનો જે સન્યાસ વર્ણવ્યો છે તે મોક્ષ યા મૂક્તિનો માર્ગ છે.

ચિત્ત અને મનની વિશુદ્ધિ સિવાય, સ્ત્રી – સંતતિ અને સંપત્તિની લાલસાનો વિનાશ કરે, તેવો આ સન્યાસ પામવો બહુ કઠીન છે.

આ ઉપનિષદમાં આ પ્રાપ્ત કરવાનું સાધન બીજા મંત્રમાં આપેલું છે. એટલે કે શાસ્ત્રોક્ત વિધિથી અગ્નિહોમ વગેરે કરતા રહો, મૂક્તિ માટે આપણે આવા કાર્યમાં તત્પરતાથી લાગી રહેવું જરૂરી છે એવું માનો અને આવા કાર્યમાં તત્પર બની વળગી રહેનારને કોઈ પાપનો સ્પર્શ થતો નથી એવી શ્રદ્ધા રાખો. ફલેચ્છા રાખ્યા સિવાય કાર્ય કરવાથી સોનીની સોનું શુદ્ધ કરવાની ફૂલડીની માફક આપણી અશુદ્ધિઓ શુદ્ધ થાય છે. પવિત્ર મન એજ જ્ઞાન છે. અનાસક્તિની તે પરિપૂર્ણતા છે.

જ્યારે તમે કાર્ય કરતા હો ત્યારે તમારી ઇચ્છામાંથી તમારી જાતને અલગ રાખી શક્શો તો તેઓને કોઈ અશુદ્ધિનો સ્પર્શ થશે નહિ. તમે જાણો છો કે જ્યારે "ચીલીગાંજી" (મરચાં) નાં બીયાં કાદવવાળા જળમાં નાખવામાં આવે છે - ત્યારે ગંદવાડને અલગ કરી તેને તળીએ બેસાડવાની

તેનામાં શક્તિ હોય છે. બીયાં સ્વયં પણ તળીએ જઈ ડૂબી જાય છે અને દેખાતાં બંધ થાય છે. તેવીજ રીતે અનાસકત ભાવે કર્મ કરવામાં જે પ્રવીણ છે, તેઓનાં મન સંપૂર્ણ સ્વચ્છ બનેલાં હોય છે અને તેમનાં કૃત્યોનાં પરિણામની અસર રહેતી નથી અને તે છેક તળીએ જઈને ડૂબી જાય છે.

આ ઉપનિષદના અઢાર મંત્રો પૈકીના પહેલા બે મંત્રો મુક્તિ અને તેની સિદ્ધિનાં રહસ્યો ઉકેલવા સીધા વિવરણ કરે છે, બાકીનાં સોળ મંત્રો આ સાધનાનો વિસ્તાર કરે છે અને પહેલા બે મંત્રોના ભાષ્યરૂપે સેવારૂપ બને છે.

આત્મામાં કોઈ વિકૃતિ કદી પણ થતી નથી, તે છતાં તેની ગતિ મન કરતાં પણ વધારે તીવ્ર છે. આ જ એક રહસ્ય છે – ચમત્કાર છે. પ્રત્યેક અવસ્થામાં તે અનુભવગમ્ય છે. પરંતુ તેનો નથી વિકાસ, પતન કે રૂપાંતર. તે સર્વ વ્યાપક છે છતાં ઇન્દ્રિયો દ્વારા જોઈ શકાતો નથી. આત્માનું છુપું, અંદર રહેલું અસ્તિત્વ અને અંતરસ્થ સર્વદા ઉપસ્થિતિને કારણે જ જગતમાં સર્વ વિકાસો, પતનો અને રૂપાંતરો થાય છે. આત્માની સત્યતાનું આ પાયાના અસ્તરના કારણેજ કારણ અને કાર્ય બને છે અને પ્રત્યાઘાતો પણ થાય છે. શબ્દ "ઈશ" એકલો જ આ અર્થ આપે છે. આત્મા નજીક છે — સુ દુર છે, અંદર છે - બહાર છે, અચલ છે - ચલ છે, જે આ સત્ય સમજ્યો છે તે જ જ્ઞાની કહેવડાવવા યોગ્ય છે. કારણ કે આત્માની ઉપસ્થિતિની હકીકત અજ્ઞાની વ્યક્તિ કદી પણ સમજી શક્શે નહિ. જાગૃત છે, સભાન છે, તેઓ જ આત્માનાં સાન્નિધ્ય જોઈ શકે છે, અનુભવે છે. જેઓને આનું ભાન નથી તેઓ પોતે રત્નો પહેરેલાં હોય છતાં તે રત્નોને શોધવા ફાંફાં મારતા હોય તેવા અજ્ઞાની છે. મનુષ્ય બધુ જાણતો હોવા છતાં તેની ચેતના શક્તિ લુપ્ત હોવાથી તે આત્માને કોઈથી પહોંચી ન શકાય અને પામી ન શકાય તેવા સ્થાનમાં રહેલો કલ્પે છે. પરંતુ સાચા જ્ઞાનીને - જે સવધાન થયો છે - તેનેજ તમામ પ્રાણીમાં આત્માં દેખાય છે અને આત્મામાં તમામ પ્રાણી ભાસે છે. તેને તમામ પ્રાણી સમાન લાગે છે અને કોઈ ભેદભાવ તેને લાગતા નથી. આ પ્રમાણે અભેદત્વ પ્રાપ્ત થતાં તેના દ્વૈતભાવ નાશ પામે છે.

ઈશાવાસ્ય ઉપનિષદ સર્વ કોઈને આ મહાન સત્ય સ્પષ્ટતાથી સમજાવે છે, આ સત્યનું જેને દર્શન થયું હોય છે તે જ્ઞાનીને પ્રારબ્ધના પ્રત્યાઘાતો અગર ઈન્દ્રિયોનાં બંધનો સતાવતાં નથી. પોતાની જ સહજ સામ્યતા અનુભવતો હોઈ તે સર્વ પ્રાણીને પોતે જ છે એવું જુએ છે. પરિણામે તે બંધનમુક્ત, ધર્મ અને અધર્મથી મુક્ત, શારિરીક ઉત્તેજનાઓ આવશ્યકતાઓથી પણ મુક્ત બને છે. તે સ્વયં પ્રકાશ છે. તેથી જીવરૂપ એ તેનું અસલ સ્વરૂપ નથી, એટલું જ નહિ સ્થૂલ અને સૂક્ષ્મ શરીર કહેવાય છે તે પણું તેનું સ્વરૂપ નથી.

તેથી કરીને ઈશાવાસ્ય ઉપનિષદના પહેલા મંત્રમાં સર્વ પ્રકારની તૃષ્ણાના અભાવના લક્ષણવાળી જ્ઞાનનિષ્ઠાનાં વિવરણ કરવામાં આવ્યાં છે. વેદોનો આ મૂળ અર્થ છે. પરંતુ જેઓને

તૃષ્ણાઓ છે તેઓ આવી નિષ્ઠા અને માનસિક સ્થિરતા મેળવવામાં મુશ્કેલી અનુભવે છે. આવા લોકો માટે બીજું  સાધન કર્મનિષ્ઠાનું છે. જે બીજા મંત્રમાં વર્ણવ્યું છે. બાકીના બધા મંત્રો આ જ્ઞાન અને કર્મની બે નિષ્ઠાઓનો વિસ્તાર કરી ટેકારૂપે આવેલા છે. કર્મનિષ્ઠામાં ઈચ્છા અને ભ્રમણા આ બે સર્વોપરી ઉત્તેજનાઓ મનાય છે. જ્ઞાન નિષ્ઠામાં વૈરાગ્ય સર્વોપરી છે, એટલે કે જગત એ આત્મા નથી એવું દ્રઢ મંતવ્ય અર્થાત્ જગત મિથ્યા છે તેથી તેની સાથેના વ્યવહારો વ્યર્થ છે એવી ખાત્રી એનું નામ વૈરાગ્ય. વૈરાગ્ય પ્રતિનું આવું વલણ, તે જ્ઞાનનિષ્ઠાનું પ્રવેશ દ્વાર છે. ત્રીજા મંત્રથી તે આઠમા મંત્ર સુધીમાં આત્માનું સત્યસ્વરૂપ સમજાવ્યું છે. તેમાં આત્માને ઓળખવામાં અવરોધ કરનારી અવિદ્યાનાં દુષણો વર્ણવી આત્માનું સ્વરૂપ બતાવ્યું છે.

આ પ્રમાણે ઈશાવાસ્ય ઉપનિષદ ત્યાગ અને સંન્યાસના પાઠ પહેલા મંત્રમાં શીખવે છે અને રાગદ્વેષ વિહોણા કર્મ દ્વારા મુક્તિમાર્ગના પાઠ બીજા મંત્રમાં ઉપદેશે છે, ચોથા અને પાંચમા મંત્રોમાં આત્મતત્વની વાતો કહે છે અને આગળ જતાં આત્મતત્વના જ્ઞાનનાં ફળ બતાવ્યાં છે. નવમા મંત્રમાં વિકસિત મુક્તિનો માર્ગ - અર્થાત્ કર્મ મુક્તિ માર્ગનું વિવરણ છે. આ માર્ગ તેના માટે છે - જેઓ ત્યાગ સન્યાસના માર્ગનું અનુસરણ કરવા અસમર્થ છે. પરંતુ અંદરની વિશુદ્ધિ અને પેતાના નૈતિક વિકાસને વધારે એવાં કર્મો કરવામાં પ્રવિણ છે. તેવા માટે આ માર્ગ સુંદર છે. આ માર્ગનાં તમામ કર્મો, ઉપાસનાના સિદ્ધાન્ત સાથે સહમત બને છે. વિદ્યા વિરૂદ્ધના કર્મો આચરનારા તમામ લોકો સંપૂર્ણ અજ્ઞાની, એવું તે કહે છે. તે લોકો જે દિવ્ય સ્વરૂપો પાછળ અભ્યાસ અને સતત પ્રયાસોમાં ગુંચાયેલા રહે છે તેઓ તો વધુ ખરાબ ગણાય, કારણ કે તેની ઈચ્છા શક્તિ પ્રભાવ અને ચાલાકીની ચતુરતા પુરતી જ હોય છે. એવું કહેવાય છે કે વિદ્યા દેવલોકમાં લઈ જાય છે, કર્મ પિતૃલોકમાં લઈ જાય છે. તેથી જ્ઞાન જે આત્મ સાક્ષાત્કાર કરાવે છે તે આ ઉભયથી કંઈક જુદી જ વસ્તુ છે - એને એકત્ર કરી તે બંનેને મેળવવામાં કોઈ ઉપાય સફળ થાય તેમ નથી.

અલબત્ત શાસ્ત્રો વિરુધ્ધનું કોઈપણ કાર્ય કરવું જોઈએ નહિ અને અંતિમ પૃથક્કરણ કરતાં બધાં કર્મોને અવિદ્યાનાં રૂપો ગણેલાં છે. વધુમાં વધુ કર્મ મનની શદ્ધિ કરનારાં છે. ઈશ્વરની ઉપાસના એકનિષ્ઠ અનન્યતા આપે છે. ઉપાસનાનાં ઉત્થાન હિરણ્યગર્ભ અર્થાત્ સૃષ્ટિ વિષયક દિવ્યતાની આરાધના સુધી થવું જોઈએ અને આ જીંદગીના અંત પહેલાં તેવાં ઉત્થાન પરિપૂર્ણ પક્વતા પામી વિકસિત બની જીવનમુક્તિ સુધી લઈ જાય તેવાં થવાં જોઇએ.

દેવતાઓનું જ્ઞાન અને કર્મનિષ્ઠા બંને જણાં પરસ્પર પુરક અને સહાયક થવાં જરૂરી છે. ત્યાર પછી જ જન્મ મરણના ચક્કરમાંથી છૂટાય અને દિવ્યતા મળે.

# 3
# કઠોપનિષદ

નચિકેતાને યમરાજાએ અધ્યાત્મ શિસ્ત અને નિષ્ઠામાં પ્રવેશ કરાવ્યો તેની વાર્તા આ ઉપનિષદમાં આવે છે. એજ વાર્તા તૈતિરિય બ્રાહ્મણ અને મહાભારતના અનુશાસન પર્વમાં ૧૦૬ પ્રકરણમાં પણ આવેલી છે. આ ઉપનિષદ તેનાં ઔદાર્ય દાન અને વિચારોમાં ઊંડાણને લઈને બહુજ ખ્યાતિ પામેલ છે. તેમાં દર્શાવેલા ઘણાખરા વિચારો શ્રીમદ્ ભગવદ્દગીતામાં જોવા મળે છે. કૃષ્ણ યજુર્વેદ સંસ્થાની કઠ શાખાનું આ ઉપનિષદ હોવાથી તેને કઠોપનિષદ કહેવાય છે.

એક ઘણા જ સંસ્કાર શાસ્ત્રજ્ઞ યજ્ઞાશ્રયી – ગૌતમે એક યજ્ઞ કર્યો અને તેમાં ગાયનાં દાન કર્યાં. આ દાનમાં આપેલી ગાયો ઘાસ ખાઈ શક્તી ન હતી. પાણી પણ પીતી ન હતી અને દૂધતો શેની જ આપે ? આવી નીરૂપયોગી ઘરડી ગાયોનાં દાન તે કરવા લાગ્યા. આ ઘટના તેના સદગુણી અને બુદ્ધિશાળી પૂત્ર નચિકેતાએ જોઈ અને સમજી ગયો કે આવાં પાપયુક્ત દાનના પરિણામે તેના પિતા બહુ દુ:ખી થશે. પૂત્રની ઇચ્છા પિતાને તેના તેની શક્તિમાં હતું તે પ્રારબ્ધમાંથી બચાવવાની હતી. તેથી તેણે તેના પિતાને પૂછ્યું કે મારું દાન તમે કોને આપવા માગો છો ? પિતાજી ! મને પણ દાનમાં આપી દો. એવું સાંભળતાં પિતા ક્રોધે ભરાયા અને તિરસ્કારથી જોરથી બોલ્યા, “હું તને મૃત્યુદેવને દાનમાં આપુ છું.” એવું સાંભળતાં જ નચિકેતાએ નિર્ણય લીધો કે ભલે મારા પિતાએ જન્મ મરણવાળા આ જીવલોકમાં આવા શબ્દો કહેલા છે છતાં તેના શબ્દોને ખોટા પડવા દેવા જોઈએ નહિ. તેથી તેણે વિધિપૂર્વક દાનશાસ્ત્ર પ્રમાણે પોતાનું દાન યમરાજને આપવા, પિતાજીને ખૂબ વિનંતી કરી. પછી નચિકેતા મૃત્યુદેવના નિવાસસ્થાને યમલોકમાં તત્કાળ શિઘ્રતાથી ગયો. યમરાજાને મળવા માટે તેને ત્રણ રાત સુધી રાહ જોવી પડી. યમરાજા મળ્યા ત્યારે ત્રણ રાતના થયેલાં વિલંબ માટે દિલગિરી જાહેર કરી અને ત્રણ રાત તેના દરવાજે ગાળવી પડી માટે તેને પ્રત્યેક રાતનું એક વરદાન ગણી ત્રણ વરદાન માગવા કહ્યું.

નચિકેતાએ પહેલું વરદાન એવું માગ્યું કે જ્યારે હું આપની આજ્ઞાથી મારા દેશમાં મારા ઘેર પાછો ફરૂં ત્યારે મારા પિતાશ્રી મને મારી પહેલાંની ઉદ્ધતાઈથી જે ગુસ્સે થયા હતા તે ગુસ્સાનો ત્યાગ કરી મનની પૂરેપૂરી ક્ષમતા સાથે મને આનંદપૂર્વક સત્કારે. બીજું વરદાન એવું માગ્યું કે સ્વર્ગમાં ભૂખ, તરસ અને મૃત્યુનો ભય નથી તેનું રહસ્ય કહો. યમરાજે બંને વરદાનો પ્રસન્નતાથી આપ્યાં. તેને વિશિષ્ટ વૈધિક કર્મો અને તેનાં રહસ્યો તેમણે બતાવ્યાં. નચિકેતાએ આદરપૂર્વક સાંભળ્યું અને શિઘ્રતાથી અને સ્પષ્ટતાથી વૈધિક ક્રિયાની વિગતો ગ્રહણ કરી. આ નવા શિષ્યથી યમરાજ એટલા બધા ખુશી થયા કે તેણે આગને નવું નામ આપ્યું, નચિકેતા - અગ્નિ. યુવક

આગંતુક માટે આ વધારાનું વરદાન હતું. નચિકેતાએ કહ્યું : "પ્રભો ! માનવ વિનાશી છે. પણ કેટલાક કહે છે કે મૃત્યુ એ આખરી અંત નથી. પરંતુ શરીર અને ઈન્દ્રિયો પછી પણ એક તત્વ ટકી રહે છે. તે તત્વને આત્મા કહે છે. કેટલાંક કહે છે કે આવું કોઈ તત્વ છેજ નહિ હવે આજે મને તક મળી છે માટે હું આત્મા સંબંધી આપની પાસેથી જાણવા માગુ છું.

સર્વોત્તમ જ્ઞાન પામવા માટે જીજ્ઞાસુમાં જે દ્રઢતા અને તત્પરતા જોઇએ તે અધીકારનાં લક્ષણોની પરીક્ષા કરવા યમરાજે વિચાર્યું.જો તે તેનો અધિકારી ન હોય તો તે આત્મજ્ઞાન યમરાજ તેને આપશે નહિ એવું નક્કી કર્યું. તેથી તેને આત્મજ્ઞાન જાણવાના પ્રશ્નના બદલામાં બીજા અનેક વિવિધ વરદાનો આપ્યા. આ વરદાનો ઐહિક ઐશ્વર્ય અને સુખ દેનારાં હતાં. તેણે કહ્યું કે આત્મા એ અતી સૂક્ષ્મ અને માયિક સ્વરૂપનો છે, કે જે સામાન્ય સમજથી પર છે. તેણે વધારે શીઘ્રતાથી અને વધારે સારી રીતે માણી શકાય તેવાં બીજાં આકર્ષક વરદાનો તેની પાસે રજુ કર્યાં. નચિકેતાએ જવાબ આપ્યો કે પૂજ્ય સ્વામી ! આત્મજ્ઞાન સમજવાની કઠીનાઈ છે એવું આપનું કથન સાંભળીને મને લાગે છે કે આ મોકો મારે ગુમાવવો જોઈએ નહિ. આત્મજ્ઞાનને અપનાવનાર આપના કરતાં વધુ પ્રવીણ એવો બીજો કોઈ ગુરૂ મને મળી શકે તેમ નથી, આ પ્રશ્ન મારા ત્રીજા વરદાન રૂપેજ પૂછું છું બીજા કોઈ કારણેથી નહિ. તેના બદલામાં આપ જે વરદાનો મને આપવા ચાહો છો તેઓ શાશ્વત લાભ આપનારાં નથી. કેવળ આત્મજ્ઞાન શાશ્વત લાભ આપનાર છે.

આવી શ્રદ્ધા અને દ્રઢતા જોઇને યમરાજ પ્રસન્ન થયા અને નિર્ણય કર્યો કે સર્વોત્કૃષ્ટ જ્ઞાન મેળવવા માટે નચિકેતા અધિકારી છે. તેણે કહ્યું, "પ્રિય વત્સ ! જીવનમાં બે અલગ નિરાળા અનુભવો અને આવેગો હોય છે જેને શ્રેયસ્ અને પ્રેયસ્ એવાં બે નામો આપેલાં છે. વ્યક્તિને બંને શ્રેયસ્ અને પ્રેયસ્ અસર કરે છે. શ્રેયસ મુક્તિ આપે છે. પ્રેયસ બંધનકારક છે. એક મુક્તિના માર્ગે લઈ જાય છે, બીજું બંધનની ગુંગળામણમાં નાખે છે. જો તમે પ્રેયસ માર્ગને અનુસરશો તો મનુષ્ય જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય આત્મસાક્ષાત્કાર છે તે લક્ષ્ય બહુજ દૂર સૂદૂર રાખી દેશો. વિવેક દ્વારા વિશદ્ધ થએલી બુદ્ધિ દ્વારાજ શ્રેયસ માર્ગ પળાય છે. વિપરિત બુદ્ધિવાળા અજ્ઞાનીઓ પ્રેયસ માર્ગ પળનારા હોય છે. વિદ્યા શ્રેયસ માર્ગનાં દર્શન કરાવે છે. અવિદ્યા પ્રેયસ માર્ગે સરકાવે છે. શ્રેયસ માર્ગના શોધકો સાહજીક રીતે બહુજ વિરલ હોય છે."

યમદેવ ઉપદેશ આપતાં આગળ કહેવા લાગ્યા. આત્મા ઉદ્વેગ રહિત અને સ્થિર છે. તે અનંત અને સંપૂણ ચૈતન્ય છે. જેણે આત્માને ઓળખ્યો છે તેને છે અને નથી. કર્તા અને અકર્તાના બેવડા વિચારો સ્પર્શતા નથી. આત્મા એ ઓળખવાનો પદાર્થ પણ નથી. તે નથી જ્ઞાતા, જ્ઞેય અગર જ્ઞાન, આવી શોધનું પરિણામ સર્વોત્કૃષ્ટ દર્શન છે. આ તત્વની સમજણ એ સર્વોત્તમ ઉપદેશ છે. ઉપદેશક - ઉપદ્રષ્ટા અને ઉપદેશ ત્રણ બ્રહ્મ છે. આવો સાક્ષાત્કાર નિત્ય ઉપસ્થિત રહે છે. આ

સત્ય સર્વ આસક્તિઓ અને ઉદ્વેગોમાંથી આપણને બચાવે છે અને જન્મમરણમાંથી છોડાવે છે. આ ગહન રહસ્ય તર્ક દ્વારા સમજાતું નથી - તે તો અનુભવિ મહાનુભાવો અને સ્મૃતિમાં શ્રદ્ધા રાખવાથી સમજાય છે.

વિશાળ ખંતને અંતે જ આત્મતત્વ જાણવાની શક્તિ મળે છે. તે માટે મનુષ્ય પોતાના મનને ભૌતિક જગતપ્રતિ તેના સાહજીક વલણને વિરુદ્ધ દિશામાં વાળવું પડે છે અને મનને ચંચળતારહિત સ્થિર રાખવું પડે છે. આવાં આંતરિક અદ્વિતીય સાહસના માર્ગે કેવળ વીરપુરૂષ સફળતા મેળવી શકે છે. આવા વિરલાઓ જ અહંતા અને ભ્રમણાના રાક્ષસો પર વિજય મેળવે છે. કેવળ આવો જ વિજય શોકનું નિવારણ કરી શકે છે.

વેદાન્તનો આદેશ કહે છે કે સર્વોચ્ચ સત્ય સર્વ કોઈ પામી શકે છે. તમામ શાસ્ત્રીય ગ્રંથો એક અવાજે આ ઘોષણા કરે છે. તેઓ એવું પણ કહે છે કે પ્રણવ - એટલે અક્ષર ૐ પર અને અપર ઉભય બ્રહ્મનું પ્રતિક છે. તેઓ કહે છે કે પ્રણવની ઉપાસના હિરણ્યગર્ભની અવસ્થાને પ્રાપ્ત કરાવે છે - અને બ્રહ્મની બે અવસ્થાઓ પ્રાપ્ત કરવામાં પણ સહાયક બને છે. માયાના અતી પાતળા પડદામાં હિરણ્યગર્ભ છુપાયેલ છે અને ૐ દ્વારા તે પડદો ચીરાઈ જાય છે અને પર તેમજ અપર બ્રહ્નનો સાક્ષાત્કાર થાય છે.

કઠોપનિષદ પણ આત્મા ઉપર વિવિધ રીતે વિસ્તારથી વર્ણન કરે છે. તેમાં કહેલું છે કે આત્મા માપી શકાય નહિ. તે દેખાય છે તેવો કોઈપણ જાતની પરિસિમામાં હોતો નથી. અપાર અને અસીમ છે આત્મા. તલાવમાં પડતું સૂર્યનું પ્રતિબિંબ કંપે છે, હાલે છે – પરંતુ તે કંપ અને હલન જળના કંપ અને હલન ચલનને લઇને લાગે છે. સૂર્ય તો માત્ર દુર રહેલા સાક્ષીરૂપ છે. પ્રતિબિંબ સર્જન કરનાર માધ્યમની તેને કોઈ અસર થતી નથી. તેવી જ રીતે સ્થળ અને કાળના આ બધા પરિવર્તનોમાં આત્મા સાક્ષીરૂપ છે.

અજ્ઞાનનું સાકાર સ્વરૂપ જીવ, તેનાં કર્મોનાં ફળો ભોગવે છે. સાચું અને ખોટું, સારૂં અને નરસું આવાં પ્રત્યેક કર્મનાં ફળ જીવ ભોગવે છે અહંતાને કારણે જીવ બંધન સર્જે છે, બુદ્ધિ દ્વારા બંધનો ઢીલાં કરે છે. આ છે અજ્ઞાનનું પ્રત્યાઘાતી બળ. ઇન્દ્રિયો (બાહ્ય અને આંતરિક) નિષ્કીય બનતાં જ સર્વ કંઇ જીતી જવાય છે એવું બુધ્ધિબળથી સમજી જવાય છે. સર્વ કોઈ મિથ્યા અને ખોટાં ગણી ઉપેક્ષા કરો. તમામને મનમાં વિલીન કરી દો. મન ફરીથી બુદ્ધિમાં પરોવો અને બુદ્ધિને - વ્યક્તિરૂપ પ્રગટેલી બુદ્ધિને, હિરણ્યગર્ભની પ્રાપંચીક ચેતનામાં લય કરો અને સાધનાની આ દશા પર પહોંચ્યા પછી ,પ્રાપંચીક ચેતનાને આત્મતત્વમાં લય થવા દો. જે આત્મતત્વનું આ પ્રાગટ્ય છે, તેમાં લય કરો. પછી તમો નિર્વિકલ્પ સમાધિની અવસ્થા પ્રાપ્ત કરશો - એટલે કે

સંપૂર્ણ ચંચળતા રહીત, સ્થિર સ્વતંત્ર સત્તા સાથે ઐક્ય પામશો. આ છે તમારો સાચો સ્વભાવ. ઉપનિષદમાં આ રહસ્યનાં નિરૂપણ કરવામાં આવેલ છે અને આ સંપૂર્ણ સર્જન નામો અને રૂપોનો પ્રપંચ વિસ્તાર છે એવું પણ આ ઉપનિષદોમાં વર્ણવ્યું છે.

મૃગજળથી ઉંધા દોરવાયા હોઈ, રેતાળરણનો નકામો ભાગ જોવા આપણે અશક્ત છીએ. દોરડામાં સર્પની ભ્રમણા જાતે જ ઊભી કરીને સર્પથી ડરેલા છીએ તેથી મૂળ સત્ય સમજવા આપણે અશક્ત થયા છીએ. જેનો આરંભ જ નથી એવી ભ્રમણા - ભ્રાંતિ જીવને વળગી છે. તે ભ્રાંતિને તોડી નાખવાની જરૂર છે. યુગોથી નિદ્રામાં પોઢી ગએલા જીવને આ ઉપનિષદનો ચૌદમો મંત્ર જગાડે છે અને ધ્યેય પ્રતિ દોરી જાય છે.

આત્મા અનંત છે. તે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધથી પર છે. ઈંદ્રિયોને પદાર્થોનું બંધન છે – બાહ્ય બંધન છે. સમસ્ત ક્રિયાઓ અને જ્ઞાન માટે આત્મા પ્રધાન સાધન છે. તે પ્રત્યેક વસ્તુની પાછળ છૂપું ઈચ્છાબળ છે. વિવિધતા - અસંખ્યતાં અને અનેકતાની ભ્રમણાનો નાશ થવો જરૂરી છે. તે અજ્ઞાનજન્ય છે. સંયોગોથી ઉપસ્થિત થએલ અનેકતા એ છે મૃગજળ. મનુષ્ય દેખાતા જન્મમરણની જંજાળમાંથી પસાર થતો દેખાય છે તેનું મૂળ શું છે ? તમે એક (ઈશ્વર) માંથી જુદા છો એવી ભાવના જ આ મૂળ છે. પછી યમરાજે આ પ્રશ્ન પરથી નચિકેતાની શંકાઓ દૂર કરવા માટે બ્રહ્મનું સ્વરૂપ વર્ણવ્યું.

ધુમાડાથી આચ્છાદિત પ્રકાશની માફક અંગુષ્ઠમાત્ર પુરૂષ નિરંતર ચમક્યા કરે છે. વરસાદને ધોધ જેમ એક શિખર પર પડતા, હજારો ઝરાઓમાં નીચે પછડાઈ પથરાય છે, તે પ્રમાણે જીવ અનેકતા અને ભેદભાવતા અનુભવતો અનેકતામાં જાય છે અને વિનાશ પામે છે, આ ઉપનિષદ ઘોષણા કરે છે કે આત્માથી ઊચું કંઈજ નથી. અરે ! તેના સમાન કંઈ નથી. વૃક્ષનાં મૂળ અદ્રશ્ય છે - ભૂગર્ભ માં છુપાયાં છે. પરંતું બહાર દેખાતાં પુષ્પો પરથી તે મૂળની અસર પ્રત્યક્ષ પ્રગટ દેખાય છે. ખરૂં ને ? તેવું જ આ સંસારવૃક્ષ, યમરાજે કહ્યું કે આ અનુભવ પરથી સંસારનો પોષક અને આધારરૂપ બ્રહ્મ સંસારવૃક્ષનું મૂળ છે.

સંસારવિટપ જાદુગરના આંબાના ઝાડ જેવું છે. એ માત્ર ભ્રમણા છે. જેની બુદ્ધિ નિર્મળ થઈ છે, તે આ સંસાર આયનામાં આત્માને જોઇ શકે છે. આવું આત્મદર્શન તે આ જન્મમાં જ કરી શકે છે. જ્ઞાન શોધકો માટે બ્રહ્મ - જ્ઞેય છે - ઉપાસના છે. ધ્યેય સાધકનું ધ્યેય છે. આ બ્રહ્મદશર્ન થતાં જ્ઞાની મુક્ત થાય છે. પરંતુ ઉપાસક મૃત્યુ પછી બ્રહ્મલોક પ્રાપ્ત કરે છે. ત્યાં તે હિરણ્યગર્ભમાં વિલીન થાય છે અને કલ્પાંતે હિરણ્યગર્ભની સાથે જ તે મુક્તિ પામે છે.

યમરાજે શીખવેલી આ બ્રહ્મવિદ્યા, કોઈપણ જાતના દોષરહિત નચિકેતા સમજી ગયો. તે મૃત્યુમાંથી મુક્ત થયો અને બ્રહ્મની પ્રાપ્તિ થઈ. બ્રહ્મવિદ્યા જાણવા પ્રયાસ કરે છે તે પણ વધારે સારા વ્યક્તિત્વવાળો બને છે અને પાપના મેલમાંથી છૂટે છે.

આ ઉપનિષદે મહત્વના વિષયોને અનેક રીતે સમજાવ્યા છે. પ્રણવ સ્વરૂપ શ્રેયસ અને બ્રહ્મવિદ્યા ત્રણે મહત્વના વિષયો છે. આ ઉપદેશનું સારતત્વ તમને કહેવાનો મારો નિશ્ચય છે. જેની બુદ્ધિ તીવ્ર અને તીક્ષ્ણ બની છે, જેને મુક્તિની સંપૂર્ણ આકાંક્ષા છે તેને તો અલબત્ત બચવા માટે એક મંત્ર પુરતો છે. ઈંદ્રિયાધીન મંદ બુદ્ધિવાળા વિષયસુખની શોધમાં ડૂબેલી વ્યક્તિને, ગમે તેટલી વિપૂલ શિખામણ આપે પણ તે વ્યર્થ છે.

આત્મા તો સમુદ્ર સમાન છે. તે સંબંધી જ્ઞાન આપવા માટે, જીજ્ઞાસુએ સંપૂર્ણ સમુદ્ર પી જવો જોઈએ એવું કહેવાની જરૂર નથી. તેની જીભ ઉપર કેવળ એક જ બિંદુ મૂકવાથી આવશ્યક જ્ઞાન મળી જાય છે. તેવી જ રીતે જો આ ઉપનિષદ જાણવા તમો ચાહતા હો તો પ્રત્યેક મંત્રની પાછળ પડવાની જરૂર નથી. એક જ મંત્રનો અનુભવ અને તેનું રહસ્ય સમજો, તમો ધ્યેય પ્રાપ્ત કરી શકશો એ નિર્વિવાદ વાત છે. શીખો અને આચરો.આચરણમાં ઉતારવા માટે શીખો ઉપદેશોનું આ છે છૂપું રહસ્ય.

# ૪
# મુંડક ઉપનિષદ

આ ઉપનિષદ પ્રાર્થનાથી આરંભાય છે – કે નયનો મંગલમય વસ્તુઓનાં દર્શન કરે, શ્રવણ - મંગલમય વાતો સાંભળે અને જિંદગી ભગવત્ ચિંતનમાં વીતે. આ ઉપનિષદનો ઉપદેશ છે બ્રહ્મવિદ્યા, કારણ તે પ્રથમ હિરણ્યગર્ભનો સંદેશો આપે છે અગર તો તેનો સંદેશો બ્રહ્મનાં ગૌરવ જ્ઞાન ગાય છે. આ ઉપનિષદમાં એવું રહસ્ય બતાવ્યું છે કે મુંડેલાં માથાંઓવાળા અને જેના મુંડીત માથાં પર અગ્નિ રાખવાની વિધિમાંથી પસાર થયા હોય તેવા માટે રહસ્ય છે. તેથી તેને મુંડક ઉપનિષદ કહે છે. તદુપરાંત આ ઉપનિષદને સર્વ ઉપનિષદોની કલગી માનવામાં આવે છે, કારણ કે તેમાં બ્રહ્મના સારતત્વનું નિરૂપણ કરેલું છે. તેને ચોથા અથર્વવેદ સાથે સંબંધિત કરેલું છે.

અનુભવથી સિદ્ધ થએલું અને વૈભવ પામેલું આ જ્ઞાન ગુરૂ પાસેથી તેના શિષ્યને મૌખિક રીતે અપાએલું પરંપરાગત જ્ઞાન છે તેને પરા-વિદ્યા પણ કહે છે. જ્યારે ઉપાધિ રહિત નિર્ગુણ આદિ હેતુનાં નિરૂપણ કરવામાં આવે છે ત્યારે તેને પરાવિદ્યા કહેવાય છે અને જ્યારે સંપૂર્ણ સગુણ-સાકાર બનેલા આદિભૂતનાં વર્ણન આવે છે ત્યારે તેને અપરા વિદ્યા-અપરાવિદ્યા અંતરસ્થ સ્વરૂપનું જ્ઞાન તે કલ્પનાતીત સ્વરૂપનું  જ્ઞાન નથી. આ ઉભય વિષયો આ ઉપનિષદમાં સમાયા છે. આ વિષયો અંગીરસને શૌનકે શિખવ્યા છે એવું આ ગ્રંથમાં કહેવાયું છે. વેદો અને વેદાંગો અપરવિદ્યાનાં વર્ણનો કરે છે. ઉપનિષદો વિશેષ કરીને પરાવિદ્યાનાં આલેખનો કરે છે. પરંતુ રસપ્રદ વાત તો એ છે કે અપરા વિદ્યા પરાવિદ્યા તરફ જ દોરે છે. આ પરાવિદ્યા એજ છે બ્રહ્મજ્ઞાન અંતિમ ધ્યેય.

કરોળીઓ પોતાની અંદથી જ અપૂર્વ જાળનું સર્જન કરે છે. તેવીજ રીતે આ ગતિમાન અને પરિવર્તનશીલ વિશ્વ પણ મૂળ બ્રહ્મમાંથી જ પ્રગટ થયું છે. આ જગત - સંસાર સર્જનહાર અને સર્જનનું મિશ્રિત સ્વરૂપ છે. આ સનાતન સત્યનું જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી જગત સંસાર સાચો છે. અસ્તિત્વમાં છે, ઉપયોગી છે. પવિત્ર અને પાવન સત્કર્મોથી વધુમાં વધુ માનવ સ્વર્ગ પ્રાપ્ત કરી શકે છે. જે સ્વર્ગમાં આયુષ્ય વધારે લાંબુ મળે છે. છતાં અંતે પણ તેનો અંત છેડો છેજ, તેથી સાધકને સ્વર્ગ  માટેની કોઈ આકાંક્ષા હોતી નથી. તે દયાભાવથી ભરેલા વયોવૃદ્ધ ગુરુને શરણે જાય છે. જે બ્રહ્મ સાક્ષાત્કાર કરવાની વિધિનો તેને ઉપદેશ આપે છે.

સર્વ જીવાત્મા બ્રહ્મ સ્વરૂપ છે અને બીજુ કંઈ જ નથી. તે બધા બ્રહ્મમાંથી પ્રગટ થયા છે. જેવી રીતે અગ્નિમાંથી તણખા પ્રગટે છે, દેહમાં વાળ પ્રગટ થાય છે, છતાં તણખા અગ્નિથી અલગ

છે, વાળ દેહથી જુદા છે. તેવી જ રીતે જીવાત્માઓ બ્રહ્મમાંથી પ્રગટ થાય છે. સૂર્ય, ચંદ્ર, તારાઓ, નક્ષત્રો ગ્રહોનાં જગ્યામાં ભ્રમણ બ્રહ્મ દ્વારા થાય છે. જીવાત્માનાં તમામ કર્મોનાં ફળો બ્રહ્મ આપે છે. માનવ શરીર રૂપી વૃક્ષ ઉપર જીવ અને ઈશ્વર, વ્યક્તિ અને વિશ્વાત્મા આ બે પક્ષીઓ બેઠાં છે. જીવનાં કર્મો ચાલે છે અને તે કર્મોનાં ફળો તે ભોગવે છે અને ઈશ્વર આ બીજા પક્ષીના સાક્ષિરૂપે શાંતિથી બેસે છે. જ્યારે જીવ ઈશ્વરને જુએ છે અને તેને ભાન થાય છે કે તે પોતે માત્ર પ્રતિબિંબ છે ત્યારે તેનાં શોક દુઃખ શમી જાય છે. જ્યારે મન ઈશ્વરને ઓળખવાની આકાંક્ષામાં ખેંચાય છે, ત્યારે હલકા પ્રકારની ઈચ્છાઓ - વાસનાઓ ઓછી થઈને અદ્રશ્ય થાય છે. પછી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ ઉપનિષદનો છેલ્લો મંત્ર બતાવે છે કે તેનું ધ્યેય મનુષ્યને તે આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવવાનું છે, મુંડ એટલે માથું. આ ઉપનિષદ સર્વ ઉપનિષદોમાં માથાંરૂપ છે એમ કહી શકાય. બ્રહ્મસૂત્રોમાં પણ આ ઉપનિષદના આ મંત્રોનાં આંતરિક રહસ્યોના વિવરણ કરતાં બે પ્રકરણો આપેલાં છે.

આ ઉપનિષદમાં ત્રણ વિભાગો છે. પ્રત્યેક વિભાગમાં બે પ્રકરણો આવેલાં છે. પહેલા વિભાગમાં અપરાવિદ્યા છે. બીજા વિભાગમાં પરા વિદ્યા અને તેના પર સ્વામિત્વ પામવાનાં સાધનો વર્ણવ્યાં છે અને ત્રીજા વિભાગમાં સત્યનું સ્વરૂપ અને બંધનમાંથી મુક્તિની વ્યાખ્યાઓ વર્ણવી છે. જે કર્મો બ્રહ્મ પ્રાપ્તિમાં સહાયક છે તેનું વિવરણ મંત્રોમાં બતાવ્યું છે. તેથી આ ઉપનિષદને બહુ જ પવિત્ર ગણી આદર આપવામાં આવે છે.

પહેલાં કહી ગયા તે પ્રમાણે કરોળીઓ પોતાનામાંથી જ જાળ સર્જે છે. તેમાં બાહ્ય સાધનની તેને કોઈ જરૂર પડતી નથી અને પોતાની બનાવેલી આ જાળને પોતાનામાં જ ફરીથી લઈ સમાવે છે તેવીજ રીતે આ વિશ્વસર્જન કોઈ પણ બાહ્ય સાધન વગર જ ઉદ્દભવે છે અને વિશ્વ પ્રગટ થાય છે. જેવી રીતે સોનામાંથી અલંકારો, રૂમાંથી વસ્ત્રો અને માટીમાંથી વસાણો બને છે તેવી જ રીતે મૂળ બ્રહ્મનું પરિવર્તન એનું જ નામ છે પ્રકૃતિ. તેથી પ્રકૃતિનું ઉપાદાન કારણ બ્રહ્મ કહેવાય. તે જ નિમિત્ત કારણ પણ છે, કારણ કે સર્વોત્કૃષ્ટ જ્ઞાનનું પરિણામ આ વિશ્વ છે. આવું જ્ઞાન એનું જ નામ સર્વજ્ઞ. કર્મ દ્વારા સર્વોચ્ચ વસ્તુની પ્રાપ્તી સ્વર્ગ પ્રાપ્તિ છે. આવા કર્મો અથવા યજ્ઞ વિધિ માટે અગ્નિહોમ અર્થાત્ અગ્નિનાં આરાધન સર્વથી મુખ્ય મનાય છે. આવાં કર્મોથી મનશુદ્ધિ થાય છે અને પરાવિદ્યા માટે મનશુદ્ધિ પ્રારંભિક ભૂમિકા છે . યજ્ઞવેદીમાંથી ઊંચે વધતી જ્વાળાઓ યજ્ઞ કરનારને સત્ય અગર બ્રહ્મ સાક્ષાત્કાર પ્રત્યે તેને ઉર્ધ્વ ગતિમાન કરતી હોય, તેવું દેખાય છે. યજ્ઞ મંત્રોના રહસ્યોની પૂર્ણ સમજણથી જે કોઈ કરે છે તે તેજસ્વી સૂર્યમંડળ સુધી પોતાની આહૂતીઓ દ્વારા પહોંચી શકે છે અને આ આહૂતીઓ તેને દેવોના દેવ ઈન્દ્રદેવના ઇંદ્રલોકમાં લઈ જાય છે.

વેદોમાં બે પ્રકારના કર્મો ફરજિયાત બતાવ્યાં છે. એક ઈષ્ટ અને બીજું પૂર્વ અગ્નિહોત્રનાં આરાધન, સત્યાવલંબન, તપસ્યા, વેદાધ્યયન પોતાના ઘરમાં અતિથિસત્કાર - આ બધાં છે ઈષ્ટકર્મો. મંદિર બંધાવવા, ધર્મ શાળાઓ બંધાવવી, વિશ્રામાલય, સરોવરો, તળાવો બનાવવાં, છાંયડા માટે વૃક્ષારોપણો કરવાં - આ બધાં કર્મો છે પૂર્ત કર્મો. આ કર્મોના પરિણામો લાભકારક છે. પરંતુ આ બધી કારણ– કાર્ય ની જે સાંકળો છે તે નાશવંત છે. તે પાયેથી જ દોષયુકત છે.

સંપૂર્ણ સર્જન નામ અને રૂપના બંધનમાં બંધાયેલું છે માટેજ તે ખોટું છે - મિથ્યા છે. તેનું વર્ણન શબ્દો દ્વારા થઈ શકે છે. મન અને બુદ્ધિ ત્યાં પહોંચી શકે છે માટે તે સિમિત છે. પરમપુરૂષ પુરૂષોત્તમ એકજ શાશ્વત છે – સત્ય છે અને શુદ્ધ છે. ક્રિયાને પ્રેરક પણ તે જ છે, તેના પરિણામોનો નિર્વાહક પણ તે જ છે. પરંતુ તે દર્શનાતીત છે- બુદ્ધિથી પર છે.

પૈડાંની મધ્ય નાળમાંથી વિસ્તાર પામતા પૈડાંના દાંતા જેમ દરેક દિશામાંથી મધ્યમાં મળે છે તેવી રીતે સંપૂર્ણ સર્જન બ્રહ્મમાંથી વિસ્તાર થઈ પ્રસરેલું છે. મધ્યમાં આવેલા આ પૈડાંના નાળને પામવા અને બધા દાંતાઓ એ મધ્યબિંદુમાંથી પ્રસરેલા છે એવું જાણવાનું સાધન છે મન. મનરૂપી તીરથી બ્રહ્મ લક્ષ્ય પહોંચવાનું છે. તમારું મન આ બ્રહ્મ લક્ષ્યમાં ચોંટાડો. ઉપનિષદના જ્ઞાનરૂપી બાણમાંની મદદથી, મન તીરને સ્વામી બ્રહ્મ તરફ તાકીને છોડો. એનો અર્થ પ્રણવ **"ૐ"** એ છે તીર અને બ્રહ્મ છે લક્ષ્ય.

બ્રહ્મનું પ્રતિબિંબ અતઃકરણમાં પડવાથી જીવ પ્રકાશીત થાય છે. ભૌતિક જગતનો સંબંધ મનને મલીન કરે છે, મનુષ્યે આ સંબંધ તરફથી અંતઃકરણને અલગ કરી ફેરવવાની જ જરૂર છે. અંદરના અંત:કરણને એકલક્ષી બનાવી ૐ નાં ચિંતનમાં જોડવાનો અભ્યાસ કરો. ભલે આપણી અંદર જ છે, આપણી સાથે જ છે. આપણને ક્રિયાશીલ કરે છે છતાં આત્માને કોઈ અસર થતી નથી એવું ચિંતન કરો. હૈયામાં તે સંબંધી ચિંતન કરો. જેમાંથી અસંખ્ય નાડીઓ અને સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ સર્વ દિશામાં પ્રસરે છે. આ પ્રક્રિયાનું અનુસરણ કરતાં જ્ઞાન પ્રાપ્તિ થાય છે.

ઈશ્વરમાં ઐશ્વર્ય પ્રગટ કરવાનું સાધન છે વિશ્વ. મનુષ્યના હૃદયની અંદરનું અંતરિક્ષ પણ ઈશ્વરના ગૌરવ તેવી જ રીતે પ્રગટ કરે છે. એ આપણા શ્વાસનો શ્વાસ છે. તેને કોઈ વિશિષ્ટ સ્વરૂપ નથી. તેથી તે શબ્દો દ્વારા વર્ણન કરી શકાય તેમ નથી. તેમજ અન્ય ઈંદ્રિયો દ્વારા પણ તેના રહસ્યનાં ઊંડાણમાં ઉતરી શકાતું નથી. તે તપસ્યાથી પર છે. વેદનાં વિધિયુક્ત વિધાનોનાં બંધનથી પર છે. જે બુદ્ધિ - અર્થાત્ ચિત્તમાંથી અહંતા અને મમતા નાશ પામેલાં હોય, જેમાંથી આસક્તિ અને તિરસ્કારવૃત્તિનો લવલેષ અવશેષ ન રહ્યો હોય એવી નિર્મળ બુદ્ધિની ચિત્તવૃત્તિથી તેને જાણી શકાય છે.

કેવળ જ્ઞાન દ્વારાજ આત્મ સાક્ષાત્કાર થાય છે. ધ્યાનથી મનોબળની શક્તિઓ કેન્દ્રિત થાય છે અને તે પ્રકારની કેન્દ્રિત દશા દ્વારા જ્ઞાન મળે છે. આવું જ્ઞાન આ દેહમાં રહીને પ્રાપ્ત થઈ શકે છે. આ શરીરમાં મુખ્ય પંચપ્રાણો દ્વારા બ્રહ્મ સ્વયં ચાંચલ્ય પ્રગટાવે છે અને આજ શરીરમાં, આંતરિક ચૈતન્ય જ્યારે આવશ્યક નિર્મળતા પ્રાપ્ત કરે છે ત્યારે તત્કાલ તેનો સાક્ષાત્કાર કરાવવા તે કૃપા કરે છે. કારણ કે દૂધમાં જેમ માખણ છુપું છે, અગ્નિ કાષ્ટમાં રહેલું છે તેવી જ રીતે આત્મા પણ આંતરીક તેમજ બાહ્ય ઇન્દ્રિયોમાંના ચૈતન્યમાં વ્યાપ્ત છે. વિષયોના ભેજવાળી ઈચ્છાઓ અને નિરાશાઓથી તરબોળ બનેલ ચૈતન્ય, ભીના પલળેલાં લાકડાં જેવું છે. આ ખરાબામાં અતી ઉગેલા અને વધેલા કચરાથી હૈયાનું જળાશય સ્વછ થાય છે, ત્યારે આત્મા તેના પુરાણા વૈભવથી ઝગમગી ઉઠે છે. જેને આ આત્મજ્ઞાન થાય છે તે આદરણીય છે. કારણ તે મુક્ત થયા છે અને જે જાણવા અને થવા માટે તે તલસતો હતો તે સ્વયં બ્રહ્મરૂપ તે બન્યો છે.

# ૫

# માંડુક્ય ઉપનિષદ

આ ઉપનિષદ વેદાન્તનું તત્વસાર રૂપ છે. સર્વ ઉપનિષદોમાં આ સર્વથી પ્રગાઢ, ગહન, ગંભીર છે અને માનવોને મુક્તિમાર્ગે દોરી જવામાં ખાસ બતાવાયેલું, સ્વયંપ્રકાશીત્, વિખ્યાત થએલું આ ઉપનિષદ સર્વશ્રેષ્ઠ પણ છે. તે બહુ જ સંક્ષિપ્ત છે. માત્ર બાર જ મંત્રો તેમાં સમાયા છે. તેના ચાર વિભાગો કરવામાં આવ્યા છે. આગમ, વૈતત્ય, અધ્વૈત , અલતસંતિ. આત્મ સાક્ષાત્કારની ચાવી સ્વરૂપ પ્રણવ સિદ્ધાન્તનું રહસ્યનું જેમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે તેને આગમ પ્રકરણ કહેલ છે. બીજા પ્રકરણમાં ધ્વૈત સિદ્ધાન્ત - જે મુક્તિમાર્ગમાં મહાન અવરોધ છે તેનું વિવેચન તથા ખંડન છે અને ત્રીજા પ્રકરણમાં અધ્વૈત - ઐક્યનાં પ્રતિપાદન કર્યાં છે અને છેલ્લા પ્રકરણમાં પરસ્પર વિરોધક એવા, વેદમાં પ્રતિપાદીત ન થયા હોય એવા સિદ્ધાન્તો વર્ણવ્યા છે. જેની ઉપેક્ષા પણ કરી નિરાદર કર્યો છે.

ૐ ની પહોંચની હદબહાર કોઈ અવાજ નથી. આ બધા અવાજો ૐ છે કારણ તેનાજ તે બધા વિનિમયો છે - સર્જનો છે. બ્રહ્મ પોતે પણ ૐ છે. ૐ થી જ અને ૐ સાથે જ તે ઓળખાવાય છે. જે બ્રહ્મ અદ્રશ્ય છે તે આત્મારૂપે દ્રશ્ય છે. વિશ્વ તૈજસ અને પ્રજ્ઞના વિભાગો આત્મા ઉપર રાખેલા માત્ર દેખાવો છે. એટલે કે મનુષ્યના અસ્તિત્વની જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થા ને સુષુપ્તી અવસ્થાઓ દરમિયાન દરમિયાન, આત્મા એકરૂપ અસર રહિત રહે છે. આ આત્મા અને જે "હું" તરીકે સંબોધાય છે એ આત્મા બંને એકજ છે. જેવી રીતે એક નદીના બે કિનારા વચ્ચે વહેતાં નદીનાં પાણી સીમિત હોય છે અને તે કિનારાઓથી દોરવાયાં હોય છે, છતાં તે નદીમાં તરતી માછલી તેના કિનારાઓની પરવા કર્યા વગર જેમ તરે છે, તેવી રીતે "હું" અથવા આત્મા તરે છે સુષુપ્તિમાં તમામ વાસનાઓ અને આવેશો સ્થગિત થયા હોય છે. જો કે તેઓ ચાલુ હોય છે છતાં તે વ્યક્ત અને મજબુત હોતી નથી. સ્વપ્નમાં મનુષ્ય તેની વાસનાના આવેશોને અનુસરે છે અને એ પ્રક્રિયામાં તે સંતોષ પ્રાપ્ત કરે છે. વિષયોના જગતનાં અસંખ્ય ખેંચતાણો અને આકર્ષણો, જે મનુષ્યને તેની આસપાસના પદાર્થો પ્રત્યે ખેંચી રહે છે, તે બધાં ખેંચતાણો અને આકર્ષણો મનુષ્યની જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓમાં જન્મેલાં જ હોય છે. મનુષ્યનું મન આવેશોના ઉશ્કેરાટોથી સંપૂર્ણ ભરાયેલું હોય છે. આ મનમાં વાસનાઓનો ઉદય થાય છે - વૃદ્ધિ થાય છે અને તેનાં મૂળીયાં ઊંડાં જામી જાય છે, આ પ્રકારે ઉશ્કેરાયેલું મનજ સૃષ્ટિનું સર્જન કરે છે. સૃષ્ટિની પાછળ પાયારૂપે આવું મન છે.

આ ત્રણ અવસ્થાઓ ઉપરાંત એક ચોથી અવસ્થા પણ છે તેનું નામ છે તૂરિય. આ અવસ્થા શબ્દોથી વર્ણન થાય તેવી નથી. તેની કલ્પના પણ થઈ શકે નહિ તેવી છે. કારણ તે બુદ્ધિ અને મન બંનેથી પર છે. એનો અનુભવ પણ થોથવાતાં થોથવાતાં "સત્યમ્ શીવં અદ્વૈતમ" રૂપે વર્ણન કરવામાં આવે છે. એ છે શાંતિ, એ છે કૃપા, એ છે ઐક્ય, માનસિક ઉભરાઓ શમી જાય છે તેથી ત્યાં મન હોતું જ નથી. આજે મનોવિજય - અમાનશક અવસ્થા, મનરહિત દશા કેવો ભવ્ય વિજય ? સુષુપ્તિમાં મન ગુપ્ત છે, સ્વપ્નાવસ્થામાં આવેશોથી અશાંત મન છે. જાગ્રત અવસ્થામાં મન ક્રિયાવાન અને ઈચ્છાવાન હોય છે. આ ત્રણે અવસ્થાઓમાં સત્યનું જ્ઞાન થતું નથી. આ પાર્થિવ જગત તો આવેશોયુક્ત મનની ભ્રમણા છે. જેવી રીતે અસ્તિત્વમાં નથી એવા સર્પની ભ્રાંન્તિ દોરડામાં થાય છે, તેવી જ આ મનની ભ્રમણા છે. વિશ્વનો જન્મ થતો નથી. તેમજ તેનું અવસાન થતું નથી. જ્યાં સુધી તમે અજ્ઞાન છો ત્યાં સુધી વિશ્વ જન્મેલું છે. જેવું તમને જ્ઞાન થાય છે વિશ્વ અવસાન પામે છે.

ૐ કારના અ - ઉ – મ, જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થાઓનાં વિશ્વ, તેજસ અને પ્રજ્ઞ સ્વરૂપો છે અને સાધનામાં તે પ્રત્યેકનો એક એક વિશિષ્ટ ઉપયોગ - પાત્રતા છે. “અ” દ્વારા જે ઉપાસના પર ભાર મૂકાય છે, તેનાથી તમામ ઈચ્છાઓ પ્રાપ્ત થાય છે. જો ‘ઉ' ઉપર તન્મયતાથી કેન્દ્રિત થવાય તો જ્ઞાન વધે છે  અને ઉપાસનામાં જો 'મ' ઉપર વિશેષ રીતે ભાર દેવાય છે, તો સર્વોત્તમ પરમાત્મામાં આત્માનો અંતિમ લય થાય છે. પ્રણવના ઉપાસકો વિશ્વનું સત્ય અને સર્જનનું સત્ય જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. તેથી પ્રણવના ઉપાસકો સર્વત્ર આદર પાત્ર થાય છે.

આ અ - ઉ અને મ પ્રણવમાં એકમાંથી બીજી તરફ વધે છે અને અંતે અમંત્રમાં વિલીન થાય છે. જે અક્ષર વિહોણો ધ્વનિ ધીમો ધીમો થતાં શાંત થાય છે. આ છે શાંતમ્ - શીવમ્ અદ્વૈતમનું પ્રતિક, એટલે કે વ્યક્તિગત બનેલા આત્માનું, નામ અને રૂપના સીમિત સ્વરૂપોને છોડીને વિશ્વાત્મામાં વિલીન થવું આટલું જ બસ છે. આ ઉપનિષદની ૨૪ થી ૨૯ કારીકાઓ, પ્રણવને સર્જનના કારણરૂપે પ્રશંસે છે. તમામ શોકના નાશક તરીકે તેની પ્રશંસા કરવામાં આવી છે. શા માટે ? ૐ ના જાપક, તેની આ લાક્ષણિકતાના ભાન સાથે જાપ કરે છે તે આ અસત્ય દ્રશ્યની પાછળ રહેલા સત્યના જ્ઞાન તરફ ધીમે ધીમે દ્રઢતાપૂર્વક આગળ વધે છે. પરમતત્વ સ્વયં પ્રતિ વધતા રહે છે.

પહેલા વિભાગમાં આત્માની અદ્વૈતતાની અપૂર્વતા, સામાન્ય રીતે સ્થાપવામાં આવી છે. બીજા વિભાગમાં, ઇશ્વર અને જગત બે વસ્તુઓના અસ્તિત્વનું ખાલીપણું અને ક્ષણભંગુરતા બતાવ્યા છે. અદ્વૈત તરીકે વિશિષ્ટ નામવાળા વિભાગમાં, દલિલો અને પ્રતિજ્ઞાપૂર્વકના એકરારો દ્વારા અદ્વૈત સિદ્ધાન્ત સ્થાપેલો છે. આરંભમાં જગત ગુપ્ત અને અદ્રશ્ય હતું. સ્વયં બ્રહ્મ પણ

પરિણામ છે. તેથી પરિણામના ચિંતન કરવાથી, સમસ્ત વસ્તુના આદિકારણ પાસે જઈ શકાશે નહિ. આ ઉપનિષદમાં બતાવેલા બ્રહ્મ પરિણામ નથી, તે છે મૂળભૂત કારણ, તે છે અજન્મા અસીમ અખંડ બ્રહ્મ.

આત્મા આકાશવત્ સૂક્ષ્મવાયુવત્ સર્વત્ર વ્યાપેલો છે તે અમુક સીમામાં બંધાયેલો દેખાય છે. ઘડામાં કે ઓરડામાં હોવાથી તેને ઘટાકાશ વગેરે વ્યક્તિગત સ્વરૂપ થાય છે. પરંતુ આવી સીમાઓમાં સત્યતા હોતી નથી. આ શરીર પણ એક ઘડા જેવું જ છે, જે તેમાં રહેલા આકાશને તમામ દેખીતી રીતે તેની અંદર સીમિત કરે છે ઘટાકાશ અને પટાકાશમાં મૂળભૂત કોઈ તફાવત હોતો નથી. સીમિત ધરનાર વસ્તુ હટાવી લો એટલે બંને આકાશ એક બને છે. શરીર નાશ પામે છે ત્યારે જીવ પરમાત્મામાં વિલીન થાય છે. આ પ્રકારનું સીમિત બંધન આત્માને અમુક ઓળખાણનું રૂપ આપે છે. ખરેખર તે સ્વયં પરમાત્મા છે. જીવ પરમાત્માનો અવ્યય કે વિકાર કદી પણ કહી શકાય નહિ.

જીવનાં જન્મ અને મરણ સ્થળમાં ભટકવું, એક લોકમાંથી બીજા લોકમાં જવું, આ બધું ખોટું છે - મિથ્યા છે. આ દેખાવ પૂરતું છે, સત્ય નથી. ઊંડા ઉતરશો તો સમજાશે કે દ્વૈત એ અદ્વૈતનો વિરોધ હોય છે. વિવિધ દ્વૈતના ધર્મો અને વિચાર શ્રેણીઓ વચ્ચે જ વિરોધ હોય છે. અદ્વૈતવાદી માટે સર્વ કાંઈ બ્રહ્મ છે તેથી તેનો સામનો કરનાર બીજો કોઈ રહેતો જ નથી. પરંતુ દ્વૈતવાદી માટે આસક્તિ, અભિમાન અને તિરસ્કારનું વાતાવરણ હંમેશાં રહે છે જ કારણ જ્યાં દ્વૈત છે ત્યાં ભય, આસક્તિ અને તેનાં પરિણામરૂપી વાસના અને વિકારો હોયજ. અદ્વૈત એ સર્વોત્તમ સત્ય છે. દ્વૈત એ તો મનનું અમુક વલણ છે. તેથી જ્યાં સુધી મન ક્રિયાશીલ છે ત્યાં સુધી દ્વૈતભાવ તેમને અસર કરે છે. નિદ્રામાં કે સમાધિમાં બે વસ્તુનું જ્ઞાન રહેતું નથી. જ્યાં અવિદ્યા પથરાયેલી છે ત્યાં ભેદભાવ અપાર હોય છે. જ્યારે વિદ્યાની સંસ્થાપના થાય છે, ત્યારે ઐક્યનો અનુભવ થાય છે. તેથી દ્વૈત અને અદ્વૈત વચ્ચે કોઈ ઝગડો જ નથી. ભ્રાંતિ અને ભ્રમણા માટે કેવળ દોરડું જ અહીં કારણરૂપ છે. તેવી રીતે વિશ્વ અગર જગતના નામથી જણાતા આ દુનિયાની ભ્રાંતિ અને ભ્રમણાનું કારણ બ્રહ્મ છે.

પરમાત્મા જગતરૂપે જન્મ્યા છે એવું બોલવું ખોટું છે, કારણ કે આવશ્યક તત્વ સ્વભાવ શી રીતે બદલી શકાય ? અસંખ્યત્વ, એ પરમાત્મા તત્વનું લક્ષણ નથી. ઘણા પ્રસંગોમાં શ્રુતી ભગવતી આવું પોકારીને કહે છે એટલું જ નહિ પણ જેઓ તેને અનેકરૂપે જુએ છે તેવાઓની અવહેલના કરે છે. મનની સર્વ દશાઓ, સ્વયં મનના લયને જોનારો સાક્ષી કદી પણ જાણી શકાતો નથી. મન પણ તે જાણી શક્તું નથી. તે સાક્ષી એકલો જ શાશ્વત છે. સમય અને સ્થાનની તેને કોઈ અસર થતી નથી. આ છે આત્મચૈતન્ય - સત્ય — બાકી બધું મિથ્યા છે.

અનાસક્તિ અને વિવેક દ્રષ્ટિથી વિષયોની દુનિયાથી તમારું મન ફેરવી લો, ત્યારે તમે અમનોભવનો અનુભવ પામશો. તે ઉપરાંત તમારે બીજી વસ્તુ પણ યાદ રાખવાની છે. વિષયની દુનિયાના સ્વરૂપ સ્પષ્ટપણે સમજ્યા સિવાય, મન પર સંયમ કરવાનો પ્રયત્ન વ્યર્થ અને કિંમત વગરનો પ્રયાસ છે. તેવું કરવાથી આસક્તિનો અંત આવશે નહિ અને આવશે તો સહેલાઈથી અટકશે નહિ.

પહેલી તક મળતાં જ તે અંકુરિત થશે. સુષુપ્તિ અવસ્થામાં મનની અચેતન દશા છે તેની વૃદ્ધિ કરવી જરૂરી છે, જે કરવાથી કાયમી અસર થઈ જશે. વિષયના તમામ અનુભવો મિથ્યા છે એવું સારી રીતે અને ખરી રીતે દ્રઢતાથી મંતવ્ય થઈ જશે. પછી મન અવરોધક સાધનરૂપે કામ કરશે નહિ. તે શક્તિ વગરનું પાંગળું અંગ બનીને પડી રહેશે. મનુષ્ય ગમે તેટલો ભૂખ્યો થયો હશે છતાં તે વિષ્ટા કે મળ મેળવવા કદી તલસે ખરો ?

આત્મા સાક્ષાત્કારનું પરમ ધ્યેય છે. તેને નથી નિંદ્રા, નથી જન્મ નથી નામ કે નથી રૂપ. તે નિત્ય સ્વયં પ્રકાશ છે એવું જાણવું, એટલે મનના તમામ આવેગો અને વિકારોથી પર થવું. વિવેકની સહાય વિના વિષયની વસ્તુઓને મિથ્યા જણાવવા મથવું, તે તો ઘાસના એક તણખલાથી સમુદ્ર ઉલેચવા જેવું મુર્ખ અને નિષ્ફળ કૃત્ય છે. તમારી માન્યતા દ્રઢ બને કે જગત મિથ્યા છે, પછી જ પ્રશાંતિ અને અભય પ્રાપ્ત થાય છે.

પ્રત્યેક જન્મ કે સર્જન પાછળ સહેતુક બળ શક્તિનો કોઈક હેતુ હોય છે. તે હેતુ સત્ હોય, અસત્ હોય અગર સત્-અસત હોય ખરૂ ને ? વસ્તુતઃ પરિવર્તન થાય છે તે ચોક્કસ છે, કારણ પરિવર્તન પામે છે. વિકાર પામે છે અને કાર્યમાં પરિણમે છે. પરંતુ સત્ તે વિકાર હોતો નથી તેથી સત્ માંથી કોઈ જન્મ શક્ય હોતો નથી. અસત્ય ખાલી પોલાણ છે તેથી તેમાંથી પણ કંઇ પ્રગટ થતું નથી. સત્ અને અસત્ સાથે હોવાની કલ્પના થઈ શક્તી નથી. તેથી તર્કશાસ્ત્રાનુસાર કંઈપણ જન્મતું નથી કે નિર્માણ થતું નથી. તેથી કારણ કાર્ય બની શકે નહિ.

જ્યારે તમે અગ્નિને યાદ કરો છો ત્યારે તમને તેની ગરમીનો અનુભવ થતો નથી એ તો માત્ર જ્યારે અગ્નિને તમે તમારા હાથમાં પકડો ત્યારે તેની ગરમીનો અનુભવ થાય છે. તેવીજ રીતે સર્વ વસ્તુના જ્ઞાન કરતાં તે વસ્તુ જુદી જ છે. જ્ઞાન એ એક વસ્તુ છે. ખરેખરો તેનો અનુભવ એ જુદી જ વસ્તુ છે.

તદ્દપરાંત આદી કારણ શોધ એ તો અનંતની સાહસ છે કારણ કે સર્વની સંપૂર્ણ ગેરહાજરીમાં પણ મનુષ્ય દોરડામાં સર્પને દેખે છે, જે તમારી કલ્પનાની એક માનસિક સૃષ્ટિ છે. સ્વપ્નોમાં કંઇ ઘનીભૂત હોતું નથી છતાં અસંખ્યત્વના અનેક આનંદો અને શોકના અનુભવો થાય છે. મનમાં

યંત્રો અને અનુમાનો માટે કોઈ પાયો કે ખુલાસો જરૂરનો નથી. આ મિથ્યા જગત માટેના બીનજવાબદાર અનુમાનો મનને સતાવ્યા કરવાના જ. તે ક્યાં સુધી ? સત્યની રોશની થઈ નથી ત્યાં સુધી. અવિદ્યા અને અજ્ઞાનમાં ડૂબેલાઓના ભાગ્યમાં આ ભ્રમણાના વળગાડો રહેવાના જ.

સંપૂર્ણ સ્પષ્ટતાથી આ ઉપનિષદમાં કહેવામાં આવ્યું છે કે કાર્ય અર્થાત્ અસત્ નું કારણ સત્ કદી પણ બની શકે જ નહિ. જેવી રીતે જલતી અગરબત્તીમાંથી ધુમાડો નીકળે છે, તેવી જ રીતે બાહ્ય જગત આપણા ચિત્તમાંથી સર્જાય છે. પ્રત્યેક વસ્તુ માત્ર દેખાવ છે. અધ્યાસ છે. આભાસ છે. ખરેખર જે નથી તેવું કંઈ ભૂલમાં ત્યાં હોવાનું અનુભવાય છે. આવા આભાસોના જન્મ અને વૃદ્ધિ વિકાસ માટે અજ્ઞાનનું વાતાવરણ ફળદ્રુપ ક્ષેત્ર સમાન છે. આ સંસાર જેને વિકાસ અને વિલયના લક્ષણો લાગેલાં છે, જન્મ અને વિનાશ વળગેલા દેખાય છે, તે આ ભૂલના ફળ છે.

પરમાત્મા સર્વાત્મસ્વરૂપ છે. ત્યાં કારણ અને કાર્ય ઈચ્છા અને ઇચ્છાપૂર્તિ હેતુ અને સજર્ન જે તેમાં દેખાય છે તેની અસ્તિત્વની કોઈ શક્યતા નથી. જેને આત્મદર્શન થયું છે, તેને સર્વ આત્માજ દેખાય છે. માયાનાં એબવાળા બીજમાંથી માયાના એબવાળું જ વૃક્ષ ઉગે છે. આ બંને વસ્તુ મિથ્યા છે, નાશવંત છે. તેવીજ રીતે જીવનાં જન્મ અને મરણ બંને ખોટાં છે. તે માત્ર શબ્દો છે જેનો કોઇ અર્થ નથી. સ્વપ્નમાં દેખાતી વસ્તુઓ સ્વપ્ન દ્રષ્ટાથી જુદા નથી. ખરૂં ને ? તે સપ્નદ્રષ્ટાથી બહાર હોઈ તેનાથી અલગ લાગે છે. વસ્તુતઃ તે સ્વપ્ન દ્રષ્ટાનો એક ભાગ જ છે, જે સ્વપ્નદ્રષ્ટાના પોતાના ચૈતન્યમાંથી પ્રગટ થયો છે. જે સાક્ષિરૂપ છે તેને નથી આરંભ કે અંત. તે તેની ફરજો અને જવાબદારીથી બંધાયેલો હોતો નથી. સત્ય કે જુઠ સાથે તેને સંબંધ નથી. આટલું જાણવું અને જ્ઞાનમાં દ્રઢ થવું એજ બંધનમાંથી મુક્ત થવા સમાન છે. મનનો થરથરાટ જ વસ્તુઓના સર્જનનું કારણ છે. ચિત્તસ્પંદન ઉત્પતિનું કારણ છે.

આ વસ્તુ પર મનન કરો અને ચૈતન્યની તુરીયાવવસ્થા સુધી પહોંચી જાવ પછી નામ - રૂપ વસ્તુ અને ભાવ બધાં સર્વ વ્યાપક સર્વમાં સમાએલા એક આત્મામાં વિલીન થશે.

આ ઉપનિષદ મનુષ્યને બહુ જ સંક્ષિપ્તમાં આવશ્યક તત્વજ્ઞાનનો બોધ કરાવે છે. તેનાં કર્મ અને તેના સંબંધિત અન્ય વિષયો બદલનો કોઈ ઉલ્લેખ જરાક પણ કરવામાં આવતો નથી. એ કેવળ આત્મતત્વ વિજ્ઞાન સાથે જ સંકળાએલું છે.

૬

# બૃહદારણ્યક ઉપનિષદ

બૃહદારણ્યક ઉપનિષદ શુક્લ યજુર્વેદ સાથે સંબંધિત છે. તેમાં છ અધ્યાયોનાં પ્રકરણ વિભાગો છે; જે પૈકી ત્રીજા અને ચોથા સિવાયના વિભાગો ધર્મ ક્રિયાઓના સંસ્કારશાસ્ત્ર અથવા કર્મ સાથે સંબંધિત ઉપાસનાનું નિરૂપણ કરવામાં આવેલું છે. ત્રીજા અને ચોથા વિભાગમાં આધ્યાત્મિક સત્ય ઉપર યાજ્ઞવલ્ક્યજીએ જનકજીને આપેલો ઉપદેશ વર્ણવ્યો છે. આ ઉપનિષદમાં એ અવસ્થાની બૌધિક પ્રાધાન્યતાની ભવ્યતાવાળા એ મહાત્માનાં બહુ જ અસરકારક દર્શન આપણને થાય છે. મુક્તિના લક્ષ્યને પામવા ચાહતા મુમુક્ષુઓ માટે બૃહદારણ્યક ઉપનિષદનો આ વિભાગ સર્વોત્તમ માર્ગદર્શક બને છે. તેથી આ વિભાગોને યાજ્ઞવલ્ક્ય કાંડ તરીકે ઓળખાવાય છે. વિખ્યાત થએલાં દશ ઉપનિષદો પૈકીનું આ છેલ્લું ઉપનિષદ છે. તેના મોટા કદનાં માપને લઈને તેને બૃહદ્ અર્થાત મોટું એવું નામ આપેલું છે. ઉપરાંત અરણ્યના શાંત સ્થાનમાં તેનું ચિંતન - મનન અભ્યાસ થયાં છે, તેને આરણ્યક નામ પણ આપેલું છે. તે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપે છે માટે તેને ઉપનિષદ તરીકે સ્થાન મળ્યું છે.

આ ઉપનિષદના પહેલા બે વિભાગોને વિદ્વાન પંડિતોએ મધુર કાંડ કહેલા છે. ત્યાર પછીના બે વિભાગોને મુનિકાંડ અને છેલ્લા બે વિભાગોને ખિલકાંડ કહેલા છે. ખિલનો અર્થ છે પુરવણી – પરિશિષ્ટ. આ રીતે ખિલ નામ યોગ્ય રીતે રાખેલું છે. પ્રથમ વિભાગ જેવા છે તેના મૂળ પાયાના સિદ્ધાન્તોનું વિવરણ કરે છે. બીજો વિભાગ અનુભવથી સિધ્ધ થયેલા તેના સત્યની સાબિતી કરે છે અને ત્રીજો વિભાગ ભવથી સિદ્ધ થએલા તેના સત્યની સાબિતી કરે છે અને ત્રીજો વિભાગ તેનું આચરણ કેવી રીતે કરવું અને તેના પર સ્વામીત્વ શી રીતે પામવું તે સંબંધી આલોચના આપે છે. આધ્યાત્મિક વિકાસ માટે આવશ્યક જે જ્ઞાન છે તે પહેલા વિભાગમાં ઉપદેશવામાં આવ્યું છે, કર્મ અને ઉપાસનાના માર્ગમાં તે એકરસ બની જાય છે. તે કેવળ બૌધિકતાનું શુષ્ક તાર્કિક શિસ્ત નથી.

જ્ઞાનપિપાસુઓ માટે, જ્ઞાન પ્રાપ્તિનાં ચાર સાધનો છે. તે છે પદ, બીજ, સાંખ્ય અને રેખા પદ એટલે વેદ અને સ્મૃતિઓ. જેનું વર્ણન કરવામાં તેનો પ્રયાસ છે. બીજમાં સીધા ગુરૂ પાસેથી સંપ્રાપ્ત થએલા સપ્તસ્વર સમા સમસ્ત મંત્રોનો સમાવેશ થાય છે. સાંખ્ય બે પ્રકારનું છે. એક વૈદિક સાંખ્ય બીજું લૌકિક સાંખ્ય. વિવિધ મંત્રોની ગણતરી અને પરિમિત પ્રથક્કરણ એ છે વૈદિક સાંખ્ય. લૌકિક સાંખ્ય એક સંખ્યા અને તેના બાહ્ય જગતના પરસ્પર સંબંધો અને મનુષ્યોની પ્રક્રિયાઓના અંદર અંદરના સંબંધો અંગેનું વર્ણન છે. રેખામાં પણ આવી બે અવસ્થાઓ છે વૈદિક

રેખા અર્થાત્ વેદમાં વર્ણવેલી ઉપસનાની ક્રિયાનો એક ભાગ અને બીજી છે લૌકિકરેખા, આ છે વિશ્વનું ગણિતશાસ્ત્ર.

ધર્મગ્રંથો દ્વારા પ્રમાણિત રૂપે સ્વીકારાયેલું વિવિધ અવસ્થાવાળુ મુખ્ય બ્રહ્મ - બ્રહ્મતત્વનું મધુર કાંડમાં વર્ણન કરવામાં આવ્યું છે. આદિ વ્યકિત પુરૂષમાંથી નામ રૂપ અને અસંખ્યત્વ પ્રગટ થયા છે અથવા તો અશ્વમેઘ યજ્ઞનો ઘોડો પ્રજાપતિ સ્વયં છે એવી આપણે જે કલ્પના કરીએ છીએ – પ્રજાપતિ તે ઘોડામાં તેની તમામ ઉપાધિઓ અને લક્ષણોનું આરોપણ કરે છે, જેથી તે યજ્ઞનાં તમામ ફળો તે પ્રાપ્ત કરે આ વિભાગને અશ્વબ્રહ્મ પણ કહે છે. આ યજ્ઞમાં અગ્નિ એ તો યજ્ઞના કેન્દ્ર સ્વરૂપ છે. તે અગ્નિને પણ પ્રજાપતિ રૂપે પ્રતષ્ઠિત અને પ્રજાપતિ સમાન માનવો રહે છે અને અગ્નિમાં પ્રજાપતિના ગુણોનું સમર્પણ થયાના તેમાં વર્ણનો છે. તેથી આને અગ્નિબ્રહ્મ કહે છે.

ભ્રાંત લોકો આ જગતને સત્ય માને છે. તે જગત, અમરત્વ વિહોણે નામ અને રૂપનો ગડબડ ગોટાળો છે. આવું અમરત્વ કેવળ આત્માને મળેલું છે. પરિણામે જગત પર તિરસ્કાર - અસંતોષ પેદા કરે છે અને વિરક્તિનો ઉદય કરે છે. વિષયોના સુખ આપતી વસ્તુઓ પ્રતિ મન તરતજ આસક્તિના બંધનમાંથી મુક્ત થાય છે અને તે મન તેના સાહજીક વલણ પ્રમાણે બ્રહ્મ તરફ આગળ વધે છે. બધા ધ્વનિઓ નામો છે. વાક્ અર્થાત્ અવાજ તેના પ્રાગટ્યનું કારણ છે. રૂપ એ દર્શન અથવા દેખાવાનું પરિણામ છે. તે નેત્રમાંથી નીકળે છે. તેવી જ રીતે કર્મ પણ શરીરમાંથી જ થાય છે. શરીર છે વાણી અને બીજા સાધનો સાથે એક સંબંધ. આવાં સત્યોનાં ચિંતન, આત્મવિચારના આરંભ અને વિકાસના માર્ગમાં મદદરૂપ થાય છે.

પ્રાણ - મહત્વનો વાયુ — શરીર જે પ્રાણનો પાયો છે. શરીર જે જ્ઞાન પ્રાપ્તિના સાધનો કરવાનું સ્થાન છે, બળ જે અન્નમાંથી મળે છે, આ બધું આ ઉપનિષદમાં વિચારવામાં આવ્યું છે.

એક હજાર પુષ્પોમાંથી જેવી રીતે મીઠાશ ખેંચીને મધમાં એકઠી કરવામાં આવે છે, તેવી રીતે આ જગત તત્વોની ૨૩ સંકલનાની સાંકળ છે. ધર્મ, સત્ય અને આવા નિરાલા સિદ્ધાન્તો, મનુષ્ય અને આવાં સ્થૂલ જીવંત પ્રાણીઓ, વિરાટ પુરૂષ અને આવી કલ્પનાઓ એક બ્રહ્મતત્વનાં પરિણામ રૂપ જ છે. બ્રહ્મતત્વ અવિનાશી અપરિવર્તન તત્વની જ આ બધી અસર છે, આ તત્વ પ્રત્યેક વ્યક્તિમાં રહેલું છે તેનો સાક્ષાત્કાર થાય તે જ બ્રહ્મજ્ઞાન છે.

વિદેહનગરના રાજા જનકજીએ દાનમાં વિશાળ સંપત્તિને વાપરીને એક યજ્ઞ મહોત્સવ કર્યો હતો. આ યોગમાં કુરુપાંચાલના અનેક બ્રાહ્મણોએ ભાગ લીધો હતો.જનક રાજાએ એક હજાર ગાયોને શણગારી, સોનાનાં ઝાંઝર, સોનાની માળા અને સોનેથી શીંગડાં સજાવી શણગાર કર્યા.

તેણે જાહેર કર્યું કે જે કોઈ તેને બ્રહ્મનો ઉપદેશ આપશે, તેને તે ગાયોનાં દાન આપશે; પરંતુ આ બ્રાહ્મણો જો કે પોત પોતાના સાધન માર્ગમાં અને વિદ્યામાં મહાન વિદ્વાનો હતા છતાં જનકજીની જાહેરાતમાં નિષ્ફળતાની બીકથી, આ હજાર ગાયોનાં દાન મેળવવા પાછા પડ્યા. પરંતુ યાજ્ઞવલ્ક્ય એટલા બધા આત્મવિશ્વાસી હતા, કે તેણે તેના શિષ્યોને, આ ગાયો પોતાના આશ્રમમાં લઈ જવા આજ્ઞા આપી. બીજા બ્રાહ્મણો તેની આ ધૃષ્ટતાથી ગુસ્સે થયા અને તેની વિદ્વતા અને અનુભવની કસોટી કરવાનો આરંભ કર્યો.

યાજ્ઞવલ્કયને પડકાર કરનાર પૈકીના પ્રથમ હતા જનકજીના કુલગુરૂ. યાજ્ઞવલ્ક્ય મહર્ષિએ જનકજીના કુલગુરૂના પ્રશ્નોના સચોટ ઉત્તરો આપ્યા અને કર્મયોગ અને ભક્તિયોગના સંમિશ્રણથી પ્રાણોના પીંજરામાં પુરાએલા આત્માની પ્રાપ્તિની પ્રક્રિયા સ્પષ્ટપણે સમજાવી. યજ્ઞમાં ઋત્વિકનો અવાજ એ જ અગ્નિ છે, કાળ વાયુ છે અને યજ્ઞકર્તાનું મન ચંદ્ર છે. યજ્ઞવિધિનો આવો અર્થ ગ્રહણ કરીને યજ્ઞ કરવાની રીત છે અને તેના પરિણામે નશ્વરતાનાં બંધનોમાંથી મનુષ્ય મૂક્ત થાય છે.

મહર્ષિ યાજ્ઞવલ્કયજીને પડકારનાર બીજા હતા બુજ્યું. તેણે પ્રશ્નો કર્યા. વિષયેન્દ્રીયોથી શાસીત એવું પુરૂષ તરીકે ઓળખાતું અને આ ચાલી રહેલા સંસારમાં અટવાએલું કોઈ અસ્તીત્વ છે ? અગર આ પ્રકારનો કોઈ પુરૂષ નથી ? યદિ આવો કોઈ પુરૂષ છે, તો તેનાં લક્ષણો શા છે ?

યાજ્ઞવલ્ક્યજીએ ઉત્તર આપ્યો કે, જે સંબંધી તમે પૂછો છો તે તમારો આત્મા જ આ અસ્તિત્વ છે. જેવી રીતે લાકડાનું એક યંત્ર પોતાની મેળે ચાલતું નથી, પરંતુ તેને બહારની શક્તિ અગર અંદરના બળ દ્વારા ચલાવવું પડે છે, અથવા જેવી રીતે આપણી ઈચ્છા મુજબ જ આ હાથ આ પ્રમાણે હલન ચલન કરે છે, તેવી જ રીતે જ્યાં સુધી સર્વોત્કૃષ્ટ દિવ્ય શક્તિનું, શરીર પર પ્રાધાન્ય ન થાય ત્યાં સુધી આ શરીર કંઈ કરી શક્તું નથી. સર્વોત્તમ દિવ્ય શક્તિ વિના મૂળ તત્વો પણ જે કામો કરે છે તે કરી શકતાં નથી. શરીરની જોવાની ક્રિયાનો જોનાર તે છે, તે સાંભળે છે - કાન સાંભળતા નથી. આ ચેતના - પરમ ચૈતન્ય જુએ છે, સાંભળે છે અને અનુભવે છે - મન ઉપર આત્માનું આ પ્રતિબિંબ સિવાય બીજુ કંઈ જ નથી. આ ચેતના, એ દર્શકને પણ જુએ છે. ખરેખર તો એવું બને છે કે, મનમાં પ્રતિબિંબીત ચેતના, ઈન્દ્રિયો દ્વારા બહાર જાય છે, પંચતત્વોની આ બહારની દુનિયાનું તે ગ્રહણ કરે છે, તેથી એવું લાગે છે કે આ ચેતના ક્રિયામાં તન્મય થઈ છે. વસ્તુતઃ ચેતનાને કોઈ ક્રિયા હોતી જ નથી.

આ ચેતના આત્મા છે. ઇન્દ્રીયાતીત છે, તે સૂક્ષ્મથી અને સૂક્ષ્મ શરીરોથી ઉપર અને પર છે, આત્મા ક્યાં છે અને તેનું સ્વરૂપ કેવું છે, તે અનુભવથીજ સમજાય. તે સર્વમાં એકજ સમાન છે. સંપૂર્ણ સન્યાસ દ્વારા જ આત્માની પ્રાપ્તી થાય છે. સંતત્તિ, સંપત્તિ અને પત્નીની આ તમામ આસક્તિઓનો ત્યાગ કરવો પડે છે, આ આસક્તિઓ કામ અને વાસનામાં પ્રગટે છે. એટલું જ

નહિ તમામ ક્રિયાનો ત્યાગ એટલે સામાન્ય હોય કે વિધિવત્ કે ઉપાસના યુક્ત હોય આ કામના પાયામાંથી પ્રગટ થાય છે, કર્મસાધનમાં ફળની ઈચ્છા હોય છે જ. આ બાબત ના પાડી શકાય નહિ. તેથી સાચા સન્યાસમાં કર્મ બાધક છે.

એકજ સ્થળે અને સમયે પ્રકાશ અને અંધકાર બંને એકી સાથે હોઈ શકે નહિ તેવી જ રીતે કર્મ ની ક્રિયાશીલતા અને આત્મજ્ઞાન સાથે રહી શકે નહિ. સર્વ ક્રિયાનો પરિત્યાગ એજ સન્યાસ છે, અન્ન માટે ભિક્ષા માંગવી આ પણ એક કર્મ છે. સન્યાસ વિરુદ્ધ છે. પ્રાચીન કાળના બ્રાહ્મણો આ સત્ય જાણતા હતા. આસક્તિ ત્યાગીને નિવૃત્તિના માર્ગે જઈને સત્ય પામ્યા હતા. આ છે પાંડિત્ય, આવી સમજણ અને તેની પ્રાપ્તી એજ છે વિદ્વતા. આનું નામ બળ, સિધ્ધિ, સાહસ, ફળ, શક્તિ અને તિતિક્ષા, અનાત્મ વસ્તુઓ સાથે સંબંધિત તમામ વસ્તુઓ માંથી થઈ રહે છે, તે એકલો જ બ્રાહ્મણ કહેવાય તે સિવાયના બીજા બધા પ્રમાણપત્રો તેનાથી ઉતરતા છે.

આ ઉપનિષદમાં આત્માનાં સર્વાન્તર્યામિત્વનું વર્ણન કરેલું છે. પાણીના સંગાત દ્વારા આ આખી પૃથ્વી રહેવા લાયક બને છે, નહિ તો ચોખાના લોટના લોચાની માફક પૃથ્વી પડી જાય. ગાર્ગીએ યાજ્ઞવલ્ક્યને પ્રશ્ન કર્યો, આ પૃથ્વી શેના પર નિર્ધારિત છે ? ગાર્ગીનો આ પ્રશ્ન અને તેના ઉત્તરમાંથી આપણને સમજાય છે કે પૃથ્વી પાણી આકાશ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, દેવ, ઈન્દ્ર, પ્રજાપતિ, બ્રહ્મલોક, આ બધાંય પરમત્વમાંથી એક બીજા વણાયેલાં છે. આ બધાં સર્જનના સુતરના તાણાવાણા જેવાં છે. મનુષ્યની કલ્પનાથી પર એવા આ સત્યો છે. તે તો વિશુદ્ધ વિમળ થએલી બુદ્ધિથી શાસ્ત્રોમાંથી ગ્રહણ કરવાનાં છે.

યાજ્ઞવલ્ક્યજીએ ગાર્ગીના શાસ્ત્રાર્થનો ઇન્કાર કર્યો, કારણ તેના પ્રશ્નોનો ઉત્તર કેવળ બૌધિક પ્રતિભાથી દઈ શકાય તેમ ન હતો. પરંતુ તે પ્રશ્નોનો ઉકેલ તો ગુરૂજીની દોરવણી નીચે અંતરની પ્રેરણાથી જ થાય તેમ હતો. પૃથ્વી વાયુથી વ્યાપ્ત અને રક્ષીત છે. આગળના જીવનના અનુભવોની છાપની અસરથી બનેલા વ્યક્તિરૂપ વિશ્વ વ્યક્તિને પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન અને બુદ્ધિ આ સત્તર વસ્તુઓ સાથે સંબંધ રહેલો છે. આ સ્થૂલ શરીર, એ પૃથ્વી - માટીનો વિકાર સ્વરૂપ છે, તેમાં વાયુ વ્યાપેલો છે. તેમાં ઓગણપચાસ પૃથ્વીકણો અંગો છે. તે તમામને શરીરમાં ઓળખી શકાય છે. જેવી રીતે રત્નોને એક દોરી પરોવી રાખી સાથે રાખે છે તેવી રીતે શરીર દોરીમાં આ અંગો રહેલાં છે. વાયુ આ તમામને એક આખાં તરીકે સમતોલ પણે રાખે છે. જ્યારે વાયુ શરીરમાંથી સદા માટે ચાલ્યો જાય છે ત્યારે અંગો અલગ દેખાય છે અને નિરર્થક બને છે, ત્યારે શરીર શબ બની જાય છે. શરીરરૂપી વિલક્ષણ રહેઠાણમાં એક અંતર્યામી તત્વ પણ હોય છે, જેનાં રહસ્ય એ વિલક્ષણ રહેઠાણની જાણથી પર છે. આ અંતર્યામી તત્વ, આ શરીરરૂપી વિલક્ષણ રહેઠાણની આવેશો અને ઈચ્છાઓને ક્રિયાશીલ કરનાર શક્તિ સ્વરૂપ છે. આ

અંતર્યામી તત્વનું અવસાન નથી, એ છે આત્મા. ગાર્ગીએ તેનો બીજા પ્રશ્ન કરતાં પહેલાં સભાગૃહની આવશ્યક પરવાનગી મેળવી પૂછ્યું. આવી પરવાનગીની સૂચના આવ્યા સિવાય કોઈપણ કોયડો કે પ્રશ્ન લાદવો એ અવિનય ગણાય, ગાર્ગીએ પ્રશ્ન કર્યો, આ દ્વૈતયુકત વિશ્વમાં ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળમાં અંદર રહેલો આત્મા શેના ઉપર આરામ લે છે ? ગાર્ગીનો આશય યાજ્ઞવલ્ક્યજીનો પરાભવ જાહેર કરવાનો હતો. આ પ્રશ્નના જવાબમાં તેને એટલું અંગીકાર કરવાની ફરજ પાડવી હતી કે સમયથી પર જે અસ્તિત્વ છે તે શબ્દાતીત છે અને તેનું વર્ણન કરી શકાય તેમ નથી. આ પ્રશ્ન ઉપરથી એવું પણ સાબીત થાય છે કે ગાર્ગી પણ બ્રહ્મજ્ઞાનમાં પારંગત હતા. આના ઉપરથી એવું અનુમાન અવશ્ય થાય છે કે બ્રહ્મ વિદ્યાના ક્ષેત્રમાં સ્ત્રી કે પુરૂષની જાતિ અગર બીજા કોઈ ભેદભાવ ન હતા.

યાજ્ઞવલ્ક્યે જવાબ આપ્યો કે અવ્યક્ત આકાશમાં પરબ્રહ્મ વ્યાપેલા છે; એવું બ્રહ્મવિદો કહે છે. આવો ઉત્તર આપીને ગાર્ગી જે કસોટી કરનાર પરિસ્થિતિમાં તેને મૂકવા માગતા હતાં તેમાંથી યાજ્ઞવાલ્ક્ય છટકી ગયા પછી અવિનાશી અક્ષરના સ્વરૂપનું તેમણે એવું વર્ણન કર્યું કે તેને રંગ, ગંધ કે આકાર વિગેરે જેવાં ભૌતિક લક્ષણો પણ હોતાં નથી તેના સામ્રાજય માટે કોઈ જાતનાં માપદંડો નથી. તેની ઈચ્છાનો અમલ એજ કામ છે. વધુ શું કહું, સૂર્ય અને પંચતત્વો તેની ઈચ્છાને આધીન છે. પછી ગાર્ગીએ ત્યાં એકત્રિત બ્રાહ્મણોને કહ્યું કે યાજ્ઞવલ્ક્યજી વંદન કરો અને શાસ્ત્રાર્થમાં સર્વવિજયી રૂપે તે જ સ્વીકારો. પછીથી પ્રશ્નો પૂછવાના બંધ થયા.

જેવી રીતે સૂર્ય તેજસ્વી છે. તેવી જ રીતે આત્મા પણ સાહજીક રીતે તેજસ્વી છે. લોકો કહે છે કે તેઓએ આત્મા જોયો છે. આત્મા તેજનાં દર્શન કર્યા છે. પરંતુ તેમાં જોવાનું રહેલું જ નથી, કારણ તેમાં બીજાપણું નથી. તેને જોઈ શકાતો નથી તેમજ તે જોઈ શકતો નથી. તેને દેખાવ કે સુંઘવાની ઈન્દ્રિયો નથી તેમજ તેને એવા કોઈ ભાગો નથી કે જેના મિલન થતાં કોઈપણ ક્રિયા તે કરી શકે. હલકામાં હલકા આનંદથી માંડીને છેક બ્રહ્માનંદ સુધીનાં પ્રત્યેક પગલે લાગણીની વૃદ્ધિ થતી રહે છે. પરમાનંદ શબ્દ પરથી એટલું સુચન થાય છે કે આ બધી એ આનંદની અવસ્થાઓ છે. વસ્તુત્ સર્વ પ્રકારના આનંદ આદ્યમૂળ બ્રહ્માનંદમાંથી ઉદ્દભવે છે. યાજ્ઞવલક્યજીએ આ તમામ વસ્તુઓ જનકજીને સમજાવી કારણ જનક રાજા જે આ તમામના જ્ઞાતા હતા, તેને સમજાવવામાં તેને ખૂબજ આનંદ આવેલો હતો.

એક નાનકડા બીજમાંથી અંકુરિત થઇને જેમ વૃક્ષ ઉગે છે અને ફળમાં રહેલાં બીજમાંથી બીજું વૃક્ષ ઉગે છે, તેમ શરીર પાકેલા ફળની જેમ પૃથ્વી પર પડે છે. વાક્ અને અન્ય ઈન્દ્રિયો તેને અનુસરે છે. શ્વાસોશ્વાસ પણ તે જ માર્ગે વળે છે. માત્ર આત્મા એકલાનેજ એક યા બીજી રીતની અસર થતી નથી. તે તો છે તેવો જ હલનચલન વગરનો સ્થાવર રહે છે.

પાપકર્મોથી પાપ, પૂણ્યકર્મોથી પૂણ્ય કે આ પ્રમાણે પાપ અને પુણ્યોનો સંચય થાય છે. જ્યારે આત્મા જૂનું શરીર છોડે છે,  ત્યાર પહેલાં તેની નજર નવું શરીર તે પામવાનો છે તેમાં પરોવાય છે. જેવી રીતે ચાર પગવાળો કીડો આગળના બે પગો એક સ્થાન પર સ્થિર રહે છે, પછી જ પાછલા પગો ઊંચા કરી ઉપાડે છે તેવી રીતે આત્મા જૂનું શરીર છોડે છે. આત્મજ્ઞાનને શરીર સંબંધિ ક્રિયાઓ પ્રત્યે કોઈ વલણ હોતું નથી અને તેથી તેની બાબતમાં આત્મા નવા શરીર માટે જરા પણ તકલીફમાં પડતો નથી. જ્ઞાનમાર્ગ અમો બ્રહ્મવિદોનો માર્ગ છે.

કર્મ માર્ગીઓ તપસ્યા પ્રતિ દોરવાય છે. પરંતુ કામનાઓથી મૂક્ત થએલા આત્મજ્ઞાનીઓ હોય છે. તેથી તપસ્યાના ચિન્હરૂપી વેદના સંતાપ કે લાલસા તેમના મનને સ્પર્શ કરતી નથી. તે સ્વયં વિશ્વકર્તા છે, કલાકાર છે, જેમાંથી વિશ્વસર્જન થયું છે. જેણે બ્રહ્મત્વનું દર્શન કર્યું છે તેને વધુ કંઈ પ્રાપ્ત કરવાનું જાણવાનું સંરક્ષવાનું કે શોધવાનું રહેતું નથી.

આ ઉપનિષદોમાં યાજ્ઞવલ્ક્ય તેનાં પત્ની મૈત્રેયીને જે જ્ઞાન આપે છે. તેમાં તર્કરૂપી સતત સંગાતી સાથે શાનો અભ્યાસ થયા પછી જે જ્ઞાન મળે છે, તે આત્મજ્ઞાન પ્રાપ્તીના સાધનરૂપી સન્યાસના જે સિદ્ધાન્તો છે તેનું પણ વર્ણન તેમાં છે. આખુ ઇંદ્રિયવિષયક વિશ્વ અને ઈન્દ્રિયો પણ આ સ્વપ્નના સત્ય સાથે સરખાવવાના છે. તેને અંતિમ અને અમુલ્ય ગણી તેની પાછળ પડવું નિરર્થક છે.

કેવળ આત્માને જ પ્રેમ કરવાનો છે, બીજી બધી વસ્તુઓને આત્માની ખાતર ચાહવાની છે. જ્યારે પરમાત્માનું જ્ઞાન થશે ત્યારે સર્વ કાંઈ ઓળખાઈ જશે. કારણ દ્વારા બધા કાર્યોનો સરવાળો થાય છે. બધા જળનું ધ્યેય છે – સમુદ્ર. બધાયે સ્વાદોનું લક્ષ્ય છે - જીહવા. બધાંએ રૂપો નેત્રોનો વિષય છે. બધીયે ધ્વનિઓ શ્રવણેન્દ્રિય માટે છે. એનો અર્થ એજ થાય છે કે સમસ્ત જગત બ્રહ્મમાં વિલીન થાય છે.

યાજ્ઞવલ્ક્યજીએ બુજ્યુના પ્રશ્નના ઉત્તરમાં બ્રહ્માંડ નિર્માણની પ્રક્રિયા સંબંધીનું  જ્ઞાન બતાવ્યું છે. ગાર્ગીના બે પ્રશ્નોના ઉત્તરમાં યાજ્ઞવલ્ક્યજીએ બ્રહ્મનું અપરોક્ષ સ્વરૂપ  સમજાવી તેનો ઉપદેશ કર્યો છે. સાકલ્યબ્રહ્મ બાબતમાં મહર્ષિ યાજ્ઞવલકથજીએ તેના આધ્યાત્મિક રહસ્યના પાંડિત્યથી સર્વને અવાક આશ્ચર્યચકિત કરી દીધા. જગતના સર્વોત્તમ જ્ઞાનીઓ પાસેથી તેમણે જનકજીના દરબારમાં વિજય પ્રાપ્ત કર્યો. બુજ્યુની કઠીન કસોટીમાં અને જીજ્ઞાષુ પ્રશ્નકર્તા છે ગાર્ગીની વધારે કઠીન કસોટીમાં ખૂબ જ સમતોલપણાથી અને કલાથી યાજ્ઞવલ્ક્યજીએ સામનો કરી વિજય પ્રાપ્ત કર્યો અને વિદ્વાનોના મુગટમણી તરિકે તેનો આદર સ્વીકાર થયો. અલબત્ત જ્યારે જ્યારે તેને મહત્તા મળી છે; તેણે જનકજીને ઉપદેશ કરનારા ગુરૂદેવોના માહિમા તેજ વખાણવાનાં ઔદાર્ય દાખવ્યા છે. અંતે તેને લાગ્યું કે તેને કંઈ વધુ શીખવાનું કે મેળવવાનું રહેતું નથી ત્યારે તે ત્યાગી

બની ગયા. તેનાં પત્ની મૈત્રેયી પણ સાક્ષાત્કાર પામવા લાલચિત છે એવું જાણીને તેમણે તેણીને પણ બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો કારણ કે તેમના સમયમાં આ મૂક્તિ દેનારો જ્ઞાનમાર્ગ ધારણ કરવા માટે સ્ત્રીઓને પણ સમાન રીતે યોગ્ય અધિકારીણી ગણવામાં આવતી હતી.

# ૭
# પ્રશ્નોપનિષદ

પ્રશ્નોપનિષદ અથર્વવેદનું એક જોડેલું અંગ છે. તે પ્રશ્ન અને ઉત્તરના સ્વરૂપનું હોવાથી તેને પ્રશ્નોપનિષદ નામ આપેલું છે. આવું કરવાથી મુંડક ઉપનિષદમાં સંક્ષિપ્તરૂપે જે વિષયો બતાવ્યા છે તે જ વધારે વિસ્તારથી આ ઉપનિષદમાં ચર્ચ્યા છે. આ પ્રમાણે આ ઉપનિષદ મુંડક ઉપનિષદ ઉપર ભાષ્ય રૂપે છે.

દાખલા તરીકે મુંડકમાં બતાવ્યું છે કે વિદ્યા બે પ્રકારની છે. એક પરા અને બીજી અપરા. તે પૈકીની અપરા વિદ્યાના બે પ્રકારો છે. એક કર્મ અને બીજો ઉપાસના. આ ઉપનિષદના બીજા અને ત્રીજા પ્રશ્નોમાં આ અપરાવિદ્યા પૈકીની ઉપાસનાનું વર્ણન કરેલું છે. કર્મ અંગેના શિસ્તનાં વિસ્તૃત વર્ણનો કર્મકાંડમાં સમાયાં હોઈ - અહિં તેનો વિસ્તાર થયો નથી. જ્યારે ફળની ઈચ્છાનો ત્યાગ કરીને કર્મ અને ઉપાસના ઉભયનાં આચરણ થાય છે ત્યારે ત્યાગ અને અનાસક્તિમાં ઉમેરો થાય છે. પછી પહેલા પ્રશ્નનો આવો નિર્ણય આપેલો છે. તેથી જો મુંડક ઉપનિષદ પછી પ્રશ્નોપનિષદનો અભ્યાસ કરીશું તો તેના વિષયો બહુજ સ્પષ્ટ રીતે સમજી શકાશે.

પરબ્રહ્મ અને અપરબ્રહ્મ - આ બે અસ્તિત્વો પૈકીમાંના અપરબ્રહ્મ અવિનાશી પુરુષાર્થો આપવામાં અસમર્થ છે. શાશ્વત પરબ્રહ્મની પ્રાપ્તી માટે ઉત્સુક થએલા મુમુક્ષુઓ પારંગત ગુરૂ પીપલાદ પાસે ગયા. અહીં શિષ્યનું વલણ બતાવનાર જે અન્વેશમાન શબ્દનો પ્રયોગ થયો છે તે બતાવે છે કે અપરબ્રહ્મમાં આસક્ત છે તેવાઓ પોતાનું મૂળ સત્ય આત્મા છે, તેવું ના જાણવામાં ભૂલ કરી બેસે છે. તેથી કરીને તેઓ આત્માને પોતાની બહાર બીજે ક્યાંક શોધ્યા કરે છે. શાશ્વત અદ્વિતીય, પરબ્રહ્મ તત્વ ગુરૂદેવની સીધી દેખરેખ નીચે, શાસ્ત્રીય પદ્ધતિથી જ જાણી શકાય છે.

મુમુક્ષુઓએ સમિધપણી બની ગુરુ શરણે જવું જોઇએ. એનો અર્થ એવો નથી કે કેવળ યજ્ઞાગ્નિ લઇને જ જવું જોઈએ તેનો અર્થ એવો છે કે સુયોગ્ય વાંછીત ભેટ લઈને જવું. મુમુક્ષુઓ પીપલાદને મળે છે અને તે તેઓને કહે છે. વિશ્વ અને આત્માનાં પ્રધાન રહસ્યો - જે બ્રહ્મવિદ્યા નામે ઓળખાય છે તે દુર્લભ અમુલ્ય ઉપદેશો દક્ષિત થયા ન હોય તેવાઓને સમજાવાય નહિ. શિષ્યોને પહેલાં દેખરેખ નીચે રાખી ૨૩ વર્ષ સુધી કસવા જોઈએ.

એક વર્ષ વ્યતિત થતાં કાત્યાયને પીપલાદને પૂછ્યું, પ્રાણીઓનો જન્મ શા કારણથી થાય છે ? સંતાન ચાહકો પ્રજાકામી કહેવાય છે અને પોતાની જાતને પરંપરા દ્વારા ચાલુ રાખવા પોતે

જ પ્રજા થાય છે. પરબ્રહ્મથી અલગ નથી એવા હિરણ્યગર્ભ પ્રજાપતી છે, હિરણ્યગર્ભ પ્રજાપતીરૂપે સંતતિની ઈચ્છા કરે છે. તેનાં ભૂતકાળનાં જન્મનાં અપરા -વિદ્યાના પહેલા નિશાનો તેને વળગેલો છે, જેથી તેને આવી ઈચ્છા પ્રતિ પ્રેરે છે. આ ગુરૂએ ઉત્તર આપ્યો.

દશ દિશાઓમાં સુર્ય તેના કિરણો દ્વારા સર્વને પ્રકાશીત કરે છે. સૂર્ય સ્વયં પ્રજાપતી જ છે અને સર્વ પ્રાણીઓ બંને પ્રદેશોમાં આ પ્રમાણે પ્રકાશીત થનારાં બધાં પ્રજાપતીની જાત રૂપ છે. તેથી પ્રાણ શબ્દ સ્વયં આદિત્ય સુચવે છે કારણ કે સૂર્ય પ્રાણદાન કરે છે. અન્ન પાચનક્રિયાથી સર્વ પ્રાણીઓ જીવી શકે છે. સૂર્ય વૈશ્વાનર તરીકે પણ ઓળખાય છે. સમસ્ત વિશ્વ તેનું જ સ્વરૂપ છે. તેથી તેને વિશ્વરૂપ પણ ગણવામાં આવે છે. સંવત્સર એ કાળનું માપ છે. આ વર્ષ સૂર્યની સ્થિતિના આધારે મપાય છે. કાળ એટલે દિવસો અને રાત્રિઓની પરંપરા, આ વિભાગો સૂર્યથી થાય છે. ચંદ્રનું  ભ્રમણ તિથિઓ બનાવે છે. તિથિઓ એટલે ચંદ્રની પૂર્ણતાની અવસ્થાની દશાઓ છે. સૂર્ય અને ચંદ્ર આ બંને શક્તિઓ પ્રજાપતીનાં સર્જન છે. તેથી કાળ જે ઉતરાયણ અને દક્ષિણાયન વૃત્તોથી, ઋતુઓથી મહિનાઓથી વિગેરેથી છે તે પણ તે તત્વનો જ છે, પ્રજાપતીને ઉતરાયણ અને દક્ષિણાયનનાં વર્તુળો પણ છે.

આ પ્રકારના વિશ્વાત્મક સ્વરૂપનાં પ્રજાપતીનાં ચિંતન અને પૂજન એનું જ નામ છે જ્ઞાન. જેને આ જ્ઞાન પ્રાપ્ત થયું છે, જેને ઈન્દ્રિયો પર સ્વામિત્વ મળ્યું છે અને વેદોમાં વિશ્વાસ છે, તેને ખાત્રી થાય છે કે તે પોતે સ્વયં આત્મા છે. આ ઉત્તર માર્ગે વધતાં તે સુર્યલોક નામે જાણીતી આધ્યાત્મિક અવસ્થા પ્રાપ્ત કરે છે. સર્વ જીવંત પ્રાણીઓનું આ લોક આશ્રયસ્થાન છે. જેઓ પોતાના જીવનમાં નિત્ય કર્તવ્યોમાં ફળની ઈચ્છા રાખ્યા વગર, શ્રદ્ધા અને આદરભાવથી લાગેલાં રહે છે, તેઓ જ આ લોકમાં પ્રવેશ પામે છે.

વસંત ઋતુ, સમાન ઋતુઓ સૂર્યના ચરણો છે, એ છે સમયનું પ્રતીક. બાર મહિનાઓથી તેના વ્યક્તિગત લક્ષણો છે. વિશ્વોનું તે કારણ છે. આવાં સત્યોના ચોથા અને છઠ્ઠા મંત્રોમાં પ્રતિપાદન થયાં છે. વરસાદ પણ સૂર્યથી થાય છે. તેથી બીજા લોકના પણ સ્વામી છે; આ બીજું છે દ્યુલોક.આકાશ, વાયુ, અગ્નિ, જળ, ભૂમિ - જેમાંથી શરીર બને છે તે પાંચ તત્વોના પ્રધાન દેવો હોય છે. ક્રિયાયુક્ત ઈન્દ્રિય જેવી કે વાણી અને જાણી શકે તેવી આંખો જેવી ઈન્દ્રિયોને પણ તેના દેવતાઓ હોય છે. જે તેમાં રહે છે અને કર્મોમાં સહાયક બને છે. મન અને બુધ્ધિના પણ દેવતાઓ છે. જીવંત વ્યક્તિને ટેકો આપનારા આ બધાંય આધાર સ્તંભો છે જે શરીરને તૂટી પડતાં અટકાવે છે.

પંચતત્વોના સંમિશ્રણથી શરીર એક મિશ્રણરૂપ બનેલું છે. આ સમિશ્રણના પરિણામ રૂપે જ્ઞાનેન્દ્રિયો મળી છે. તેથી શરીર એ કારણો અને પરિણામોનું એક જુથ સમાન છે. જેવી રીતે

પૈંડાના દાંતાઓ પૈંડાની નાયડીમાં જોડાએલા હોય છે, તેવી રીતે આ તમામ પ્રાણની નાયડીમાં જોડાયા છે. તેવીજ રીતે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદના મંત્રો અને યજ્ઞો જેમાં તે વપરાય છે તથા ક્ષાત્ર જે લોકોનું રક્ષણ કરે છે. તેમજ યજ્ઞનાં પાવન કાર્યો નિર્માણ કરનાર બ્રાહ્મણ શક્તિ આ તમામ વસ્તુઓ પ્રાણનો સ્વભાવ છે. જ્યારે પ્રજાપતિ મેઘ બને છે અને વરસાદ વરસાવે છે; ત્યારે તમામ પ્રાણી આનંદે છે અને જીવન પામે છે. "જે વસ્તુઓ સુખની વૃદ્ધિ કરે છે, તે તમામ તમારી પાસે છે. તેથી માતાની માફક અમારૂં પાલન કરો, સંભાળો. આધ્યાત્મિક અને શારિરીક રક્ષા માટે સંબધિત સંપૂર્ણ સંપત્તિ અને કલ્યાણ કરનાર આપ છો. અમોને એ સંપત્તિ ઐશ્વર્ય અને જ્ઞાન આપો. ઋગ, યજુર અને સામવેદના મંત્રો એ છે બ્રાહ્મણોને સંપત્તિ અને વૈભવ છે ક્ષત્રિયોનુ ધન. આ પ્રમાણે પ્રજાપતિને પ્રાણ સ્વરૂપે તેની ક્રિયાઓ અને લક્ષણોનાં નિરૂપણો આ ઉપનિષદ કરે છે.

ત્યારબાદ ભાર્ગવના પ્રશ્નનો પીપલાદ ઉત્તર આપે છે અને આગળ જતા કોસલ્ય આશ્વાલયન પ્રાણ સંબંધી પ્રશ્ન કરે છે. ત્યારે પીપલાદ કહે છે, "વ્હાલા બાળકો ! જેવી રીતે વ્યક્તિનો પડછાયો પેદા થાય છે, તેવી જ રીતે આત્મા પ્રાણને પેદા કરે છે. પ્રાણ માનસિક સંકલ્પથી પોતાની જાતને આત્માને અર્પણ કરે છે. જેવી રીતે કોઈ રાજા તેના રાજ્યની વ્યવસ્થા માટે યોજના કરે છે તેવી રીતે મુખ્ય પ્રાણ બીજા જુદા જુદા પ્રાણોની નિમણુક કરે છે અને તે પ્રત્યેકને તેમનાં કાર્યક્ષેત્ર અને કાર્યો સોંપે છે. મુખ્ય પ્રાણને તેના વડા તરીકે આદિત્ય અને બીજા દેવો તેની પ્રેરણાદાયક શક્તિ રૂપે હોય છે. ભડભડતા અગ્નિની જવાળાઓમાંથી ખરતા તણખાઓ માફક અવિનાશી પરમાત્મામાંથી પ્રાણીઓ વ્યક્ત થાય છે અને તેના તેજ અગ્નિમાં તે તણખાઓ પાછા વિલીન થાય છે. મુંડક ઉપનિષદમાં આવું કહેલું છે. ( ૨-૧-૧ )

પછી પીપલાદે ગાર્ગીને એવો ઉત્તર આપ્યો કે, અસ્ત પામતા સૂર્યના કિરણો સૂર્યમાં જ સમાઈ જાય છે અને બીજા દિવસે જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે તે ફરી પ્રગટ થઈને પથરાય છે. તેવી જ રીતે સ્વપ્નમાં, વિષયોની દુનિયા ચૈતન્યમાં સમાઈ જાય છે. તે જ્યારે નિદ્રામાંથી વ્યક્તિ જાગે છે ત્યારે, મનમાં પ્રતિબિંબિત થાય છે અને તે વાસનાની છાપો, જુની હોય છે તેવી જ પ્રગટ થઇને, તેના મૂળ સ્વરૂપે પથરાઇને બહાર નીકળે છે. તેથી જ સ્વયં પુરૂષ સાંભળતો નથી, જોતો નથી, સ્પર્શતો નથી, અનુભવતો નથી. તે નથી ચાલતો કે નથી બોલતો.

જાગ્રત અવસ્થામાં જે કંઈ જુએ છે - સાંભળે છે અને અનુભવે છે, તે સ્વપ્નાવસ્થાનો આત્મા વિશુદ્ધ ચળકાટ રહી વાસના રૂપે જુએ છે, સાંભળે છે, અનુભવે છે. જ્યારે એવું બોલીએ છીએ કે આત્મા પ્રત્યેક વસ્તુનો આધાર છે. ત્યારે એવી છાપ પડે છે કે પ્રત્યેક વસ્તુ તેનાથી અલગ છે. પરંતુ પ્રત્યેકનો આધાર અને જીવ તેનો દેખીતો જે તફાવત છે, તે માત્ર ભ્રમણા છે. સંયોગોએ

ઉભી કરેલી ભ્રાંતિ છે. તે માનસિક ભ્રમણા છે. મુખ્ય ભ્રમણા નથી. પીપલાદે એવું પણ કહ્યું કે પ્રણવ દ્વારા જે દેવના આરાધના કરાય – તે દેવનું લોકો તેને મળે છે.

પછી ભરદ્વાજના પૂત્ર સુકેશે તેના ગુરૂને પ્રશ્ન પૂછ્યો જેનો ઉત્તર નીચે પ્રમાણે છે, જે પુરૂષ સંબંધિત તમે પૂછો છો તે આ શરીરમાં જ છે. તે અંદરના આકાશ - હ્રદયાકાશમાં રહે છે. તે સ્વયં ત્યાં વિરાજમાન છે. તેથી તમારા પૂર્ણ પ્રાપ્તિના તેજ પ્રગટેલા છે અને સંપૂર્ણ વ્યક્તિત્વ પ્રકાશીત છે. તે તેમાંથી જ પ્રગટે છે અને તેમાં જ લય પામે છે. પૃથ્વી, દુર્ગા અન્ન અને પુરૂષ ગાઉગાઉ પર રહેલા આગળ વધતાં પથ્થરોની માફક પરસ્પર નિર્ધારીત રહે છે. તેજ આ ચારેય તત્વો એકબીજામાંથી પ્રગટ થાય છે. તૈતરિય વિભાગ બે મુજબ આ પ્રાગટ્ય છે.

આપણાં નેત્રોને આ ઉદભવસ્થાન દેખાય નહિ. પરંતુ જ્ઞાનેંન્દ્રિયો અને કર્મેન્દ્રિયોનાં મૂળનાં વર્ણન થઈ ચૂક્યાં છે. એટલે પુરૂષનું મૂળ ઉત્પતિ સ્થાન પણ કહ્યા બરોબરજ છે. તમામ નદીઓ સમુદ્રમાં મળે છે અને ત્યાં તેના નામ અને રૂપોનો લય થાય છે. ત્યાર પછી નદીઓ સમુદ્ર તરીકે ઓળખાય છે. તેવીજ રીતે કેવળ પુરૂષજ રહે છે. તેને કંઈ પ્રાપ્તવ્ય નથી, નથી કોઈ લક્ષણ કે પરિવર્તન, તે અવિનાશી અનંત છે. આટલું હું 'બ્રહ્મ સંબંધિ જાણું છું. અને એટલું જ જાણવાનું છે.' આ પ્રમાણે પીપલાદે કદંધિ અને તેના શિષ્યોને કહ્યું.

આ ઉપનિષદની સમાપ્તિ ગુરૂને તેના શિષ્યો દ્વારા આદરપૂર્વક અપાએલી કૃતજ્ઞતાની ભાવના સાથે પુરૂં થાય છે. પિતા છે તે દેહ આપે છે. તેમ પિલાદે આત્મતત્વ સમજાવીને તેઓને બ્રહ્મ શરીર આપ્યું છે. આ છ શિષ્યો કદંધિ, વૈદર્ભિ, કોસલ્ય સૌર્યયાની, સત્યકામ અને સુકેશ, અંતમાં છેલ્લા છ પ્રશ્નો પુછે છે. મુંડકમાં બતાવેલ પર અને અપર અને તેનાં સ્વરૂપ - બ્રહ્મનાં ગૌરવ કેમ કરાય અને તેજ વિભાગમાં આગળ જતાં તેનાં કહેવાયેલા અપરોક્ષ મૂલ્ય બતાવ્યાં છે. છઠ્ઠા પ્રશ્નમાં તમામ રીતોમાં પ્રણવને મુખ્ય મૂળ રૂપ રાખીને પર અને અપર પ્રાપ્ત કરવાની રીત વિસ્તારથી વર્ણવી છે. આ પ્રશ્નો અને તેના ઉત્તરો મુંડકના ઉપદેશનાં અંદરનાં તત્વો પ્રકાશમાં લાવે છે અને તે સંક્ષિપ્ત ગ્રંથના ભાષ્યનું તે કામ કરે છે.

છ પ્રશ્નો નીચે પ્રમાણેના છે.

૧. પર અને અપર એટલે ખરેખર શું છે ?

૨. પેદા થએલા પ્રાણીઓનાં રક્ષણ અને પાલન કોણ કરે છે ?

૩. પરમાત્મામાંથી હિરણ્ય ગર્ભ કેવી રીતે પ્રગટ થાય છે ?

૪. પરમાત્મામાંથી સર્જન કેવી રીતે થાય છે ?

૫. પૂર્ણ ચૈતન્યયુક્ત પ્રાણ શરીરમાં કેવી રીતે પ્રવેશ કરે છે અને પાંચ નહેરોમાં શી રીતે વહી જાય છે ?

૬. જાગ્રત - સ્વપ્ન અને સુષુપ્તી અવસ્થાઓની ત્રણે અવસ્થાઓમાં કઈ ઈન્દ્રિયો ક્રિયાશીલ રહે છે ?

આ ઉપનિષદમાં તપાસવાની આવી રેખાવો આલેખવામાં આવી છે.

# ૮

# કેનોપનિષદ

કેન ઉપનિષદ સામવેદ અને તેની તલવકર શાખા સાથે સંકળાએલા છે તેથી તેને તલવકરોપનિષદ પણ કહે છે. આ ઉપનિષદના પહેલા વિભાગના પહેલા શ્લોકના પહેલા અક્ષર ઉપરથી તેનું નામ કેન પડ્યું છે.

केन स्थितम् पतति प्रैक्षितम् मनः
केने प्राणा प्रथमः प्रैक्षितम्
केने स्थितम् वचम् इमाम वदन्ति
चक्षु श्रोतम् कोदेवो युनक्ति ।।

આ કાન, ચામડી, આંખ, જીહ્વા, નાક - આ પાંચ ઇન્દ્રિયોથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ અનુક્રમે ઓળખાય છે. જાણવાના પદાર્થો પંચેન્દ્રિયોથીજ ઓળખી શકાય છે. જ્ઞાતા અને જ્ઞેયની વચ્ચે રહેલા આ પાંચ સાધનો દ્વારા જગતનો અનુભવ થાય છે. વસ્તુઓને ઓળખનાર અંદરની શક્તિ મન કહેવાય છે. ઉપરોક્ત જ્ઞાનેન્દ્રિયો દ્વારા મન ફરે છે અને વસ્તુઓમાં આસક્ત થાય છે. તે વખતે તે પ્રસંગમાંજ મન પણ તેનું સ્વરૂપ ધારણ કરે છે. આને વૃત્તિ કહે છે. મન અચેતન છે તેથી તેના પરિવર્તનો અથવા વિકારો પણ અચેતન છે. બુદ્ધિહીન અને ક્ષુદ્ર છે. લાકડાંની ઢિંગલીમાં મૂળ વસ્તુ લાકડું છે, ખાંડની પૂતળીમાં માત્ર ખાંડ વસ્તુ છે. તે પ્રમાણે અચેતન મન ચેતનાનું અથવા પરમ ચૈતન્ય, જે વિશ્વમાં વ્યાપેલું છે તેનું જ્ઞાન પામી શકે નહિ. જેવી રીતે મુઢ, સ્થૂલ રથને કોઈ સારથી હલાવે છે, તેવી રીતે અબોધ મનને હાંકનાર કોઈ સારથી હોવો જોઈએ. આ સારથી તે રથમાં બેઠેલો અને તે વાહન પોતાનું માનીને હાંકનાર હોવો જોઈએ. અંદર રહેલાં યંત્ર સાધનોને ક્રિયાશીલ બનાવનાર ઈચ્છાશક્તિ - કમેન્દ્રીયો, જ્ઞાનેન્દ્રિયો અને પાંચ પ્રાણની શક્તિ એજ ઈશ્વર છે. ઉપર પૂછાએલા પ્રશ્નમાં એવો અર્થ સમાયો છે કે શક્તિ તે ઈંન્દ્રિયોથી અલગ વસ્તુ છે. સ્વાભાવિક રીતે સંપૂર્ણ ઈંદ્રિય સમુહને ક્રિયમાણ કરનાર તત્વ પણ મનથી અલગ હોવું જોઈએ ખરૂને ? જેઓ અનંતને જાણવા શોધે છે અને જેઓને તમામ કાર્યો અને ક્રિયાઓ નાશવંત છે એવી ખાત્રી થઈ ગઈ છે તેથી શાશ્વત માટે તેઓને ચિંતા કરવાની રહેતી નથી.

શાશ્વત તત્વ ઉદ્વેગહીન છે, તેથી તે ત્રિવિધ એષણાઓ ચલીત કરતી નથી. આ હેતુ અગર પેલા હેતુ માટે તે ઈંદ્રિયોને કોઇ આજ્ઞા આપતું નથી. પછી પ્રશ્ન ઊભો થાય છે કે મન, પ્રાણ, વાંક, નેત્ર અને કાન વિગેરે કાર્ય અને કારણથી, કાનૂનથી દોરવાયેલ પોતપોતાનાં કાર્યો કરી શક્શે ? અથવા તેઓ ચૈતન્ય બળની ઈચ્છાથી પ્રેરાઈને તેવાં કાર્યો કરે છે ? આ શંકા ઊભી થાય છે.

કાનને શબ્દ સાંભળવાની શક્તિ છે. આંખને રૂપને ઓળખવાની અને એકમાંથી બીજાને ઓળખી લેવાની કલા પ્રાપ્ત થઈ હોય છે. તેવી જ રીતે બીજી ઈંદ્રિયોને પણ તેમની શક્તિઓ સંપ્રાપ્ત થઈ છે. જ્યારે મન આ જાણવાના પદાર્થો પાસેથી પસાર થઈને વસ્તુઓ તરફ જાય છે અને તેઓને ઘેરી લે છે, ત્યારે આપણને તે વસ્તુઓનું જ્ઞાન થાય છે. જેનામાં બુદ્ધિ નથી તેઓ આવું બુદ્ધિયુક્ત કાર્ય પોતાની જાતે કેવી રીતે કરી શકે ?

ખરેખર તેનો જવાબ છે કે, આત્માની હાજરીથી અંતઃકરણ પર આત્માનાં ઓજસનાં પ્રતિબિંબ પડવાથી તેવું થઈ શકે છે. સૂર્ય વિશ્વને પ્રકાશિત કરે છે અને તેને હજારો રીતે ક્રીયાશીલ બનાવે છે, તેવી જ રીતે આત્મા તેના તેજથી વિશ્વને ચાંચલ્ય આપી ઉજ્જવળ બનાવે છે. જ્ઞાનનાં બધાં સાધનો આત્મા દ્વારા ક્રીયાશીલ બને છે. વિદ્યુત વેગ યંત્રોને ગતિમાન કરે છે અને મુદ્રણ વગેરે વિવિધ કાર્યો કરે છે. પરંતુ તે દેખાતો નથી અથવા સ્થૂળરૂપ નથી. આ વિદ્યુતનો વેગ હલનચલનને ગતિમાન કરનાર છે. યંત્રનું પણ તે યંત્ર છે. તેવી જ રીતે આત્માનું તેજ, કાનના પણ કાન છે. આંખની પણ આંખ છે, આ છે ક્રિયાદાતા વેગ.

કેવું આશ્ચર્ય ? આત્મા અચંચળ છે, આત્મા ઉપાધિરહિત છે. યાદ રાખો કે મન યા ઇંદ્રિયોથી કંઇ કરાવતો નથી. આત્માના સાન્નિધ્ય માત્રથી જ તેઓ ગતિશીલ બને છે. સૂર્યનાં કિરણો જે ક્રિયાઓને પ્રેરણા આપે છે તે બદલ તેને જરાપણ ખ્યાલ હોતો નથી. ઇંદ્રિયોની ક્રિયાઓ માટે આત્મા તેવી રીતે જવાબદાર નથી (આવો ઉપદેશ વરૂણે તેના પુત્ર ભૃગુને આપેલો છે).

આત્માના તેજથી જ્યારે આંખોમાં પ્રકાશ થાય છે ત્યારે તે રૂપને જોઈ શકે છે. આ આંખોનું ક્ષેત્ર છે. તે આત્માને પ્રકાશીત કદી કરી શકે નહિ. આત્મા સ્વયંપ્રકાશીત છે. ફાનસથી વસ્તુઓ પ્રકાશીત થાય, પરંતુ તેના બદલામાં વસ્તુઓ ફાનસને અજવાળું આપતી નથી. વાણી પણ નામ, રૂપ, ગુણ અને ક્રિયા જેવાં લક્ષણો હોય તેને જ વર્ણવી શકે, સમજાવી શકે. જેને લક્ષણો, ઉપાધીઓ નથી તેની વ્યાખ્યા કે વર્ણન વાણી શી રીતે કરી શકે ? જેને નામ નથી - રૂપ નથી - ક્રિયા નથી તેનાં વર્ણન વાણી કરી શકે જ નહિ. આ છે અવર્ણનીય પરમાત્મા. મીઠાશ અગર તેવા બીજા સ્વાદોને શબ્દોથી તમે વર્ણન કરી શકો નહિ. આત્મા વર્ણનનો વિષય નથી. જડ અબોધ માનસ બુદ્ધિતત્વનો અનુભવ કરી શકે નહિ. સર્વજ્ઞને જાણનારો કોઈ જ્ઞાતા છેજ નહિ, તે તમામ જ્ઞેય વસ્તુઓથી પર છે. જ્યારે તેનું જ્ઞાન થાય છે ત્યારે તે જ્ઞાતા અથવા જ્ઞાન રહેતા નથી.

બ્રહ્મ સ્વયં જ્ઞાન છે. તેથી તેને જ્ઞાતા દ્વારા કદી જાણી શકાતું નથી. જાણવાની ક્રિયાવિધિથી બીજી વસ્તુઓ જાણી શકાય પણ સ્વયં જ્ઞાન જાણી શકાય નહિ. એક દિપક પોતાની જાતને જોવા માટે બીજા દિપકની આશા રાખતો નથી. તેમજ તે પોતાના પ્રકાશ માટે પણ લાલચિત રહેતો

નથી. તેને પ્રકાશ છે. પોતે જ પ્રકાશ છે - એટલું જ બસ છે. તે બીજી વસ્તુઓ પર પ્રકાશ પાડે છે; પોતાના પ્રકાશ પર તે પ્રકાશ પાડતો નથી. તેવીજ રીતે તમે પ્રકાશ છો - તમે આત્મા છો, તમારામાં રહેલો આત્મા છે તે બધામાં રહેલા આત્માઓ જેવો જ સમાન છે. સત્ય માત્ર તે આત્મા જ છે. તેને નથી કોઈ સીમા, નથી ગુણ કે નથી ઉપાધીઓ.

શાસ્ત્રોના અધ્યયન દ્વારા તેમજ તેમાં દર્શાવેલા આદેશોનાં અનુસરણ દ્વારા આત્મા જાણી શકાય છે. શબ્દો, વાણી કે ઈંદ્રિયો દ્વારા જેને પ્રકાશીત કરી શકાતો નથી પણ જે શબ્દો વાણી અને ઇન્દ્રિયોને પ્રકાશીત કરે છે તે બ્રહ્મ અગર આત્મા. આ ઉપનિષદનો પહેલો ખંડ સ્પષ્ટ રીતે બતાવે છે કે બ્રહ્મ સીમિત થઈ શકતો નથી. તેની અવહેલના કે અનાદર કરી શકાતાં નથી.

તેથી જેઓ પોતે બ્રહ્મ જોયાનો દાવો કરે છે; તેઓનાં માટે હજુ બ્રહ્મ વધુ તપાસ અને ચોક્કસાઈનો વિષય છે. તેઓ હજી અંતિમ અવસ્થાને પામ્યા નથી. કારણ કે તેઓનું આ જ્ઞાન એ પ્રમાણિત જ્ઞાન નથી - તેઓને માત્ર જ્ઞાનની ભ્રમણા છે. જે વ્યક્તિ જાણે છે તેનોજ આત્મા સ્વયં બ્રહ્મ છે અને વેદાંતનું તે નિઃસંશય નિર્ણય છે. ખરૂ ને ? અગ્નિ પોતાને દઝાડતી નથી - આત્મા આત્માને કેવી રીતે જાણે ? જ્ઞાતા પોતાનાં જ્ઞેયનાં જ્ઞાન ક્યાંથી પામે ? તેથી હું બ્રહ્મજ્ઞાતા છું - આવું કથન એ કેવળ ભ્રમણા છે — સત્યજ્ઞાન નથી.

એવું કહેવાય છે કે બ્રહ્મને ઓળખી શકાય તેવાં અને ગણી શકાય તેવાં વિવિધ રૂપો છે. પરંતુ તેવાં રૂપો નામો અને રૂપોથી ઓળખાતાં સીમિત માત્ર છે. પરમ તત્વને પોતાને નથી શબ્દ, ગંધ, રસ, રૂપ. તે નિરંતર અમર છે. તેની ઉપસ્થિતિ ગમે તે ક્રિયાઓમાં તમે જોઈ શકો છો, તે ક્રિયા તેની યોગ્યતાનાં લક્ષણો તેને આપે છે. શાસ્ત્રોના જે જે ક્ષેત્રોમાં તેની ચર્ચાઓ અને નિર્ણયો છે, તે શાસ્ત્રો માટે તે તે ક્ષેત્ર બ્રહ્મનાં લક્ષણવંતાં બને છે. અમુક સીમામાં કે પાત્રમાં બંધાયેલ જે ચૈતન્ય દેખાય છે તેજ ચૈતન્ય બ્રહ્મ છે. ચૈતન્ય અનાસક્ત હોય છે, તે છતાં જ્યારે તે શારિરીક શરીર જેવા પદાર્થો સાથે સંબંધિત થાય છે, ત્યારે તે આસક્ત છે એવી છાપ પડે છે. સરોવરના જળમાં પડેલું સૂર્યનું પ્રતિબિંબ, જ્યારે સરોવરનું જળ હાલે છે ત્યારે તે પ્રતિબિંબ પણ હાલે છે. તેથી એવું અનુમાન ન થાય કે સૂદૂર આકાશમાં રહેલો સૂર્ય પણ હાલે છે. તે સૂર્ય અને જળની સપાટીને કોઈ સંબંધ હોતો નથી. તે બંને વચ્ચે કોઈ સંબંધ આરોપી શકાય તેમ નથી. તેવીજ રીતે જ્યારે શરીર વધે છે, ક્ષીણ થાય છે, નાશ પામે છે વગેરે થાય છે, ત્યારે આપણા પર એવી છાપ પડે છે કે આત્માને પણ તેની અસર થાય છે. પરંતુ આત્માને કોઈ અસર થતી નથી, બુદ્ધિવાદથી શોધ કરનારાઓ માટે બ્રહ્મ બુદ્ધિથી પર છે. જેઓ તર્ક બુદ્ધિને નિરર્થક સાધન ગણી ફેંકી દઈ દૂર કરે છે, તેજ તેને પામી શકે છે. બ્રહ્મ પાસે પહોંચવાની વિધિ માત્ર અનુભવ છે, પરિણામ તેની સાબીતી છે. તમામ સંશોધનો અને તપાસોનું અંતિમ પરિણામ છે બ્રહ્મજ્ઞાનની

આખરી અવસ્થા. પ્રત્યક્ષ સાક્ષાત્કાર તેનું ફળ છે. સમાધિની સર્વોચ્ચ આવી અવસ્થાએ પહોંચાય જ્યાં ચૈતન્યની તમામ સપાટી પરના સર્વ આવેશો શાંત થઈ જાય છે. અલબત્ત બુદ્ધિ અથવા તર્કશક્તિ માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન જરૂરનાં છે. જે આત્માનો સ્વભાવ જાણી લે છે તેને સત્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. જો તે જાણતો નથી તો તે મહાહાની છે તેમાં શંકા નથી. પ્રત્યેક પ્રાણીમાં અને પ્રત્યેક વસ્તુમાં આત્માની સર્વ વ્યાપક્તાનો સિદ્ધાન્ત સમાયો છે એવું જ્ઞાની સમજી લે છે અને જ્યારે દુનિયા છોડીને જાય છે ત્યારે તે જન્મમરણથી મુક્ત થાય છે.

બ્રહ્મજ્ઞાન તો મનુષ્યનો વારસો છે. તે માટે તે હકકદાર છે. જો મનુષ્યને આટલું ભાન રહે અને ઉપરોક્ત વિધિથી તે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરે, તો તે ખરેખર આ જગતમાં તેનું જીવન સાર્થક થઈ જાય, નહિ તો બધું વ્યર્થ છે. જયારે ચૈતન્યમાં આત્માની ઓળખ થાય છે, વિજળીના ધોધની માફક ઝબકી ઉઠે છે, ત્યારે એકજ ક્ષણમાં તેના પ્રકાશ અને ઝળહળાટ પ્રગટ થાય છે. તેનું સંપૂર્ણ તેજોમય સ્વરૂપ પકડવું અસંભવ છે. મન તો આત્માનું ઘડિયાળ યંત્ર છે. તેનાથી આત્મા નિયમ બધા થાય છે, અથવા તો તેવું આપણને દેખાય છે. તે આત્માની અત્યંત નિકટવર્તી હોઈ આપણે એવું માની બેસીએ છીએ કે તેણે આત્મતત્વ પ્રાપ્ત કર્યું છે, પરંતુ તેવું કરવા તે સમર્થશાળી નથી. નજીક તે હોવાથી સાધકને એવી કલ્પના થાય છે કે તેના મનને આત્મા મળ્યો છે. પરિણામે વારંવાર તેના અનુભવ માટે તે તલસે છે અલબત્ત આ તલસાટ સારો છે કારણ કે બ્રહ્મ સાથેના વિલીનીકરણની શોધને તે વધુ દ્રઢ બનાવે છે.

બ્રહ્મજ્ઞાની માટે ધર્મ અને અધર્મ, ગુણ અને અવગુણ આવા વિરોધો રહેતા જ નથી. મૃત્યુ પછી ધાર્મિક જીવન ઉચ્ચતર લોક મેળવે છે અને અધર્મમય જીવન હલકા લોક પ્રત્યે દોરી જાય છે. પરંતુ ઉત્સુક સાધક માટે આ બન્ને શૃંખલાઓ બંધનની સાંકળો જ છે. અજ્ઞાનનો નાશ કરવા અને સત્ય પાળવામાં જેની દ્રષ્ટિ કેન્દ્રિત થઈ છે, તેવા ઉત્સુક સાધકો આ સાંકળોથી સાવધાન રહે છે. હૃદયને દુન્યવી વસ્તુ સાથે બાંધનારી દોરી તોડવાની કળા તે શોધે છે. તેથી આ ઉપનીષદ જેનાથી પ્રારંભ થાય છે તે પ્રશ્નનો તેને જવાબ જોઈએ છે. મનુષ્યનું મન તેને કયાં સાધનથી પકડે છે ? બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં, તપસ્યા – સંયમ, વૈદિક કર્મો, પ્રતિમાપૂજન બહુ જ સહાયક બને છે. જ્ઞાનને તેના ધ્યેયરૂપે સત્ય રહેલું હોય છે.

આ ઉપનિષદ તમામ સાધકોને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપે છે, જે સત્ય, જ્ઞાન અને અનંત છે તે બ્રહ્મનાં તેમાં નિરૂપણ થયાં.

# ૯

# છાંદોગ્ય ઉપનિષદ

આ ઉપનિષદ સામવેદમાં સંકળાયેલું છે. તેના આઠ વિભાગો છે. પહેલાં પાંચ વિભાગોમાં વિવિધ ઉપાસનાઓ અને આદર્શો પ્રભુની નિકટ જવાનાં સાધનોનાં વર્ણનો છે અને છેલ્લા ત્રણ વિભાગો સત્યજ્ઞાન પ્રાપ્ત કરવાની વિધિ સમજાવે છે. ઉપાસના માટે ચિત્તશુદ્ધ પ્રાથમિક આવશ્યક ભૂમિકા છે અને બ્રહ્મજ્ઞાન માટે એકાગ્ર સમાધિ આવશ્યક છે. કર્મ અને ઉપાસના દ્વારા આ ઉભય પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે બ્રહ્મજ્ઞાન સંપ્રાપ્ત થાય છે, આ કારણથીજ શાસ્ત્રોમાં પહેલાં કર્મ, પછી ઉપાસના અને અંતે જ્ઞાનનાં વર્ણનો આપેલાં છે.

છાંદોગ્ય ઉપનિષદના પહેલા પ્રકરણમાં સામવેદના ભાગ સમાન છે તે ઉપાસનાનાં વિસ્તૃત વર્ણન છે, બીજામાં સમસ્ત સામની વિધિક્રિયા વર્ણવી છે. ત્રીજા પ્રકરણમાં મધુવિદ્યા નામની સૂર્યની ઉપાસના, ગાયત્રિ ઉપાસના અને શાંડિલ્ય વિદ્યા આપેલ છે. ચોથા પ્રકરણમાં સંવર્ગવિદ્યા અને સોળઅંગો વાળી બ્રહ્મવિદ્યા શીખવવામાં આવી છે, પાંચમાં પ્રકરણમાં પ્રાણ - પંચાગ્નિ અને વૈશ્વાનરનાં નિરૂપણો કર્યાં છે.

ઉદાલકે તેના પૂત્ર શ્વેતકેતુને જે જ્ઞાન શિખવ્યું તે એવું છે કે તે જાણ્યાથી - માટી અને સોનું જાણવાથી માટીનાં પાત્રો ઘડા અને તાવડીઓ, સોનાનાં અલંકાર પોંચી અને હાર પણ જાણી લેવાય છે. માટી અને સોનું એ સાચું છે, તેના ઘાટ અને પરિણામો બનેલા પાત્રો અને અલંકારો અશાશ્વત - કેવળ રૂપ અને નામ છે. તેવી જ રીતે વિશ્વ પણ એ પાત્ર અને અલંકારની માફક માત્ર કાર્ય રૂપ છે. તેનું કારણ છે સત્. સત્ એટલે હોવાપણું અર્થાત્ અસ્તિત્વ તમામ ચીજને હોય છે. ઘડો છે. પોંચી છે. ઘડો અને તાવડી પોંચી અને હારના સંગથી 'હોવાપણું' પ્રગટ થાય છે. આ "હોવાપણું" મૂળસ્થૂલ બુધ્ધિને કદાચ દ્રશ્યમાન થાય નહિ, કારણકે તે જાણવા માટે સૂક્ષ્મતાની જરુર છે. ગુલાબમાં જે ગુલાબીરંગ છે તે "છે", ચાહે ગુલાબની ગેર હાજરીમાં પણ ગુલાબી રંગ હોય જ. તે રંગ જ્યારે ગુલાબને લાગી જાય છે, ત્યારે તે દેખાય છે. આવો રંગનો વળગાડ જ્યાં સુધી ન હતો ત્યાં સુધી તે અદ્રશ્ય હતો.

તેવીજ રીતે તમામ વસ્તુનું "હોવા-પણા " નું લક્ષણ વિશ્વાત્મક છે અને વસ્તુઓની અનુપસ્થિતિમાં પણ તે ચાલુ જ રહેલ છે. સૃષ્ટિ સર્જન પહેલાં પ્રારંભમાં આ "હોવાપણુ "જ રહેલું હતું તે વખતે ત્યાં ખાલી જગ્યા હતી જ નહિ. આ "હોવાપણું" ત્યાં સર્વત્ર સમાયું હતું. જ્યારે આ "છે" મૂળ ક્રિયાશક્તિ - માયામાં પ્રતિબિંબિત થયું પરિણામે જે ઈશ્વરે તે ક્રિયામાં ભાગ લીધો, તેણે અગ્નિ પૃથ્વી અને વાયુનાં ત્રણ તત્વ સાથેના વિશ્વરૂપે પ્રગટ થઈ દ્રશ્યમાન થયા. આ ત્રણ તત્વોના

ગુણાકાર ભાગાકાર સરવાળાં સ્વરૂપ આ આખું સર્જન થયું છે. ઉદ્દાલકની વંશપરંપરાની લીટી વેદાધ્યયનમાં ડુબેલી છે તેથી તે ઉત્તમ ઉમદા કુટુંબના નબીરા તરીકે ખ્યાતી પામેલા છે. પરંતુ ઉદાલકના પૂત્ર શ્વેતકેતુ તેના ઉપનયન સંસ્કાર પછીનાં તેના કિંમતી વર્ષો તે આળશમાં ગાળીને, વેદાધ્યયન વગર વ્યર્થ વિતાવતો હતો. આથી ઉદાલકને ચિંતા થતી હતી કે જે બ્રાહ્મણ તરીકે જન્મ્યો હોય તે વેદાધ્યયનની અવગણના કરે તો તેને બ્રાહ્મણના મળેલા સંજ્ઞા માટે તે લાયક નથી. તેને કેવળ બ્રાહ્મણ બંધુ કહેવાય, અર્થાત્ બ્રાહ્મણનો સગો કહેવાય. તેથી ઉદાલકે તેને શિક્ષા કરી અને એક આચાર્ય ગુરૂને ત્યાં જવા ફરજ પાડી. ત્યાં તેની કુશાગ્ર બુદ્ધિથી તેણે ચોવીસ વર્ષના થતાં સુધીમાં તો ચારવેદો અને તેના વેદાર્થો પર સ્વામિત્વ મેળવી લીધું. ત્યાંથી તે ગર્વમાં પૂર્ણ ભભકાથી, અહંકારથી ફૂલાઇને પાછો ફર્યો અને જાહેર કર્યું કે પવિત્ર સદાચાર અને વિદ્વતામાં તેની સાથે સ્પર્ધા કરી શકે તેવો બીજો કોઈ છે નહિ.

તેના અભિમાનને ચુટકી દેવા માટે એક દિવસ ઉદ્દાલકે તેને પુછ્યું, “વિદ્યા અને સદ્દગુણોમાં તારા જેવો બીજો કોઇ નથી એવું માની તું ઉન્મત થયો છે. પરંતુ તારા આચાર્ય ગુરૂએ પરબ્રહ્મનો પરિચય થાય એવો કોઈ સંદેશ તને આપેલો છે ? શાસ્ત્રોના નિરંતર અધ્યયનો નિદિધ્યાસનોથી જ આ જ્ઞાન મળી શકે છે. આ સંદેશો એકવાર સાંભળ્યા પછી, જગતમાં જે કંઈ સાંભળ્યું છે તે તને સાંભળી શકાય છે, જેની કલ્પના કરતાં જ, સંપૂર્ણ કલ્પનાથી કલ્પિત વસ્તુઓની તું કલ્પના કરી શકે છે. આ તત્વ તું શીખ્યો છે ? સર્વ અધ્યયનો અને વિદ્વતાના ફળ - સિદ્ધરૂપ જે આત્મા છે, તે આત્માનાં દર્શન આ સંદેશાથી તને મળી શક્યાં હોત.

શ્વેતકેતુ જેવી વ્યકિતઓનો આધાર આત્મા છે અને વિશુદ્ધ ચૈતન્ય બાહ્ય રીતે - દેખીતી રીતે વિવિધ વ્યક્તિઓમાં સીમીત થએલું દેખાય છે, ગહેરી નિંદ્રામાં – સમાધિમાં આ વૈવિધ્ય અદ્રશ્ય થાય છે અને પ્રત્યેક વ્યક્તિ આ “હોવા-પણા "માં વિલીન થાય છે. પછી અસંખ્ય ક્રિયાઓ અને અનુભવો, “હું રંગ છું, હું ગંગા છું, હું પિતા છું, હું પુત્ર છું” વિગેરેનો વિનાશ થાય છે. ઘણાં ફૂલોમાંથી મધુરતા અને સુગંધ એકઠાં કરીને, મીઠા મધમાં સમાન રીતે તેનું સમિશ્રણ થાય છે, જ્યાં અસંખ્ય વ્યક્તિત્વો નાશ પામે છે. ગંગા, ક્રિશ્ના, ઈન્ડસ વગેરે નદીઓનાં નામો તેનાં સમુદ્રમાં મિલન થતાં લુપ્ત થાય છે.

ત્યારપછી તેઓ સમુદ્ર કહેવાય છે. જીવ, જે શાશ્વત અને અમર છે તે વારંવાર અશાશ્વત નાશવંત રૂપે જન્મ લે છે. પછી કર્મ સંચય કરવાનું કાર્ય તે ચાલુ કરે છે. અંદરની ઉર્મિપ્રેરણાથી કર્મો થાય છે અને આ કર્મો તેનાં પરિણામો સર્જન કરે છે, જે તેણે સ્વીકારવાં અને ભોગવવાં પડે છે. શરીરનો ક્ષય અને મરણ થાય છે. વ્યકિતત્વ પામેલો આત્મા જીવનું ક્ષયમાં મૃત્યુ નથી, કેળનાં

બીને ચગદી નાખો  છતાં તે અંકુરિત થાયજ. મીઠું પાણીમાં પડતાં પકડી શકાય નહિ, છતાં ખારા સ્વાદથી તે ઓળખાય છે.

અજ્ઞાનના ઝાકળથી અંધ થએલો જીવ સત્ય વસ્તુ જાણી શક્તો નથી. વિવેબુદ્ધિથી સત્ય સમજાય છે. એક લક્ષાધિપતિનું અપહરણ કરી તેને ઘોર જંગલમાં એકલો છોડી દે. પરંતુ તેને પોતાના ઘરનો રસ્તો જો જડી જાય છે - તો તે પાછો ઘેર આવે છે. તેવીજ રીતે જીવ તેની લાખોની સંપતિ ફરી સપ્રાપ્ત કરે છે. એક વાર જીવ તેની સાચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરે છે. પછી તે તમામ પરિવર્તનોમાંથી મુક્ત થાય છે. સંસારમાં વણાએલી તમામ તકોમાંથી છૂટી જાય છે. કાળ અને સ્થળના વહનમાંથી – નામ અને રૂપમાંથી મુક્તિ પામે છે. જો આ પ્રતિષ્ઠા તે પામતો નથી તો એક સુખમાં સૂઈ રહેલી વ્યક્તિ જેમ દિવસના ઝંઝાવાતમાં જાગી જાય છે. તેવી રીતે આ જરા મૃત્યુના જગતમાં તે જન્મ પામે છે.

એકમેવ અદ્વિતીયમ્ એવું બ્રહ્મનું વર્ણન છે. આ દ્રશ્યમાન સંપૂર્ણ જગત તસ્વરૂપ મનાય છે. તે સગુણોપાસનાથી પામી શકાય છે. સત્યકામ અને અન્ય ભક્તોએ તે પ્રમાણે પ્રાપ્ત કરેલ છે. બ્રહ્મોપાસનાનો માર્ગ સુશુમ્ણા માર્ગ પણ કહેવાય છે. સર્વવ્યાપક બ્રહ્મ હ્રદયના નભો મંડળમાં જકડી શકાય છે - શોધી શકાય છે. એ છે રાજાનું રાજનગર. તે ત્યાં બીરાજેલ છે માટે હૃદયને બ્રહ્મવેષ્મ કહે છે. બ્રહ્મનું ગ્રહ - અલબત આ અંતરિક્ષસીમિત કરી અનંત બ્રહ્મને માટે બંધન દોરી કરી શકે જ નહિ.

ભૌતિક જગત તરફથી મુખ ફેરવી રહેલા યોગીઓ છે. તેઓ સંપ્રાપ્ત જ્ઞાનની સંપૂર્ણ તેજોમય આભા સાથે પરબ્રહ્મને તેઓના વિશુદ્ધ સ્વચ્છ હ્રદયાકાશમાં પ્રાપ્ત કરે છે, બ્રહ્મના પૈડાની નાયડીમાં વિશ્વો દાંતાઓ માફક જડાયેલાં છે. પડતી જરા અને મૃત્યુ તેને અસર કરતાં નથી, કારણ કે સર્વશ્રેષ્ઠ સત્વ જે કંઇ નિર્ણય કરે છે તે પામે છે જ. તેને સત્ય કામ અને સત્ય સંકલ્પ કહે છે. ખરેખર આ પરબ્રહ્મ શું છે ? તેને એકજ કસોટીથી આપણે જાણી શકીએ, નેતિ નેતિ પ્રક્રિયા દ્વારા સર્વ બાદ કરતાં જે અવશેષ રહે તે છે બ્રહ્મ.

આત્મા ઈચ્છુકો શોધી રહ્યા છે તે સત્ય આ છે. તે પામતાં તેઓ શહેનશાહનું પદ પામી જાય છે અને ફાવે ત્યાં વિચરી શકે છે. જે વિશુદ્ધ સત્યમાં પ્રતિષ્ઠિત થયો છે તેવો જ્ઞાની, તેના હૈયે ઉઠતી તમામ ઇચ્છાઓ, સત્યનાંજ કથનો છે એવું જોઈ શકે છે.

તમામ દુનિયાઓની ઉપર આત્મા રહે છે, તે નિષ્કલંક છે. જે કેવળ આત્માનેજ ઓળખે છે, તે સર્વદા સુખ શાંતિ અનુભવે છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું મહત્વનું પગથીયું બ્રહ્મચર્યાવસ્થા છે. યજ્ઞો, ઉપવાસો અને બીજા વ્રતો પણ તેટલા જ સહાયક છે. શરીરનાં અસંખ્ય જ્ઞાનતંતુઓ

દ્વારા સૂર્યમંડળની શક્તિ ઉભરાતી હોય છે. મૃત્યુ સમયે ઈન્દ્રિયો મનમાં વિલીન થાય છે. જે જીવને મનના બંધનમાં હતો ત્યાં સુધી એવું લાગતું હતું - તે જીવને ભાન થાય છે કે આ બધું તો આવું છે ત્યારે જીવ હૃદયાકાશમાં જ્ઞાનતંતુ દ્વારા દોડી જાય છે. અંતકાળે મૃત્યુ સમયે સુષુમ્ણામાંથી જીવ સૂર્ય કિરણો તરફ બહાર નીકળી જાય છે અને ત્યાંથી સૂર્ય લોકમાં જાય છે. જીવની યાત્રાનો ત્યાંજ અંત આવતો નથી, ત્યાંથી આગળ બ્રહ્મલોકમાં તે પહોંચે છે.

અજ્ઞાનના કાદવમાં સપડાયેલો જીવ જે મન સાથે તાદામ્ય થયો છે તે મનના આવેશોમાં તાદાત્મ્ય અનુભવે છે. તે જીવ કાન - આંખ અગર બીજી ઈંદ્રિયોમાંથી નીકળી જાય છે અને જ્યાં કર્મનું પ્રાધાન્ય છે તેવા લોકમાં તે જાય છે. ગાઢ નિદ્રામાં સંતોષ અને આનંદની જે અનુભૂતિ થાય છે, તે વ્યકિતમાં ચાલુ રહેલા અજ્ઞાનના પરિણામરૂપેજ હોય છે.

નિર્ણય લેવા માટેનો સ્ત્રોત અને આધાર છે ચિત્ત. તમામ નિર્ણયો, ઠરાવો અને યોજનાઓ ચિત્તમાંથી જન્મે છે. તે તેનાજ સ્વરૂપનાં હોય છે. તે ત્યાંજ સર્જાય છે, ત્યાંજ નોંધાય છે. તેથી જ જ્યારે વિદ્વાન વ્યક્તિ મૃત્યુ શરણ થાય છે ત્યારે તેની તમામ શાસ્ત્ર વિશારદતા દબાઈ જાય છે અને એક સામાન્ય મનુષ્ય જેવો તે બની જાય છે અને એક અજ્ઞાની જીવ જેવું તેનું નશીબ થાય છે. ચિત્તને બ્રહ્મચિંતનમાંથી તરબોળ કરેલું રાખશો તોજ મુક્તિનું સાધન બનશે અને સંકલ્પોની સાંકળમાંથી છૂટું થવાશે. જેવી રીતે ચિત્ત કરે છે તેવી રીતે મન્ પોતે પોતાને મુક્ત કરી શકશે નહિ. ચિત્ત નિર્ણયો વચ્ચેના ભેદો વિવેકથી સમજી શકે છે તેને કર્તવ્ય અને અકર્તવ્યની કસોટી પર કસે છે અને યોગ્ય દલિલો દ્વારા તેના કરેલા વર્ગીકરણને ન્યાયયુક્ત સ્થાપીત કરે છે. એકવાર પસંદગી થાય છે ,શબ્દો તે બોલે છે. નામ તેને ઓળખાવે છે, વિશિષ્ટ ધ્યાનસ્વરૂપ અથવા મંત્રો એ નિર્ણયને એકાકાર કરે છે જેને વિશુદ્ધ ચિત્ત ફરજ રૂપે સ્વીકારે છે. ક્રિયાવિધિ મંત્રો સાથે એકરૂપ બને છે. ચિત્ત વિના કોઈ યોગ્ય કર્મ હોઈ શકે જ નહિ.

હવે બીજી વાત છે ધ્યાનની. ધ્યાન તો ચિત્તથી પણ ચડિયાતું છે. બુદ્ધિને દિવ્યતા ઉપર કેન્દ્રિત કરવી તેનું નામ છે ધ્યાન. બુદ્ધિ જ્યારે પ્રતિમાઓ – પૂતળાઓ અથવા શાલીગ્રામો જેવા ઉતરતા પ્રકારની સહાયમાં ઊંચે ચઢે છે ત્યારે આવું ધ્યાન કરવાનું હોય છે. ધ્યાનમાં તમામ આવેશો શાંત થાય છે. તમામ વિકૃતિઓ દેખાતી બંધ થાય છે. તમોગુણ અને રજોગુણની પણ અસરનાં કારણે પાણી, પર્વતો, ટેકરીઓ, તારલાઓ, ગ્રહો, દિવ્ય તણખાયુક્ત માનવો જેવી તમામ પેદા થએલી વસ્તુઓ, આવેશોને આધીન હોય છે - પરિવર્તનશીલ હોય છે. ધ્યાન કરતાં પણ વિજ્ઞાન વધારે સારૂં શાસ્ત્રોમાં તરબોળ થએલી વિદ્વતા જે જ્ઞાનના પાયા પર નિર્ધારીત છે તેને વિજ્ઞાન કહેવાય છે. તે ધ્યાન દ્વારા પામી શકાય છે અને તે ધ્યાન કરતાં વધારે મુખ્યવાન છે.

વિજ્ઞાનથી ચડિયાતું છે - બળ. ધૈર્ય સામર્થ્ય તે ભૌતિક જગતને પ્રકાશીત કરે છે. તે પ્રભાતને તીક્ષ્ણ બનાવે છે. જ્ઞાન વિષયોનો ચૈતન્ય ભાન જે શક્તિ દ્વારા થાય છે તેને પ્રતિભા કહે છે પ્રતિભાથી પણ ચડિયાતી હવે એક વસ્તુ રહેલી છે. તે છે અન્ન - ખોરાક પાલકતત્વ. એ છે જીવનનો ટેકો. અન્ન વગરના દશ દિવસનો મનુષ્ય કંઈ પણ વસ્તુ પકડવાની શક્તિ વગરનો બની જાય છે. અભ્યાસ કરવાનું ગુરૂસેવા કરવાનું તેના ઉપદેશો સાંભળવાનું તેમણે શીખેલી વસ્તુ પર યાદશક્તિ અને તેજની પ્રાપ્તી તો જીવન આપે છે.

તેજ - પ્રકાશતત્વ પ્રતિભા અને અન્નથી પણ ઉચ્ચતર છે. તે જ અગ્નિ છે, તાપ છે, પ્રકાશ છે તેજથી જળ બને છે, જળથી અન્ન બને છે, તેજથી પવન પણ હલકો બને છે. તેજ વિજળીરૂપે ચમકે છે અને મેધગર્જનરૂપે ગાજે છે.

યાદ રાખો કે આકાશ તેજ કરતાં પણ ચડિયાતું છે. એ આકાશ દ્વારા જ ધ્વનિઓ પકડાઇને પ્રસરે છે અને સંભળાય છે. પ્રેમ અને ખેલ આકાશની પેદાશ છે. આકાશના કારણે બીજ અંકુરિત થાય છે.

હવે એ પણ વિચારો. આકાશથી વધારે ચઢિયાતુ છે સ્મરણ. તેના વિના તમામ અનુભવો નિરર્થક છે, તમામ જ્ઞાન વ્યર્થ છે, તમામ પ્રયત્નો હેતુરહિત છે. સ્મરણની સહાય વિના કોઈ વસ્તુનો અનુભવ થઈ શકે જ નહિ. સ્મરણની ગેરહાજરીમાં આકાશ જેવી વસ્તુઓ પણ ઓળખી ન શકાય તેવું બને છે. સ્મરણ આકાશને સર્જે છે - અન્ય વસ્તુઓને પણ સર્જે છે એવું કહીએ તો ખોટું નથી. જે જીવ શાશ્વત અને અમર છે તે વારંવાર અશાશ્વત વિનાશી તરીકે જન્મો લે છે, તે કર્મ સંચય કરવાનું ચાલું જ રાખે છે, વારસાગત વાસનાઓથી પ્રેરાઇને કર્મો કરતો જ રહે છે અને આ કર્મો તેના પરિણામો સર્જે છે, જે તેણે સ્વીકારવાં અને ભોગવવાં પડે છે. જરા અને મરણ શરીરને થાય છે. વ્યક્તિત્વ પામેલા આત્માનો - જીવનો ક્ષય કે મૃત્યુ હોતાં જ નથી. કેળના બીજને ચગદી નાખો છતાં તે અંકુરિત થાય છે. મીઠું પાણીમાં પડે પછી પકડાતું નથી છતાં તેના ખારા સ્વાદથી તે ઓળખાય છે.

અજ્ઞાનના ઝાકળથી આંધળો થએલો જીવ સત્ય વસ્તુ જાણી શક્તો નથી. વિવેક બુદ્ધિથી સત્ય સમજાય છે. એક લક્ષાધિપતિનું અપહરણ કરી કોઈ તેને ઘોર જંગલમાં એકલો છોડી મૂકે, પરંતુ તેને પોતાના ઘરનો રસ્તો જડી જાય છે, તો તે પોતાને ઘેર પાછો આવે છે. તેવી જ રીતે જીવ લાખની સંપત્તિ સંપ્રાપ્ત કરે છે પછી તે તમામ પરિવર્તનોમાંથી મુક્ત થાય છે. સંસારમાં વણાએલી તમામ તકોમાંથી તે છૂટી જાય છે. કાળ અને સ્થળનાં વહનમાંથી, નામ અને રૂપમાંથી મુક્તિ પામે છે. જો આ પ્રતિષ્ઠા તે પામતો નથી તો એક સુખમાં સુઈ રહેલી વ્યક્તિ, જેમ દિવસના ઝંઝાવાતમાં જાગી જાય છે તેવી રીતે આ જરામૃત્યુયુક્ત જગતમાં તે જન્મ પામે છે.

એકમેવ અદ્વીત્તમ્ એવું બ્રહ્મનું વર્ણન છે. આ દ્રશ્યમાન સંપૂર્ણ જગત તત્સ્વરૂપ મનાય છે, તે સગુણો પાસનાથી પામી શકાય છે. સત્યકામ અને બીજા ભક્તોએ તે પ્રમાણે પ્રાપ્ત કરેલ છે. બ્રહ્મપાસનાનો માર્ગ સુષુમ્ણામાર્ગ પણ કહેવાય છે. સર્વવ્યાપક બ્રહ્મહૃદયના ૯ નભોમંડળમાં જકડી શકાય છે, શોધી શકાય છે, એ છે રાજાનું પાટનગર. તે ત્યાં બીરાજેલ છે માટે હૃદયને બાહ્યનુગ્રહ અલબત્ત આ અંતરિક્ષ સીમિત કરીને અનંત બ્રહ્મને માટે બંધન દોરી શકે જ નહિ.

વસ્તુઓ અને શક્તિઓનાં સંબંધિત મહત્વો અને મૂલ્યોનો પૃથક્કરણ કરીને ભૌતિક શરીર સાથે પોતાને તદ્રુપ ગણવાનું મનુષ્યે છોડી દેવું જોઈએ અને પોતાનું સત્યસ્વરૂપ પીછાણવું જોઈએ. આવો મનુષ્ય ઉત્તમપુરૂષની ઉચ્ચ સપાટી પર ચડે છે. સર્વશ્રેષ્ઠ ઉમદાપુરૂષ બને છે. તે દેહની સગવડતાઓ, સવલતો અને જરૂરીઆતોની પરવા રાખ્યા સિવાય હસતો, ખેલતો, ફરતો વિહરે છે. દેહ સાથે સંકળાયેલો મનુષ્ય સંસારમાં પકડાયો છે જે બંધનમાંથી વિમુક્ત થયો છે તેજ કર્મ માટે સ્વ-સ્વરૂપ તેનું ક્ષેત્ર બને છે. પવન, વીજળીઓ મેઘ ગર્જનનાં અસ્તિત્વ કાયમનાં રહેતાં નથી. જ્યારે ચોમાસાની ૠતુ આવે છે ત્યારે તે આકાશમાં દેખાય છે અને તેમાંજ તેનો લય થાય છે. તેવી જ રીતે વ્યક્તિત્વ પામેલો જીવ, એક વખત બ્રહ્મની પાર્શ્વભૂમિકાથી અલગ થયો દેખાય છે, પણ અંતે તેમાંજ તે વિલીન થાય છે.

આ અષ્ટાધ્યાયી ઉપનિષદ હીરણ્યગર્ભ  કશ્યપ પ્રજાપતિ મનુ અને મનુષ્યમાંથી ઉન્નત થએલા વિષયોની પંક્તિઓનો ઉપદેશ આપે છે. આવો વારસો અને ઉપદેશનાં ગૌરવ કરવા તે માનવો માટે મહત્વની વાત છે. પિતા પાસેથી પુત્રોએ અને ગુરૂ પાસેથી શિષ્યોએ તે શીખવાની જરૂર છે.

# ૧૦
# ઐતરેય ઉપનિષદ

ઋગ્વેદ સાથે આ ઉપનિષદ સંકળાયું છે. તે છ પ્રકરણ - રત્નોથી ઝળહળીત છે. તેમાં સર્વોત્તમ આત્મસિદ્ધાન્તનું વર્ણન છે તેથી તે આત્મષટક નામથી પ્રસિદ્ધ છે. અર્થાત્ આત્મષષ્ઠ. આ ઉપનિષદમાં સાધકને ભ્રાંતિ અને અજ્ઞાનના વિનાશથી જે આત્મદર્શન પરિણામરૂપે છે તે પામવાની શક્યતા બતાવવામાં આવી છે. તેના માટે વ્યવહાર અને વિશીષ્ટ એવા બે શબ્દો વાપર્યા છે. વ્યવહારની ભાવનાથી વપરાયેલા શબ્દો જીવનું સૂચન કરે છે. બાહ્ય જગતમાં જ્ઞાનેન્દ્રિયો દ્વારા પ્રત્યેક જીવમાં આત્મા રહેલો દેખાય છે. મૂળ ધાતુ અત્ માંથી શબ્દ નીકળ્યો છે, જેનો અર્થ છે વિસ્તાર, ક્ષય અને ચલન ક્રિયા તેથી આત્મા શબ્દ, વિશ્વ વ્યાપક્તા, વિશ્વ સંમિશ્રણ અને સતત ક્રિયાશીલ હલન -ચલનના ભાવો પ્રગટ કરે છે અર્થાત્ તે બ્રહ્મ સ્વયંનો તેમાં સમાવેશ કરે છે.

જાગ્રત અવસ્થામાં તમામ અનુભવો માણે છે, સ્વપ્નાવસ્થામાં જોવાની તથા ક્રિયા કરવાની ઇન્દ્રિયો પોતાની ક્રિયાઓ બંધ કરી દે છે ત્યારે તે પોતાના જ રૂપો અને માપો બ્રહ્મ જગતમાંથી એકઠા કરેલા અનુભવો અને તેની પડેલી છાપો પરથી પેદા કરે છે. ગહેરી નિદ્રાની અવસ્થામાં સુષુપ્તિમાં તે પ્રત્યેક સ્થળે અંતરસ્થ રહે છે અને ત્યાં મૂળ અભિનય વિશુદ્ધ પ્રશાંતી છે તે ધારણ કરે છે ત્યારે અંદર અને બહારની વસ્તુઓથી અજાણ રહે છે. ત્રણ અવસથાઓ અનુભવોને અનુરૂપ વિશ્વનો અર્થ રહેલો છે. દેખાતાં સમય જગ્યા અને પરિસ્થિતિના બંધનોને કારણે આત્મા પણ પરિસ્થિતિબધ્ધ અને સિમિત લાગે છે. પરંતુ આત્માનો આ સાચો સ્વભાવ નથી. સાચું સ્વરૂપ નથી તે એજ અનંત નિત્ય છે, તે સર્વજ્ઞ છે. સમર્થ છે, અગુણ છે, તે અજર છે, નિર્દોષ છે. ચૈતન્ય છે. મુક્ત છે. તે અદ્વિતીય અપૂર્વ વિભાગો વિહીન સંપૂર્ણ છે.

બાહ્ય જગત પ્રત્યક્ષ દર્શનથી અનુભવી શકાય છે. તેથી આ અગર પેલું તરીકે ચીંધી શકાય તે બધુયે, અથવા નામ અને રૂપ દ્વારા ઓળખાય છે તે તમામ "સૃષ્ટિ" માં સરવાળા રૂપે સમાયાં છે. સૃષ્ટિ એટલે એક ક્રિયાકર્મ - એક પરિણામ - તો પછી આ એકક્રિયા પહેલાં શું હતું ? "इदं अग्र आत्मा एय आसीत" આ પહેલાં આત્મા એકલો જ હતો. આ સૃષ્ટિ જે પેદા થઈ છે તે ગુપ્ત હતી. આગળ જતાં તે પ્રત્યક્ષ બની તેની ગુપ્ત અવસ્થામાં સ્વયં આત્મામાં પણ તે અદ્રશ્ય હતી, બહુસ્યામની તીવ્ર ઈચ્છા પ્રગટ થઈ ત્યાં નામોનાં અસંખ્યતત્વો ખીલી ઉઠ્યાં અને આ આખું વૈવિધ્ય નજર પાસે ખડું થઇ ગયુ. ઇંદ્રિયો દ્વારા અનુભવી શકાય — આ છે પ્રત્યક્ષ ખડા થયાની કસોટી.

મુખ્યત્વે વિચારતાં નામ એતો શબ્દના પ્રત્યક્ષ ધ્વનિનું સ્વરૂપ છે. આ રંગ છે. એવો જ્યારે રંગ અવાજ પેદા થાય છે, ત્યારે તે સાંભળનાર તે ધ્વનિ દ્વારા પ્રદર્શિત વ્યક્તિ તરફ ફરીને જુએ છે અને તે “રંગ  છે એમ ઓળખે છે શબ્દ અને તેનો અર્થ અભિન્ન છે આ બંને જણ પણ સૃષ્ટિ સર્જન પહેલાં અસ્તિત્વમાં ન હતા; તેથી આત્મા અને અદ્રશ્ય જગત બુદ્ધિથી પર અને શબ્દાતીત હતાં. સૃષ્ટી સર્જન થયા પછી નામ અને રૂપ આ તમામનું સારતત્વ બન્યું ત્યારથી શબ્દો અને તેના અર્થો વડે સર્વ કાંઈ સમજી શકાય તેવું બન્યું. આત્મા અદ્વૈત હતો - છે - અને રહેશે. નામ અને રૂપની વિવિધ ફળદ્રુપતાનું અસંખ્ય પ્રાગટ્ય એનું નામ છે જગત, પરંતુ મૂળમાં તે એક અપૂર્વ વસ્તુ છે.

એક એકાકાર સમુદ્ર ફીણરૂપે, પરપોટાઓ રૂપે, મોજાંઓ રૂપે તરંગ લહરીઓ રૂપે દેખાય છે. તેવી જ રીતે એક અપરિવર્તિતમાંથી જ દેખાતા અસંખ્યત્વની સૃષ્ટિ ઘણ પ્રગટ થાય છે. આ અસંખ્યત્વ એ છે નેત્રદોષ- અજ્ઞાન. આત્મા સિવાય અન્ય કોઈ બીજી વસ્તુનું અસ્તિત્વ માનવાની કોઈ જરૂર નથી. આ અજ્ઞાન નેત્રદોષ અગર માયા કેવળ આત્માની ઈચ્છાનું જ પરિણામ છે. તે આત્માથી ભિન્ન નથી. શક્તિશાળી વ્યક્તિથી તેની શક્તિ અલગ હોય નહિ.  ખરૂને ? પરિચ્છેદ અને ભેદવિહોણો આત્મા પોતાની જાત અથવા વિવિધ વિભાગો અથવા પોતાની લાક્ષણિક્તાથી અપરિચ્છિન છે, તેને “એક એવ” રૂપે એક માત્ર રૂપે નિસંશયાત્મક ઘોષિત કરેલો છે.

પરંતુ આ બધું એક રૂપે છે તે વાત આટલી જલ્દી સ્પષ્ટ થઈ શક્તી નથી. જેવી રીતે એક દોરડું સાપ જેવું દેખાય છે અથવા રેતીમાં મૃગજળની ભ્રાંતિ થાય છે, તેના જેવો જ આ વિચાર છે. આત્મા પણ આપણને જગત છે, એવું ઉંધી રીતે દોરવણી કરીને ભ્રમણામાં નાખે છે. આ બધી જાદુગરીની રમતો છે. જે પરમાત્માની ઈચ્છાથી બની છે. દોરડામાં સર્પનો આભાસ તેનું મૂળ કારણ દોરડું છે. આત્મા ઇંદ્રિયાતીત છે. તેને નથી અવયવો કે નથી શરીર, આત્મા વિશુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે. તેમાંથી જગત કેવી રીતે સર્જાય છે એવા પ્રશ્નો કરનારા જીજ્ઞાસુ વિવેચકોને આ બધુ મિથ્યા ભ્રમણા છે, એવોજ ખુલાસો સંતોષ આપી શકે છે.

સર્વ કોઈ આત્મા છે - વૈવિધ્યની ભ્રાંતિરૂપ માયા પણ આત્મા છે. આત્મા એટલો પ્રબળ છે કે જ્ઞાનેન્દ્રિયના અંગોના સાધનો દ્વારા કર્મો કરાવે છે. ત્યારે તમે કહો છો કે આ તો મારી ઈચ્છા અને શક્તિને લઈને મેં કર્યું છે. ખરેખર તે આત્માએ કર્યું છે તેથી દેખાયું છે એવી ભ્રમણા છે.

આ પ્રમાણે સૃષ્ટિ સર્જન થયું છે તેમાં ચૈતન્ય નથી; તેથી તેનું એક યંત્રની માફક સંરક્ષણ કરવાનું હોય છે. આવી રીતે તૈયાર કરેલું યંત્ર તેના નિર્માણ પછી પણ તેને બનાવનાર કારીગર અથવા યંત્રકાર વિના તે યંત્ર ચાલે શી રીતે ? તેણે પાંચ તત્વોમાંથી વિરાટ પુરૂષનું સર્જન કર્યું. તેણે તેનું માથું તથા બીજાં અંગો આપ્યાં. જેવી રીતે કુંભાર જાતે ખોદીને મેળવેલી માટીમાંથી

પૂતળું બનાવે તેવી રીતે પંચત્તત્વોમાંથી વિરાટ પુરૂષ બન્યો છે. તે પુરૂષના અવયવોમાંથી લોકપાલો બન્યા. પછી પ્રત્યેક ઈંદ્રિયને અલગ અલગ જુદી કરી તેના તેને યોગ્ય દેવની સ્થાપના કરી. આગળના ભાગમાં ચહેરો અને મુખ છે. મુખનું કામ છે વાક એટલે વાણી અને વાણીના દેવતા આપ્યા છે અગ્નિદેવ. તેવી જ રીતે નાક, નેત્રોની ઈંદ્રિયો અને તેના દેવતા સર્જન કરી તેની જેના તેના માટે સ્થાપના કરી.

આ દેવતા ઈંદ્રિયોને આશિર્વાદ આપે છે અને તેઓ સુયોગ્ય રીતે કામ કરે છે તેની સંભાળ રાખે છે. આંખ, નાક અને કાન બાહ્યદ્રષ્ટિએ બરોબર હોય છતાં તેના પ્રમુખ દેવતાની સહાય વિના તેઓ કંઈ પણ કરી શકતાં નથી. દેવોને અર્પણ કરેલા જળમાંથી ગાય અને ઘોડો પેદા થયાં. પરંતુ દેવોને હજી અસંતોષ હતો તેથી  તેઓની પ્રાર્થનાના જવાબ રૂપે વિરાટપુરૂષ સમાન એક પુરૂષ પેદા કર્યો. આ પુરૂષમાં વિવેક શક્તિ મળેલી હોવાથી દેવો પ્રસન્ન થયા. માનવના સિવાયનાં બીજા બધાં શરીરો કર્મફળ ભોગવવા માટેનાં જ સાધનરૂપ હતાં. માનવ દેહ એકલો જ મૂક્તિનું સાધન છે.

શરીરમાં પ્રવેશીને પરમાત્મા, ભૌતિક જગત સાથે મન અને ઈંદ્રિયોના જોડાણના સ્વામી બને છે. એક અભિનાયક માફક તે બાહ્ય જગતનો સંબંધ કરે છે અને આગલા જન્મોના તમામ શિક્ષણપાઠોનો અનુભવ કહે છે. પરમાત્માની હાજરીમાં ઈંદ્રિયો સમય સાથે પગ મીલાવી એક પદાર્થ પરથી બીજા પર ફરતી નાચે છે.

આ પ્રમાણે પરમાત્મા જીવરૂપે સર્વને પ્રકાશીત કરે છે. જીવાત્મા રૂપે સીમિત થએલા પરમાત્માને વિહારરંજન માટે ત્રણ ક્ષેત્રો છે, આંખ, ગળું અને હૃદય. જ્યારે આત્મસાક્ષાત્કાર થાય છે અને તે માટે પ્રયાસ થાય છે ત્યારે આખો વિશિષ્ટ પ્રકાશ ચમકી ઉઠે છે. આ સિદ્ધ વાત છે. જીવને જ્યારે સત્યની પ્રાપ્તી થાય છે, ત્યારે આત્મા સિવાય આ બધું વ્યર્થ છે એવું કદાચ વર્ણન કરી શકે નહિ પણ સ્વયંબ્રહ્મ આ સર્વરૂપે દેખાય છે તેવું તેજ જ્ઞાન તો થાય છે જ. જીવ અને બ્રહ્મનાં ઐક્ય અભેદનો ઊંડો મર્મ જે જાણે છે તેને તેના જીવનનું લક્ષ્ય મળી ગયું છે તે વાત નિશ્ચિત છે. આ બાબતમાં જરાપણ શંકા નથી.

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિની અવસ્થાઓ આત્મા સાથે સંબંધિત નથી. તેઓ કેવળ ભૌતિક જ્ઞાનવિષયક કારણો અને તેનાં પરિણામો સાથે સંકળાયેલી હોય છે. પ્રત્યેક માનવને બે શરીરો છે. એક પોતાનું અને એક પૂર્વજન્મનું. જપના ઉપદેશના અભ્યાસનું કર્તવ્ય અને એવાં સુપ્રત કાર્યો પૂત્રને તેના પિતા પાસેથી પરંપરાગત, તેના મૃત્યુ કાળે મળે છે અને પોતાના પિતાના પ્રતિનિધિ રૂપે અને પિતા વતી તે કામો આગળ ધપાવે છે. પછી પિતા તેનો આ દેહ છોડી દે છે અને આ જન્મમાં તેણે કરેલાં કર્મો અને વલણોની સાધના અને સિદ્ધિ પ્રમાણે બીજો દેહ ધારણ

કરે છે. પિતાનો આ ત્રીજો જન્મ ગણાય છે. પહેલાં ત્રણ મંત્રો બે જન્મોનો ઉલ્લેખ કરે છે. તે છે ભૌતિક અને આધ્યાત્મિક. હવે ત્રીજો ઉમેરાય છે – પુત્ર દ્વારા ચાલું રહેલો દેહ.

યમદેવ ઋષિએ આ સ્વરૂપે આત્મસ્વરૂપ જાણ્યું અને ભૌતિક જગતના સતત પ્રવાહમાંથી મુક્ત થયા.

# ૧૧
# તૈતરીય ઉપનિષદ

આ ઉપનિષદનો વિશિષ્ટ પ્રતિપાદનનો વિષય છે બ્રહ્મવિદ્યા. તેના ત્રણ વિભાગો છે. શિક્ષાવલ્લી, આનંદવલ્લી અથવા બ્રહ્મવલ્લી અને ભૃગુવલ્લી. બ્રહ્મજ્ઞાન ઈચ્છુકો માટે પાછલી બે વલ્લીઓ બહુજ મહત્વની છે. શિક્ષાવલ્લીમાં માનવના જીવનરાહમાં દેવો અને ઋષિઓએ મૂકેલા કેટલાક અંતરાયો પાર કરવાની વિધિના વર્ણનો છે. આ શિક્ષાવલ્લીને અનુવાક અર્થાત્ પ્રકરણો છે. બીજી બે વલ્લીઓમાં એજ ઉપદેશ વારૂણીવિદ્યાનાં વિવેચન છે, જે મૂક્તિ માર્ગે દોરે છે. વાસ્તવમાં તેઓ એક સરખાં જ છે. અભ્યાસ માટે સરળતાના ઉદ્દેશથી તેજ બે પ્રકરણોમાં વર્ણવ્યા છે એ ચોક્કસ છે.

શિક્ષાવલ્લીમાં કર્મમાં જે વિરોધ કરે તેમ નથી એવી સંહિતાના વિષયો અને કર્મ સાથે સંકળાએલ એવી ઉપાસનાના વર્ણનો છે. આ સ્વરાજ્ય પ્રતિ દોરી જાય છે. પરંતુ આટલાથી જ સંસારનો અથવા સંસાર પ્રવાહનો વિનાશ થતો નથી. ઉપાસના ઈચ્છાની સાથે રહે છે, તેથી કર્મની માફક જ, ઉપાસના પણ મુક્તિને લાવતી નથી. આ સંપૂર્ણ ચલિત પ્રવાહ - આ સંસાર જીવને અજ્ઞાનને લઇને છે. તેનું પરિણામ છે બંધન. તેથી જ્યારે અજ્ઞાનનો નાશ થાય ત્યારે બંધનો ઢીલાં પડે અને મુક્તિ પામી શકાય. સાહજીક કારણ દ્વારા આ અજ્ઞાન ચાલુ જ રહે છે. આ કેવળ ભ્રમણા છે. જેવી રીતે બાજુના પાટા ઉપર રેલગાડી ચાલે છે અને તમારી રેલગાડી ઊભી હોય છતાં બાજુની રેલ ગાડીના ચાલવાથી તમને એવી ભ્રાંતિ થાય છે કે તમારી ગાડી ચાલે છે. તમારી ગાડી સ્થિર હોય છે - સત્ય તો બાજુની ગાડી ચાલે છે. તેના જેવીજ આ અજ્ઞાનની ભ્રમણા યા બીજી ભ્રાંતિ છે. તમે તમારી ગાડીને બરાબર જુઓ - તમને સત્ય સમજાશે. બીજી ગાડીને જોશો તો તમે છેતરાશો. આ ભ્રમણાનું કારણ શોધવાની જાણવાની જરૂર નથી. તેમાંથી કેમ બચી જવાય તેજ સાધન શોધો. આ અજ્ઞાન એક બીજ છે જેમાંથી સંસાર અંકુરિત થાય છે, તે અજ્ઞાન બ્રહ્મજ્ઞાનથી જ નાશ પામી શકે છે તે સિવાય બીજી કોઈ પદ્ધતિ નથી.

સર્વ કાંઈ જે બન્યાં છે – પ્રત્યેક વસ્તુ જ પરિણામ રૂપે થાય છે તે અલ્પ જીવી છે, આ હકીકત શાસ્ત્રોમાંથી તેમજ અનુભવ અને દલિલો દ્વારા સિદ્ધ થએલ છે. વિધિયુક્ત વર્ણવેલા શુભકર્મો પૂણ્યકર્મો - યજ્ઞકર્મોથી પ્રાપ્ત કરી શકાય તેવાં કર્મોથી સંપ્રાપ્ત થતા ઉચ્ચતર સ્વર્ગ સરખા દિવ્ય સ્થાનોની પણ બ્રહ્મજ્ઞાન ઇચ્છુકો પરવા કરતા નથી અને અહેવાલના કરે છે. એવું શાસ્ત્રો કહે છે, કારણ કે સ્વર્ગમાં રહેનારાઓ માટે પણ મૂક્તિ મેળવવી તેઓની શક્તિ પરની વાત છે. કર્મના પરિણામો છે સ્વર્ગ અને નર્ક. આ પેદા કરેલી વસ્તુઓ છે અને તેથી તે શાશ્વત નથી.

તેઓને જન્મ - વૃદ્ધિ - ક્ષય અને મૃત્યુનાં બંધનો વળગેલાં છે. અનાદિ -કાળથી તેઓનું અસ્તિત્વ નથી. તેઓને બનાવ્યા છે - પેદા થયાં છે. તે કર્મ પહેલાં તે ન હતાં. તે ભૂતકાળમાં ન હતાં અને ભવિષ્યમાં હશે નહિ, તે વર્તમાનકાળમાં પણ નથી જેવું જ ગણાય. કર્મના ફળમાં આ ગુણ રહેલો છે અને તેથી તે શાશ્વત આનંદ આપી શકે જ નહિ.

આકાશના સર્જાનમાં હવે કોઈ પ્રયત્ન કરો પરિણામ નહિ થાય. જે પ્રથમથી જ છે તેમાં કોઈ નવું પેદા કરી ઉમેરી શકશે નહિ. મોક્ષ અસ્તિત્વમાં જ હોય છે અને સ્વયંસિદ્ધ છે. તેને કર્મ દ્વારા નવો પેદા કરી શકાતો નથી. મોક્ષનો અનુભવ થવામાં જે અજ્ઞાનનો પડદો તેને સંતાડે છે તે અજ્ઞાન અદ્રશ્ય થતાંજ તમે મુક્ત બની જાવ છો. તમે તમારું સત્ય સ્વરૂપ જાણી લો છો. તમે બંધનમુક્ત બનો છો. તે ક્ષણ પહેલાં પણ તમે મુક્ત જ હતા, પરતું તમોને એવી કલ્પના હતી કે તમે બંધાયેલા હતા અને તમે જાણે બંધાયેલા હતા તેવું વર્તન કરતા હતા. તમે બંધાયેલા છો તે વિચારમાં છૂટા કેવી રીતે થવાય ? શ્રદ્ધાપૂર્વક વેદોના ઉપદેશોનું શ્રવણ કરવાથી છૂટા થવાશે. તો જ અજ્ઞાન નાશ પામશે. આ ઉપનિષદમાં બ્રહ્મવલ્લીએ તેની પાસે આ મહાકાર્ય આગળ ધર્યું છે.

કર્મો કરીને તેનાં અસંખ્ય ફળો પામવા લાલાયીત થવા મનુષ્યની ભાવના અજ્ઞાન જનિત છે. આવી અજ્ઞાનની પ્રેરણા કુદરતી રીતે થાય છે. પછી તેઓ નિરાશ થાય છે અને તેઓને વધુ બંધનકારી બનાવે છે અને તેઓને મુક્ત થવામાં મદદરૂપ થતાં નથી. યદિ વૃદ્ધિના આ ભયંકર સંસાર પ્રવાહ અને તેનો ક્ષય ભયયુક્ત બનાવી ધ્રુજાવી નાખે તેવો છે તે છતાં કર્મોની ફ્લેચ્છાની લાલસા ફેંકી હટાવી દેવી કઠીન છે.

આ ઉપનિષદમાં સત્યમ્ જ્ઞાનમ્ અનંતમ્ - આ ત્રણ શબ્દો બ્રહ્મનાં લક્ષણો વર્ણવવામાં કે સહેતુક વર્ણવેલા છે. આ ત્રણ અલગ શબ્દો - અન્યમાંથી માત્ર એક બ્રહ્મને શોધીને બરાબર ઓળખી કાઢવા માટે, તેના ગુણો છે એવું સૂચવીને ત્રણ શબ્દો વપરાયા છે. આવાં લક્ષણો નથી એવા બીજા પ્રકારના બ્રહ્મમાંથી એકજ બ્રહ્મને ઓળખાવવા આ ત્રણ શબ્દો વાપર્યા છે. અર્થાત સત્યમ્ જ્ઞાનમ્ અને અનંતમ્ જે નથી, તેની સાથે બ્રહ્મને ગણીને સંભ્રણા કરશો નહિ. સમય, સ્થળ અને પદાર્થતત્વથી જે કંઈ સિમીત છે તે બધુ "જડ" છે. બ્રહ્મથી ભિન્ન એવો દેખાતો પદાર્થ છે. સત્યમ્ જ્ઞાનમ્ અને અનંતમ્ નાં લક્ષણો સત્ય બ્રહ્મને, તેના જેવી અને સમાન દ્રશ્યમાન વસ્તુઓમાંથી અલગ પાડી, સ્પષ્ટરૂપે બતાવી આપવામાં ત્રણે લક્ષણો સહાય થાય છે. ગમે તે રૂપ અમુક વસ્તુ નિશ્ચિત પામે છે, યદિ તે રૂપ પરિવર્તન પામતું નથી, તો તેને સત્યમ્ કહેવાય છે. જો તે રૂપમાં પરિવર્તન થાય તો તે અસત્યમ્ કહેવાય. અસત્યનું લક્ષણ છે રૂપાંતર - રૂપાંતરનો અભાવ એ છે લક્ષણ સત્યનું.

બ્રહ્મસત્ય છે. એટલે કે તેનું રૂપાંતર થતું નથી. તે નિત્ય છે. તેને કાળ અસર કરતો નથી, તે કાળાતીત છે. જે બ્રહ્મ નથી એવું બધું – અર્થાત્ જગત રૂપાંતર પામે છે. પરિવર્તનશીલ છે. બુદ્ધિની ત્રિવિધ પ્રક્રિયાનો આધીન જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય ત્રણેય વસ્તુઓ છે. તેથી બુદ્ધિને ગુહા કહેવાય છે. જે ગુહામાં આ ત્રિવિધ પ્રક્રિયાનો વાસ છે.

તૈતીરીયમાં બ્રહ્મ તેમજ આ ઉપનિષદમાં ધર્મના પણ વિસ્તૃત વર્ણન છે અને ત્રણે સ્વરૂપો છે. કામ્ય નૈમિતિક અને નિત્ય કર્મો કરતા રહેવાનું શાસ્ત્રોમાં ભાગ્યેજ આજ્ઞા આપેલી છે. કર્મો કરતા રહેવાની આવશ્યકતા નથી, કારણ મનુષ્ય પાસે કર્મો સહજ રીતે આવે છે આવાં કર્મોને પ્રેરનાર કામ છે અને મનુષ્યો તેથી વિવિધ ફળો પામે છે. ઇચ્છિત વસ્તુઓ નિશ્ચિતરૂપે પ્રાપ્ત થવા માટે શાસ્ત્રો આ સાહજીક કર્મ ક્રિયાઓને વાળવા માટે શિક્ષણ આપે છે.

શિક્ષણ અને ઉપદેશના કર્તવ્યમાં ચ્યૂત ન થવાય તે શિખવે છે ઉપનિષદ. ઉપનિષદ કહે છે કે સદાચાર અને સત્યમાંથી વિચલિત ન થાવ "સત્યમાંથી વિચલીત ન થાવ. ધર્મમાંથી કલ્યાણ અને શુભ કાર્યમાંથી, દેવતાઓ અને પિતૃઓ પ્રત્યેના કર્તવ્યમાંથી વિચલીત થવાય નહિ. તારી જનેતાને ભગવાનરૂપે ગણજે. જે કાર્યોમાં દોષ ન હોય તેવા કાર્યો આચરજે." ઉપનિષદ આવા ઉપદેશો આપણને આપે છે.

સાક્ષાત્કાર પામવા માટે શ્રવણ, મનન અને નિદિધ્યાસન આ ત્રણ પગથીયાં છે. શ્રવણુ વેદોનું, તે પણ ગુરૂ પાસેથી આદર અને શ્રદ્ધા સાથે કરી વેદો કંઠસ્થ કરો. અજ્ઞેયનું જ્ઞાન તેનાથી મળે છે. ભૃગુવલ્લીમાં મનન એ તપસ્યા છે એવું બતાવ્યું છે. મનનની પ્રક્રિયા દ્વારા આત્મ સ્વરૂપ બ્રહ્મને મનમાં કેન્દ્રિત કરવામાં આવે છે. નિદિધ્યાસન આવી રીત પ્રતિપાદિત અને સંસ્થાપીત સિદ્ધાન્ત પ્રત્યે એકાગ્રતા કેળવવામાં સહાયક બને છે. બ્રહ્મવલ્લી અને ભૃગુવલ્લી બંને વલ્લીઓમાં બ્રહ્મસાક્ષાત્કારની સિદ્ધિ માટેનાં શિસ્ત અર્થાત્ બ્રહ્મવિદ્યાનાં નિરૂપણ કર્યાં છે. બ્રહ્મવલ્લી એમ શીખવે છે અને ભૃગુવલ્લી અનુભવ દ્વારા સાબીત કરે છે.

વરૂણના પુત્ર ભૃગુ તેવું જ કહે છે કે અન્ન - પ્રાણ ઈંદ્રિયો મન અને વાક્ વિગેરે બ્રહ્મ છે. પરંતુ પુત્ર તરત જ સમજ્યો કે આ બધું બ્રહ્મ નથી. ત્યારે તેણે જાહેર કરી કહ્યું કે આ બધાં જેના વડે જન્મે છે - જેનાથી જીવે છે અને કાર્ય કરે છે તે બ્રહ્મ છે, પ્રથમ તેણે એવું માન્યું કે અન્ન બ્રહ્મ છે, કારણ કે સર્વ પ્રાણી અન્નથી ટકે છે. પરંતુ પાછળથી સમજાયું કે બ્રહ્મમાં તો ઘણું ઘણું સમાયું છે. તેણે સત્યનો સીધો આદેશ આપવા કહ્યું. બ્રહ્મનો સીધો ઉપદેશ માગ્યો.

ત્યાર પછી તેણે કહ્યું કે તપસ્યા બ્રહ્મ છે, કારણ કે તેના દ્વારા બ્રહ્મ અર્થાત્ સત્ય જાણી શકાય છે. તપસ્યા દ્વારા તેણે શોધી કાઢ્યું, કે વિજ્ઞાન બ્રહ્મ છે, કારણ વિજ્ઞાન તે છે જેમાં પ્રાણીઓ સર્જાય છે અને રહે છે.

આ પ્રમાણે ઘોષિત કરવામાં આવ્યું છે સર્વ શક્તિ સાધનોમાં, અભ્યાસના વિષયોમાં, બ્રહ્મ વિદ્યા સર્વોત્તમ પાવન પવિત્ર અને પરમ ગૂઢ છે. સમજુ વ્યક્તિએ પ્રતિજ્ઞા લેવી જોઇએ, કે અન્નનું અપમાન કે અનાદર કરવો નહિ. મૂળભૂત પ્રકાશતત્વો અન્ન છે. ભૌતિક શરીર અન્નની ભેટ છે - પ્રાણ માટે શરીર એક રથ છે માટે અન્નની અવહેલના કરશો નહિ. આવો નિર્ણય લેવો જ જોઇએ. જઠરમાં અગ્નિ સાથે જળનું મિલન ખોરાક બને છે. વરસાદથી વરસતા પાણીમાં વિજળીની અગ્નિ છૂપી હોય છે. તેથી જે કોઈ અમો જ્યોતિ જલના તેજોમય સ્વરૂપમાં સ્થિત થાય છે તેને અન્ન જ્યોતિનું જ્ઞાન થાય છે અને અન્નનો આદર કરવા સદાય પ્રેરાય છે. અન્ન એ ગુરૂ છે, કારણ કે તે બ્રહ્મજ્ઞાન તરફ દોરે છે. તેથી અન્ન પ્રત્યે તિરસ્કારનું વલણ ન રાખો. સાધકની આવી દ્રષ્ટિ રાખવી એ તેનું કર્તવ્ય છે. પ્રતિજ્ઞારૂપ છે.

ભૌતિક શરીર અન્નનું પરિવર્તિત સ્વરૂપ છે. તેથી તેને અન્નમય કોષ છે. મૂળવાયુ બીજું આચ્છાદન બને છે, તે છે પ્રાણાયામ. મનના અધિષ્ઠાનમાં સારું અને નરસું, ખરૂં અને ખોટું તેની તુલના તે કરે છે, આ મન છે. મનોમય કોષ, જ્યારે અમુક લક્ષ્ય રાખીને એક પગલું સ્થિરતાથી મૂકે છે, ત્યારે તે કાર્ય બને છે, વિજ્ઞાનકોષનું. તેની સિદ્ધિ પ્રાપ્તિનો જયારે આનંદ તેને મળે છે ત્યારે આનંદમય કોષનું કાર્ય ચાલે છે.

બ્રહમત્વની દ્રષ્ટિકોણથી આગળ વધતાં – અર્થાત્ તમે દેહ નથી પણ બ્રહ્મ છો વિ. ભાવથી આગળ વધતાં પ્રાણાયામ એ પ્રથમ સાધના છે. તે દેહથી સૂક્ષ્મ - ભિન્ન અને અલગ વસ્તુ છે. તે વાયુથી સંચાલિત અને વાયુથી તરબોળ રહે છે, સંપૂર્ણ અન્નમય કોષ ને તે વ્યાપે છે અને તેમાંજ સમાય છે. પ્રાણાયામ અન્નમયનો આત્મા છે એવું કહેવામાં વાંધો નથી, કારણ કે પગથી તે માથાં સુધી તેજ તે ક્રિયાકાર્ય કરાવે છે. પ્રાણ વિના તેનું અસ્તિત્વ રહેતું નથી. તે છે ઈચ્છાશક્તિ. તેનાં પાંચ વિવિધરૂપો છે. પ્રાણ - અપાન - યાન – ઉદાન અને સમાન. પ્રાણાયમ અન્નમયનો આત્મા છે એવું ચિંતન કરવાથી દેહ આત્મસ્વરૂપ છે તેવી કલ્પના ઉડી જશે અને સ્થૂળમાંથી તમે સૂક્ષ્મ તરફ ઉભા થશો- ઉર્ધ્વ જશો. પીગળેલી ધાતુ જેમ કુલડીમાં ભરાય છે તેવીજ ગતિ છે પ્રાણની પ્રયત્નોથી અભ્યાસથી પ્રાણામય કોષનો અનુભવ કરી શકાય છે.

શ્વાસસ્વરૂપ પ્રાણ દેખાય છે. પ્રાણથી માથું ક્રિયાશીલ થાય વ્યાનથી જમણી બાજુ, ઉદાનથી ડાબી બાજુ, સમાનથી મધ્યભાગ અને અપાનથી દેહના નીચેના ભાગો ક્રિયા કરે છે. હૃદયમાંથી પ્રાણ ગતીશીલ થાય છે, નાક, ચહેરા વગેરેના સ્નાયુ દ્વારા થઇને તે મસ્તકમાં પહોંચે છે, ત્યાંથી

તે દેહના વિવિધ સ્નાયુમાં વહેતો રહે છે. ત્યાં તેને વિવિધ નામો પડે છે અને નિશ્ચિત નામ અને નિશ્ચિત કાર્યો ત્યાં તે કરે છે. દાખલા તરીકે નાભિચક્રની આસપાસ ફરતો પ્રાણવાયુ સમાનવાયુ કહેવાય છે.

મનોમય કોષનું યજુર્વેદ મસ્તક છે. ઋગ્વેદ જમણી પાંખ, સામવેદ ડાબી પાંખ - બ્રહ્મન્ આત્મા છે. અથર્વવેદ પૂચ્છ છે. યાગોના કાર્યમાં યજુર્વેદના મંત્રોના ઉપયોગ બહુ થાય છે અને યજ્ઞાગ્નિમાં તે મંત્રો દ્વારા વિધિપૂર્વક અન્ન હોમવામાં આવે છે. તેથી યજુર્વેદને મસ્તક ગણવામાં આવે છે. યજુર્વેદના ધ્વનિ જે લહરિઓ પ્રસારે છે તે પાવન ધ્વનિલહારીઓ છે. બીજા વેદોને પણ વિશેષતાના લક્ષણો તે કારણથી જ આપવામાં આવે છે. આ પ્રમાણે તમામ મંત્રો માનસિક પરિવર્તનનાં કારણભુત છે. પરિણામે તેઓ આત્મપ્રકાશને ઝળહળાવે છે. આ પ્રમાણે વેદો અને તેના શબ્દોચ્ચારના રહસ્યો આત્મશાસ્ત્ર વિજ્ઞાન સ્વયંનાજ બનેલાં છે. તેથી વેદોનાં શાશ્વત મૂલ્યો છે અને શાશ્વત અસ્તિત્વો છે. દુષ્ટ તત્વોમાંથી અને માંદગી વિગેરેમાંથી રાહત મેળવવાની વિવિધ પ્રક્રિયાઓ અથર્વવેદમાંથી સાંપડે છે, તેથી તેને પૂચ્છરૂપે વર્ણવેલ છે.

આવી રીતે વર્ણન કરેલા કોષ વિજ્ઞાનમયમાં વિલીન થાય છે અને આગળ જતાં આનંદમયકોષમાં લય થાય છે અને આખરે સાધક તેનાથી પર જઈને શુદ્ધ સત્યના પ્રદેશમાં પ્રવેશ કરે છે.

# ૧૨
# બ્રહ્માનુભવ ઉપનિષદ

શ્રુતિઓ પ્રતિપાદન કરી પોકારે છે કે "એકમ્ એવ અદ્વિતિયમ્ બ્રહ્મ" (બ્રહ્મ કેવળ એક છે બીજો કોઈ નથી). અર્થાત્ બ્રહ્મ સિવાય બીજું કંઈજ નથી. સર્વ પરિસ્થિતિઓમાં, સર્વકાળમાં, સર્વસ્થળે એક્લા બ્રહ્મ છે. છાંદોગ્ય ઉપનિષદ તો કહે છે કે પ્રારંભમાં સત્ હતું બીજું કંઈજ ન હતું. માંડુક્ય તેને શાન્તમ્ શીવમ્ અદ્વૈતમ્ એવું નામ આપે છે. માત્ર વિકસિત અથવા પ્રગટ છે તેજ બે સ્વરૂપો દેખાય છે. જે દેખાય છે તે જુદુજ છે. તે બીજામાંથી બધામાંથી દ્રષ્ટામાંથી જુદુજ છે. તદ્દુપરાંત જે દેખાય છે, તે જોનારની પસંદગી અને નાપસંદગીનું જ સર્જન છે. આ દર્શન દ્રષ્ટાની કલ્પના, વિચારણા, આવેગો અને વલણોનીજ રચના છે. જ્યારે દિવો લાવવામાં આવે છે ત્યારે સર્પ અદ્રશ્ય થાય છે અને માત્ર દોરડું જ રહે છે અને તે દોરડા રૂપેજ સમજી જવાય છે. જયારે વિશ્વ બ્રહમજ્ઞાનના પ્રકાશમાં તપાસવામાં આવે છે, ત્યારે દ્વૈતનું જે ચિત્ર સર્વને આકર્ષણ કરે છે અથવા પ્રત્યાઘાત કરે છે તે કલ્પિત ચિત્રનો નાશ થાય છે.

આ દ્વૈત - બેપણું ભય પેદા કરનારૂ છે. જો એકજ પોતે જાતે જ શ્રોતા હોય, દર્શક હોય, કર્તા હોય, ભોક્તા હોય તો ભય રહેશે ક્યાંથી ? તમે નિદ્રાધીન હો તે સ્થિતિનો વિચાર કરો. તે વખતે બાહ્ય જગતનો અભાવ હોય છે. તમે એકલા જ તમારી સાથે હો છો. આ અવસ્થા છે એકમેવ અદ્વિતીયમ અવસ્થા. આવા એકનું ચિંતન અને તે એકનું આરાધન જે દ્વૈતત્વના અભાવવાળા અદ્વૈતમાં લઈ જાય છે તે વખતે આ અનુભવ થાય છે. તે અંતરસ્થ પ્રાણવાયુ સમાન છે. તે ચિત્ત છે સર્વ ચૈતન્યનું રહસ્ય, સર્વકાર્ય શક્તિ અને હલનચલનનું રહસ્ય આ ચિત્ છે.

સત્ ચિત્ આનંદ પરિપૂર્ણ અને નિત્ય આ પાંચ લક્ષણોથી બ્રહ્મનું વર્ણન થાય છે. આ લક્ષણોના જ્ઞાન દ્વારા બ્રહ્મ સમજી શકાય છે. સત્ ને કાળ વ્યાપતો નથી. ચિત્ તેને પ્રકાશીત કરી તેને ખુલ્લું કરે છે, તેમજ અન્ય સર્વને પણ પ્રકાશ આપી ખુલ્લાં કરે છે. આનંદ અત્યધીક ઈરછાશક્તિ ઉત્પન્ન કરે છે. પરિપૂર્ણ નિર્દોષ હોય છે, તેનો ક્ષય નથી, પતન નથી, પરાજય નથી. નિત્યમને સ્થળ – સમય અને પાર્થીવ બંધનો અસર કરતાં નથી.

બ્રહ્મજ્ઞાનની આ દ્રષ્ટિએ, વિશ્વ એક મૃગજળ છે. અશાશ્વત, અનિત્ય અને જ્ઞાન દ્વારા મિથ્યા છે, "જે વસ્તુઓ દેખાય છે, સંભળાય છે, વિગેરે" તેનું જ બીજુ નામ છે જગત પરંતુ તમો સર્વ – જીવો - દર્શકો તો સત્ ચિત્ અને આનંદ બ્રહ્મ છો એટલું યાદ રાખો. આ નિર્ણયમાં દ્રઢતાથી ચોટી રહો અને તેનું સર્વોત્તમ પ્રતિક ૐ છે તેનું ચિંતન કરતાં રહો. આ ક્ષણથી સાવધાન બનો અને સમજી લો કે તમે આત્મા છો. જ્યારે અજ્ઞાનની ઝાકળ ઉડી જશે ત્યારે પ્રત્યેકમાં રહેલો આત્મા તેના અસલ ઝગમગાટથી ચમકી ઉઠશે. પછી તમે સમજી શક્શો કે તમે રેતાળરણમાં મૃગજળની પાછળ દોડી રહ્યા હતા અને જે વસ્તુનો આદી હતો અને તેથી જેને અંત પણ છે, તેવી વસ્તુને તમે સાચી માની બેઠા હતા તેનું ભાન થશે.

જ્યારે કોઈ વ્યક્તિ વસ્તુના વિચાર કરે છે, તે ચાહે છે અથવા ધીક્કારે છે ત્યારે તેનું મન આસક્તિનાં બંધનમાં પડે છે. આવા આસક્તિના બંધનમાંથી મુક્ત થવા માટે, તેની ઇચ્છા નહિ રાખવા અગર તેનો અણગમો પણ નહિ રાખવા, મનને કેળવવું પડે છે. બંધન અને મુક્તિનું કારણ મન જ છે. જો રાજસવૃત્તિથી દબાય છે તો મન સહેલાઈથી બંધાય છે જો સાત્વિકવૃત્તિનું સામ્રાજ્ય છવાય છે તો તે મુક્તી મેળવે છે.

આ સ્થૂળ શરીર સાથે એકતા અનુભવે છે તે ઈંદ્રિયો દ્વારા સંપ્રાપ્ત થતાં સુખોની પાછળ આવેશભર્યો દોડે છે. ભૌતિક શરીર સાથે તન્મય એકત્વનું પરિણામ છે ઈચ્છા. એ તન્મયતા ત્યાગો, ઈચ્છા સ્વયં તમારો ત્યાગ કરશે. હર્ષ અને શોક તે સત્ય અને અસત્યની માફક ઉત્કર્ષ કરવાનાં છે. માનવની અંદર રહેલાં સહેજ વલણો પ્યાર અને તીરસ્કારના ભાવો છે, જેની સાથે તેઓ રહે છે. જે જીવન જીવે છે તેની તે મીલ્કત નથી. તેને જીવ અગર આત્મા સાથે કોઈ સંબંધ નથી. જીવનું આવશ્યક સત્ય છે આત્મા.

આત્મા સર્વદા શુદ્ધ છે, સર્વદા મૂક્ત છે, કારણ તેને આસક્ત થવા માટે બીજું કોઈ જ નથી. મુંડક ઉપનિષદના (૩-૧) મંત્રમાં કહેવું છે કે, એક વૃક્ષના માળામાં બે પંખીઓ તેની લાક્ષણિક અને સુક્ષ્મ પાંખોવાળાં બેસે છે (આ વૃક્ષ છે શરીર તેમાં જીવાત્મા અને પરમાત્મા બે પંખીઓ બીરાજ્યાં છે). એક પંખી ફળનો સ્વાદ લેવામાં ગુંથાઈ રહ્યું છે, (જીવાત્મા પિતાના કર્મોમાંથી મળતા હર્ષ અને શોકના અનુભવો અનુભવી રહેલ છે) બીજું પંખી માત્ર સાક્ષિ રૂપે જોયા કરે છે. (પરમાત્મા સૂક્ષ્માતીસૂક્ષ્મ છે અને તે કેવળ સાક્ષિ છે).

કફ અને લોહીરૂપથી ભરેલુ આ સ્થૂળ શરીર, શુદ્ધ સ્વયં પ્રકાશિત સદા સાક્ષી આત્મા શી રીતે બની શકે ? આ શરીર ખોરાકથી બન્યું છે - બંધાયુ છે, સદા તે પરિવર્તન શીલ છે. જન્મ પહેલાં તે નહતું અને મૃત્યુ પછી પણ તે નથી. કોઈપણ ક્ષણે તે વિનાશ પામે તેવું છે. કદાચ એક અગર બે અંગો વગર શરીર ટકી શકે પરંતુ મૂળ પ્રાણ વાયુના વહન બંધ થતાં, આ શરીર સડવા

માંડે છે - તેથી શરીરને જ સર્વ કાંઈ સંપૂર્ણ અંતીમ સ્વરૂપ અથવા પ્રધાન મહત્વનું માની લેવું નહિ.

તમારે જે યોગ આચરવાનો છે તે આ છે. તમારી જાતને તમામ નિશ્ચયો અને નિર્ણયોમાંથી મુક્ત રાખી તેવા નિર્ણયો કે નિશ્ચયો લાભમાં કે ગેરલાભમાં હોય છતાં તેમાંથી જાતે મૂક્ત રહી, કેવળ એક સાક્ષિરૂપે મનના આવેગોને તમે તપાસો, તમારા મનને અને મનની મુસાફરીને સંયમમાં રાખો. પરમાત્માના વિધાનોમાં પ્રત્યેક પગલે સંમિલિત થઈ, જીવાત્માનો સમાંતર વિકાસ એનું નામ છે યોગ. જીવાત્માનું પરમાત્મામાં વિલીનીકરણ એ છે ધ્યેય પછી તમારા શોકની સમાપ્તિ થશે. જે શ્રદ્ધા સાથે દ્રઢતાપૂર્વક યોગ ગ્રહણ કરે છે અને અચલ અનાસક્તિથી જે યોગમાર્ગે વધે છે તેને નિશ્ચિત વિજય મળે છે.

સત્ ચિત્ અને આનંદમાં ચિત્ એ વિજ્ઞાન છે. આ છે પરમજ્ઞાન જે દ્વારા સમતા સ્થૈર્ય અને શુદ્ધિ સંપ્રાપ્ત થાય છે. વસ્તુતઃ તેજ છે આત્મજ્ઞાન. આવા આત્મજ્ઞાનનો અનુભવ સર્વ કોઈ કરી શકે તેમ છે. સામાન્ય સમજમાં વિજ્ઞાનનો અર્થ સામાન્ય સાયન્સ કરવામાં આવે છે, પરંતુ વિજ્ઞાન એ છે ઉચ્ચતર જ્ઞાન આવા સ્વ - રૂપને કર્મમાંથી છાપો પડતી નથી અગરતો કર્મને પ્રેરણા કરનારી કોઈ ઈચ્છાઓ પણ થવાની શક્યતા નથી. ઈચ્છાઓથી મન મલીન થાય છે. ઈચ્છાઓ કર્મ કરવા પ્રેરે છે અને કર્મ મન ઉપર વાસનાનો જખમ લગાડી દે છે. તમો તમારી સાથે અસંગ બની જાવ પછી જ મનનો નિરોધ થશે - મન રહેશે નહિ. આ કારણથી જ યોગીઓ ગુફાઓમાં જઇને છુપાય છે. વાસનાઓ અને છાપો બે પ્રકારની હોય છે – શુદ્ધ વાસનાઓ અને અશુદ્ધ વાસનાઓ. શુદ્ધ વાસના મૂક્તિ માર્ગ માં સહાયક બને છે. જપ, ધ્યાન, સત્કર્મ, દાન, ન્યાય, નિષ્કામ સેવા, શ્રદ્ધા, દયા - આ તમામ શુદ્ધ છે, કલ્યાણકારી છે. અશુદ્ધ વાસનાઓ - વલણો છે ક્રોધ, ક્રૂરતા, લોભ, વિષયાશક્તિ : હું પણું. આ તમામ અશુદ્ધ વાસનાઓને શુદ્ધ વાસનાઓથી હટાવી નાંખવાની છે અને જેવી રીતે બીજા કાંટા વડે, પગમાં વાગેલો કાંટો ખોતરી કાઢીએ છીએ અને પછી બંને કાંટા ફેંકી દઈએ છીએ, તેવી રીતે અશુધ્ધ વાસનાઓ હટાવવા, શુદ્ધ વાસનાઓ વાપરી છેવટે શુદ્ધ વાસનાઓ પણ છોડી દેવાની છે. આસક્તિનું પરિણામ છે શુભ વાસનાઓ. એથી એવી વાસનાઓ વધુ આસક્તિ પેદા કરે છે, જે ઘણા જન્મો સુધી વળગેલી જ રહે છે. જીવનમુક્ત મહાત્માઓએ પણ શુભ વાસનાઓ પર વિજય મેળવવો જ પડે છે. તેવાઓને આ વાસનાઓ એક બળેલા દોરડા જેવી જ હોય છે. બળેલું દોરડું જેમ બાંધી શકાતું નથી તેવી રીતે આ વાસનાઓ બાંધી શકાતી નથી, વિષયાસક્તિ, ઈચ્છાઓ, લોભ વિગેરેનો સમસ્ત સમૂહ, આત્મદર્શન થાય છે તે જ ક્ષણે ખરેખર તો બળીને ખાખ થઈ જાય છે. તેને કોઈપણ વસ્તુ કે વ્યકિતનું આકર્ષણનું વલણ રહેતું નથી. તેમજ કોઈ આસક્તિ રહેતી નથી. જ્યાં સૂર્યનો અસ્ત થાય છે ત્યાં તે વિસામો લેવા વિરાજે છે. આવા મહાત્માઓ માનવ સમાજમાં વિચરે છે. પણ

અજાણ્યા અને ઓળખાય નહિ તેવા – ઓળખાણ કરવા પણ ચાહતા નથી, એટલું જ નહિ, ઓળખાણ ન થાય તે માટે સાવધાન બનીને વિચરે છે.

જ્યારે દ્રષ્ટા અને દ્રષ્ય એક થાય છે ત્યારે તૂરીયાવસ્થાનો, ચોથા પ્રકારના અનુભવની અનુભૂતી થાય છે. તેની પછીથી આત્માને નિશ્ચય રૂપે પહોંચી શકાય છે. આત્મા અને તેની સત્યતા પર સતત ચિંતન કરવાથી વિશ્વમાં રહેલી આસક્તિ ઓગળી જશે. આ સાધના અખંડ થવી જોઈએ. સાધકે તેનાં તમામ સાધનોથી તેના મનને જગતના વહેવારોમાંથી અને ઇંદ્રિયોને ફસાવનારી વસ્તુઓમાંથી પાછું વાળવું જોઈએ.

તામસિક ભાવનાના નિર્ણયોથી દુ:ખ મળે છે. સાત્વિક સંકલ્પોથી ધર્મને પોષણ મળે છે. વ્યક્તિ અને સમષ્ટિના પોષણમાં સહાય થાય છે. રાજસ સંકલ્પો જગતના પૂરમાં ડૂબાડી દે છે. આ ત્રણેનો ત્યાગ કરો ત્યારે તમે બ્રહ્મજ્ઞાનનું ગૌરવ મેળવવા અધિકારી બનશો.

બ્રહ્મ અપાર ઉડું ગહન છે. આપણા ક્ષુદ્ર મનથી તેને કેવી રીતે માપી શકાય ? શી રીતે કલ્પી શકાય ? બ્રહ્મ અપ્રમેય છે. કોઈ પણ સંજ્ઞાથી વર્ણન થઈ શકે નહિ તેવું છે. બ્રહ્મ અપરિછિન્ન છે. સીમા રહિત છે. તે છે અવ્યાપ્યદેશ - અનિર્દેશ્ય ઈંદ્રિયો દ્વારા બ્રહ્મનું ગ્રહણ કરવું એ અશકય છે.

વેદાન્તમાં બ્રહ્મનું વર્ણન “ન - ઇતિ, ન - ઇતિ” તે હું છું એવું કથન છે. મારી હૃદયગુહા વસેલા એજ મારૂં સત્ય સ્વરૂપ છે. સાધકો જેને જાણવા મથે છે અને પામવા વિજયી બને છે તે બ્રહ્મ હું છું. શરીર, મન, પ્રાણ અને ભેજું આ તમામને હટાવી દીધા પછી જે અવશેષ રહે છે તેનું નામ છે બ્રહ્મ. આવી નકારાત્મક પ્રક્રિયા દ્વારા આ બ્રહ્મનો નિર્ણય થાય છે. આવી નકારાત્મક પ્રક્રિયા દ્વારા જ “તેથી આ દેવદત્ત છે” નું સત્યનું "જાગ્રતા જાગ્રત” ના આ સિદ્ધાન્તથી “તત્વમસિ” - તે તૂં છે નું સત્યનું પ્રતિપાદન કરવામાં આવે છે. જયારે જીવને સંતાડતો પડદો દૂર થાય છે, ત્યારે જીવ પરમાત્મા અથવા પરબ્રહ્મ સ્વરૂપે ખુલ્લો થાય છે.

હું આ સત્યની વાતો કરું છું - જે છે સત્ - ચિત્ આનંદ તેને શરીરની ઓળખ માટે વાપરવું તે કેવળ અજ્ઞાન છે. આ અજ્ઞાન અને આવી ખોટી ઓળખ સતત હર્ષ અને શોકના પ્રકરણોનાં કારણો છે. તેથી “હું" શબ્દનો પ્રયોગ ખૂબ જ વિવેકદ્રષ્ટિથી માત્ર તમારા બ્રહ્મસ્વરૂપ માટે જ કરજો. તેનાથી તમોને આત્મજ્ઞાન પ્રાપ્ત થશે.

તમારા સત્યસ્વરૂપ આત્માનો અનુભવ કરવા માટે ઈંદ્રિયોનો સંયમ, દેહશક્તિનો નાશ અને સત્ય આ ત્રણેય આવશ્યક છે. બ્રહ્મ બુધ્ધિદાતા બ્રહસ્પતિ છે, મનના પણ મન, આંખોની પણ

આંખ, કાનના પણ કાન, સર્વના પ્રકાશક - સ્વયં પ્રકાશરૂપ છે. તેનું ઝળહળતું ઓજસ એ પ્રકાશ છે, જેમાંથી સર્વ કાંઈ પ્રકાશ પામે છે, મૂળ આધાર અને પોષક બ્રહ્મ છે. મનમાં તે ડહાપણરૂપે છે. મન અને બુદ્ધિ ઇંદ્રિયોને વ્યાપેલી હોય છે. બ્રહ્મ સિવાય મન તથા બુદ્ધિ કંઇ કરવા સમર્થ નથી. તેઓ બ્રહ્મમાંથી જન્મે છે અને બ્રહ્મમાંજ વીલીન થાય છે. જેવી રીતે ઘાસ પૃથ્વીમાં ઊગે છે અને પૃથ્વીનો ભાગ બની જાય છે તેવી રીતે તેનો બ્રહ્મમાં જ પ્રાકટ્ય અને લય છે. આગમાં તપાવેલું લોખંડ લાલ થાય છે અને જ્યારે ઠંડુ પડે છે ત્યારે પાછું કાળું થઈ જાય છે. તેવી જ રીતે જ્ઞાનસ્વરૂપ પરબ્રહ્મનું ચિંતન કરતાં કરતાં બુદ્ધિ પણ જ્ઞાનથી દીપ્તિમાન થાય છે.

જેવી રીતે ગર્ભમાં બાળક પુરાય છે તેવી રીતે ઈશ્વર સર્વત્ર પુરાયા છે. કેટલાક લોકો એવું કહે છે કે જો તેઓ જોઈ શકે અથવા ચમત્કાર બતાવે એને જ તેઓ ભગવાનમાં માનશે. દુન્યવી માનસના માનવોની આવી સામાન્ય દલિલ હોય છે. પરંતુ આપણાં સ્થૂળ નેત્રો દ્વારા સૂક્ષ્મથી પણ સૂક્ષ્મતમ એવા પરમાત્માને જોવા એ સહેલું નથી. તે માટે તમારે મહાશક્તિશાળી મોટું દૂરબીન વાપરવાની કલા પ્રાપ્ત કરવી પડશે. તેને જોવા માટે જ્ઞાનચક્ષુ અથવા પ્રેમચક્ષુની જરૂર હોય છે. જ્ઞાનનેત્ર યા પ્રેમનેત્ર દ્વારા ભગવાનનાં દર્શન થાય છે. તમને જે દુ:ખ થાય છે અથવા મીઠાશ લાગે છે તે “દુ:ખ” અથવા સ્વાદ ‘મીઠાશ' તમે દેખાડી શકશો ? તેવી જ રીતે પ્રેમ - દયા, કરૂણા, સદગુણ - શ્રદ્ધા જેવી વસ્તુઓ અદ્રશ્ય હોઈ નેત્રો જોઈ શકે નહિ. કારણ, તે નેત્રથી પર છે.

પરંતુ મનુષ્યના શબ્દો, કર્મો અને વર્તન દ્વારા આપણે અનુમાન કરીએ છીએ કે તે મનુષ્યના હૃદયમાં પ્રેમ છે. તેવી જ રીતે વ્યક્તિ બ્રહ્મવિદ્ છે કે કેમ તે જાણી શકાય છે, તેના સત્ય સ્વરૂપમાં તે કેટલો સ્થીર થયો છે કેવળ તે હજી સત્ય સ્વરૂપનાં પ્રદર્શન જ કરે છે, કે શરૂઆતની સાધના છે કે ધીમે ધીમે પ્રગતિ કરે છે, કે દ્રઢ થયો છે તે જાણી શકાય છે. તેનું દિવ્ય જ્ઞાન, દિવ્ય ખજાનો, પ્રકૃતિ સાથેની એકતા, આવા લક્ષણો દ્વારા બ્રહ્મ વિદ ઓળખી શકાય અને પકડાઈ જાય, તેથી જ્ઞાનચક્ષુ અથવા પ્રેમચક્ષુ પ્રાપ્ત કરવા પ્રચાર કરો.

જેવી રીતે શેરડીમાં ખાંડ રહેલી છે, અથવા મીઠાશ ખાંડમાં રહી છે તેવી રીતે પરમાત્મા સૃષ્ટિના પ્રત્યેક સર્જનમાં વ્યાપેલા છે. પ્રત્યેક પ્રાણીના અંતરના ગર્ભમાં તે છે. તેને કોઈ રૂપ નથી. આત્મા અતનું છે - દેહરહીત છે. તે અંદર વસેલો પુરૂષ છે. દેહાશક્તિ દૂર કરવાથી જ, મન અને બુદ્ધિને શુદ્ધ કરવાથી, તમે તમારા સત્યમાં વિલીન થઈ શકો અને વિશુદ્ધજ્ઞાન, સર્વોત્કૃષ્ટ પ્રશાંતી અને અમર સુખ પામી શકો. જન્મ - મરણના બંધનમાંથી આ પ્રકારે જ મનુષ્ય મુક્તિ મેળવી શકે છે.

દેહ શબ્દનો અર્થ છે શરીર, એ શબ્દનું મૂળ છે દહ, દહ એટલે બળેલું. તેથી દેહ એટલે તે શરીર જેને બાળવાનું છે. પરંતુ જ્ઞાનીને ત્રણ શરીર હોય છે. સ્થૂળ - સૂક્ષ્મ અને કારણ શરીર. તો

પછી જે બાળવામાં આવે છે તે કયું શરીર ? આધિભૌતિક, આધિદૈવીક અને આધ્યાત્મિક ઈંધન, જેને તાપમય કહેવામાં આવે છે. જેને હૃદયકાષ્ટ કહેવાય છે, તે તાપમય ઈંધન, આ ત્રણેય શરીરોને અગ્નિ કરતાં વધારે જલદી અને સંપૂર્ણ રીતે બાળીને ખાખ કરી નાખે છે. ગમે તેટલો વિદ્વાન કોઈપણ હોય, પણ જો તે દેહાસક્ત હોય તો તેને મૂર્ખ જ ગણવો જોઈએ તેથી ઉલટ જે વ્યક્તિ સત્ ચિત્ અને આનંદ છે, એવો દ્રઢ વિશ્વાસ રાખે છે, તે દિવ્યતામાં સ્વયં પરિણિત થાય છે. રૂધિરમાંસના આ સ્થૂળ દેહ સાથે જીવને ઓળખાવશો નહિ. જીવને સુક્ષ્મશરીર અથવા કારણશરીર સાથે પણ ઓળખાવશો નહિ. આત્માને કેવળ પરમાત્મા એકલાની સાથે જ ઓળખાવજો. તો જ કાયમની શાંતિ પામી શકશો, હર્ષ અને શોક, સારૂં અને નરસું આ દ્વંદ્વો મનોરાજ્યની માલકીના છે. તેની સાથે તમને કોઈ સંબંધ નથી. તમે કર્મોના કર્તા નથી - તેના ફળોના ભોક્તા નથી.

સદગુણ એ ધર્મ છે. અવગુણ એ અધર્મ છે. આ મનના સંતાનો છે. આ છે હૃદયને બાંધનારાં દોરડાંઓ. જ્યારે મનુષ્ય ઉચ્ચતર સત્યનો અનુભવ કરે છે, ત્યારે તે બંનેમાંથી મૂક્ત થાય છે અને સત્યદર્શન પામે છે. જેવી રીતે રેશમનો કીડો તેની આસપાસ વણાતા રેશમ કોકડુંના તારના કોકડામાં સ્વયં ગુચાઈને કેદ થાય છે, તેવી જ રીતે મનુષ્યો તેની ઈચ્છાઓનું કોકડું પોતાની આસપાસ વણે છે અને પરિણામે સહન કરે છે.

આત્મા સર્વદા ગુંચવણથી પર છે. તે અસંસારી છે. પ્રવાહના પરિવર્તનથી બંધાયેલો નથી. વિશુદ્ધતા સંપૂર્ણતા,  આનંદ, જ્ઞાન આ આત્માનો સ્વભાવ છે. જ્યાં અહમ્ છે, ત્યાં બંધન રહે છે. જ્યાં "હું" નથી ત્યાં મુક્તિના સુરાજ્ય છે. “હું” એજ સાચી સાંકળ છે.

આત્મજ્ઞાનનાં શોધકોના માર્ગમાં ત્રણ અવરોધો રહેલા છે. આ છે ભૂતકાળના, વર્તમાનકાળના અને ભવિષ્યકાળના અવરોધો આ તમામ અવરોધો પર વિજય મેળવવો જોઈએ. જીવનમુક્ત મહાત્માઓને આ અવરોધો માટે કોઈ ચિંતા હોતી નથી. તેવાઓ દ્રષ્ટા, દ્રશ્ય અને દર્શનના ત્રણ ભેદોથી પર થયા હોય છે. તેઓ જાણે છે કે આ કૃત્રિમ છે. મનના કલ્પેલા ભેદો છે - આ ત્રિપુટીની ત્રિવર્ગી ભ્રમણા એકવાર તમે જીતી લો, પછી તમે સર્વ વસ્તુઓમાં અને સર્વ કાળમાં બ્રહ્મનો અનુભવ કરશો.